16.05 The Vedic Dimensional Coordination System envisage the controlling dimensions of spatial planning, periphery of building and all building components such as door-sets, columns, roof elements etc were in simple multiple of one basic dimensional unit- PADA or sub-division increment of Vastu Mandala of 64 or 81 Padas.


16.06 The diagonal width of 81Pada Vastupurush Mandal on scale, 1:100 the dimension is nearly mean value of equatorial diameter of the Earth.

16.07 It will not be out of place to mention that our sages had vision to control the dimensions rhythmically by Aaydi Vargas and Mandal Vinyas, starting from town plan, plot sizes, road widths etc to the spaces, components, horizontal and vertical, and building periphery in terms of human dimensions. For example, basic dimensions of plots are multiple of 2 or 3 Hands

16.08 Aaydi and Vinyas Systems of dimensioning, which controls, co-ordinates and organizes the dimensions of building to harmonize the spatial planning in three dimensions.

16.09 Vastu Vinyas Systems, the maximum building size of 108 hands has one unit of 12 hands, is minimum size. [12x 9=108] This is equivalent to three times of Basic Vastupurush.[4x3] This means, multiple of three, present concept of Modular Co-ordinaton System is concurrent with the **Vedic Dimensional Coordination system.**

ETI SHUBHAM



Vedic Dimensional Coordination System

Annexure -1

COMPARATIVE STATEMENT OF AYADISHAD VARGA MATRIX

Varga	MANSARA	APARAJITA	KSHIRA	MAYAMATA	RAJAVA	OTHER
Aaya	(Lx 8) / 12	(L x B) / 8	(L x B) / 8	(L+ B) x 8/12	(L x B) /8	(P x 8)/8
Vyaya	(BX9) /10	(NAKSH)/8	(NAKSH)/8	(L+B) X9 / 10	(NAKSH)/8	(PX3)/14
Ruksha	(LX8) /27	(LXBX8)/27	(LXB) / 27	(L+B) X8 /27	(LXBX8)/27	(PX8)/27
Yoni	(BX3) /8			(L+B) X3 /8	Rasi based	
Vara	(CX9) /7#		AreaX11/7			(PX8)/7
Tithi	(CX9) /30		(LagX8)/15	(L+B) X8 /30		(PX8)/30
Rasi		NX135 /60	NX60 /135		Nakstra base	

REMAINDER IS AYADISHAD VARGA.

Amsa, Tara, Adhipatya, Ayu, Mrityu, Utpatti, and Langa etc are also not covered by all texts.

Annexure 2

STATEMENT OF BUILDING PROPORTIONS

	Occupant		Width in Hands			*	Units	Ratio	
01	RAJA	108	100	94	84	76	8	2.00	1.250
02	YUVARAJ	80	74	68	62	56	6	1.50	1.333
03	SENAPATI	64	58	52	46	40	6	1.50	1.166
04	SACHIV	60	56	52	48	44	4	1.00	1.414
04	SAMANT	48	44	40	36	32	4	1.00	1.166
05	PUROHIT	40	36	32	28	24	4	1.00	1.166
06	PRADHAN#	32	28	24	20	16	4	1.00	1.250
07	KSHATRIYA	28	24	20	16		4	1.00	1.200
08	VAISHYA	24	20				4	1.00	1.220
09	CHANDAL	20	16				4	1.00	1.175
10	SHUDRA	20	16				4	1.00	1.250
11	ANUJA	40	37	34	31	28	3	0.75	1.330
12	BRAHMIN+	32	30	28	26	24	2	0.50	1.220
13	KSHATRIYA+	30	28	26	24		2	0.50	1.125
14	PATARANI	30	28	26	24	22	2	0.50	1.125
15	VAISHYA	28	26	24			2	0.50	1.166
16	KANCHAKI	28	26	24	22	20	2	0.50	1.340
17	SHUDRA+	26	24				2	0.50	1.100
18	ADHIKARI	20	18	16	14	12	2	0.50	1.750

+ Govt. Employee # Brahmins. * Increments in hands 4 HANDS= ONE UNIT

The width increment varies from 0.50 to 2.00 units. In case of Anuja only 0.75 units.

The width and depth ratio varies from 1.1 to 1.4, only Adhikari has maximum of 1.75.

WIDTH AND NUMBER OF STOREYS

MATRIX 01

Values expressed in Hands-Cubits

Storeys		Start	Increment	Widths	Up to
One		03	2	3,5,7,9	
One NR		04	2	4,6,8,10	
Two		05	2	5,7,9,11,13,15	
Two NR		06	2	6,8,10,12,14,16	
Three		07	2	7,9,11,13,15	
Three NR		08	2	8,10,12,14,16	
Four & Five		09	2	9,11,13,15,17	
do- NR		10	2	10,12,14,16,18	
Four-	Five	13	2	13,15,17,19,21	65
	Six	14	2	14,16,18,20,22	64
	Seven	17	2	17,19,21,23,25	69
	Eight	18	2	18,20,22,24,26	70
	Nine	17	2	17,19,21,23,25	95
	Ten	18	2	18,20,22,24,26	96
	Eleven	23	3	23,26,29,32,35	101
	Twelve	24	3	24,27,30,33,36	102
Five-Twelve		09	2	09,11,13,15,17	55
		10	2	10,12,14,16,18	56

Notes:

- Twelve, Thirteen and Sixteen Storeyed building width is 36, 42 and 50 Hands.
- Height of building is in five ratios of width 10/7, 9/6, 8/5, 7/4 and 6/3.
- Residential building width is in odd and non-residential building in even numbers.
- Values divisible by 3 may be selected for spatial planning for all types of buildings.

NR Non- Residential buildings.

REFERENCES

[01] Raja Vallabha, Gujarati translation by Narayan Bharati, Mahadev Jugte, Ahmedabad, 1924

[02] Manasara-Vastu Sastra, Dr Prasnna Kumar, Hindi translation Brij Mohan Lal, Institute of Engineers, Calcutta,1955

[03] Vastu Sastra Vol-1 Hindu Science of Architecture, D.N.Sukla, Vastu-Vanmaya- Prakashan- Sala, Lucknow, 1960

[04] Aparajita Prccha, A Critical Study, Lal Mani Dube, Lakshmi Publications, Allahabad, 1987

[05] Roving Seminar- Modular Coordination & Prefbrication, M.M. Mistry, National Buildings Organisation, 1990

[06] A Study on Indian Body Dimensions for Home Interiors & Furniture Design-A Project Repot, Sponsored by N.B.O. NID Publication, Ahmedabad, 1994

[07] Mayamatam-Treatise of Housing, Architecture and Iconography, Bruno dagens, Indira Gandhi National Center for the Arts New Delhi & Motilal Banarasi Das Publishers New Delhi, 1994

[08] Architecture- Form, Space, and Order, Francis D.K. Ching, Van Nostrand Reinhold, NewYork NY10003, 1996

[09] A Text Book of Vastu Vidya, Bala Gopal T.S. Prabhu & Achyuthan, Vastu Vidya Pratisthan, Calicut, 1996

[10] Design in Vastuvidya, Bala Gopal T.S. Prabhu & Achyuthan, Vastu Vidya Pratisthan, Calicut, 1997

[11] Vedic Sprit of Architecture, Prof. H.D. Chhaya, Article, Arch+Design, Bombay, Sept-oct.1998

[12] Vastu Saukhyam, Sh Todarmalla, Edited by Achrya Sri Kamal Kanta, Sampurnanad Sanskrit University, Varanasi, 1999

[13] Viswakarmas, Dr. V. Ganapati Sthapti, Dakshina Publishing House, Chinnai, 2000

[14] Vastu Vidya, Juliet Pegrum, Gaia Books Limited, London, 2000

[15] Sthptya Ved- Vastu Sastra, Edited by Nilketan Anand Gaur, New Age Books New Delhi,2002


PAURAN - KARM - DARPAN

शांति प्रकरण – वास्तुशांति

Sonal Patel
M.A., M.Ed. (Gold Medalist)
The M.S.University Baroda.
Guide : Late Shri Arunoday Jani (May 1995)
Ex. Director Oriental Institute, The M.S.University Baroda.

Attain to the goal of absolute vacuity;
Keep to the state of perfect peace.
All things come into existence,
And thence we see them return.
Look at the things that have been flourishing;
Each goes back to its origin.
Going back to the orgin is called peace;
It means reversion to destiny.

- TAO - TE - CHING



वास्तुपदमंडळ

भीमरूपः ७१
ईशानः ६१
चरकी ४६

आपः ७२
ब्रह्मा: ६२
हेतुकः ६४
इन्द्रः ५४
स्कन्दः ५०

त्रिपुरान्तकः ६६
अग्निः ६५
विदारी ४७

शिखी १४	पर्जन्यः १५	जयन्तः १६	महेन्द्रः १७	सूर्यः १८	सत्यः १९	भृशः २०	आकाशः २१	वायुः २२
दितिः ४५	आपः १०						सावित्रः ११	पूषा २३
४४ अदितिः		आप वत्सः ९		अर्यमा २		सविता ३	वितथः २४	
४३ सर्पः		पृथ्वी				वि	गृहक्षतः २५	
४२ सोमः		धरः ८		१ ब्रह्मा		वस्वान्	यमः २६	
४१ भल्लाटः		८				४	गन्धर्वः २७	
४० मुख्यः		राजयक्ष्मा ७		मित्रः ६		विबुधाधिपः ५	भृंगराजः २८	
अहिः २९	रुद्रः १३	शोषः	असुरः	वरुणः	पुष्पदन्तः	सुग्रीवः	जयः १२	मृगः २९
रोगः ३८	पापम् ३७	३६	३५	३४	३३	३२	दौवारिकः ३१	पितरः ३०

एकपदः ७०
कुबेरः ६०
पिलिपिच्छः ५३

अर्यमा ५१
यमः ५६
अग्निवैतालः ६६

पापराक्षसी ४९
वायुः ५९
करालः ६९

जृम्भकः ५२
वरुणः ५८
महाकालः ६८
अनन्तः ६३
क्षितिरूपः ७३

पूतना ४८
निर्ऋतिः ५७
अग्निजिह्व ६७

• पौराण कर्म दर्पण (शांति प्रकरण -वास्तुशांति) (અંક પ્રમાણે દેવતાઓ વાસ્તુમંડળમાં દર્શાવેલ છે.)

(१) ब्रह्मा :

आवाहयामि देवेशं ब्रह्ममूर्तिं पितामहम् ।
पुस्तकं चाक्षसूत्रं च सुचिहस्तं कमण्डलुम् ॥
हंसपृष्ठसमारूढ ! देवतागणवन्दित !
आगच्छ भगवन् ! ब्रह्मन् ! वास्तुमध्ये स्थिरो भव ॥

દેવેશ, બ્રહ્મમૂર્તિ પિતામહ બ્રહ્મા જેમના હાથમાં માળા, પુસ્તક, સુચિ અને કમંડળ છે, તેમનું હું આવાહન કરું છું. હંસની પીઠપર બેઠેલા, દેવોના સમૂહથી વંદાતા, હે બ્રહ્મા પધારો. હે ભગવાન વાસ્તુ (મંડળ)ની વચ્ચે સ્થિર થાવ.

(२) अर्यमा :

आवाहयाम्यर्यमणम् अहं देवं सुरेश्वरम ।
नीलाम्बुज-समाभासं तेजोराशिं जगत्पतिम् ॥
आगच्छ अर्यमन् ! देव ! पूजये वास्तुमण्डले ।
हृष्टतुष्ट ! सदा·नित्यं समस्तपितृपावन ! ।
पितृप्रियाय देवाय अर्यम्णे ते नमोनमः ॥

હું સુરેશ્વર દેવ નીલકમલ જેવી કાંતિવાળા તેજોરાશિ, જગત્પતિ અર્યમાનું આવાહન કરું છુ. સદાહષ્ટપુષ્ટ, તમામ પિતૃઓને પાવન કરનાર હે અર્યમા દેવ પધારો. હું વાસ્તુમંડળમાં આપનું પૂજન કરું છું. પિતૃઓને પ્રિય એવા અર્યમાદેવને નમસ્કાર.

(३) सविता (सूर्य) :

आवाहयाम्यहं देवं सप्ताश्व-रथ-संयुतम् ।
भू-चक्र-द्योतिनं नित्यं विश्वरूप ! नमोऽस्तु ते ।
आगच्छ सवितर् ! देव ! पूजये वह्नि गोचरे ॥

સાત ઘોડાથી જોડાયેલા રથવાળા, ભૂમિચક્રને પ્રકાશનારા (સૂર્યનું આવાહન કરું છું.) હે વિશ્વરૂપ, તમને નમસ્કાર હજો ! હે સવિતર્દેવ, આપ અગ્નિખુણામાં પધારો હું આપનું પૂજન કરું છું.

(४) विवस्वान् (सूर्य) :

आवाहयामि देवेशं विवस्वन्तं प्रभाकरम् ।
क्रूराय क्रूररूपाय नमस्तेऽस्तु विवस्वते ।
विवस्वन् समागच्छ पूजये दक्षिणादिशि ।

પ્રકાશ કરનારા, દેવોનાં ઈશ્વર વિવસ્વત્ ભગવાનનું હું આવાહન કરું છું. ક્રૂર, ક્રૂર રૂપવાળા વિવસ્વત્ ભગવાનને નમસ્કાર હજો ! હે વિવસ્વત્ ભગવાન, આપ પધારો. દક્ષિણ દિશામાં હું આપનું પૂજન કરું છું.

(५) विबुधाधिप :

आवाहयाम्यहं देवं विबुधाधिपतिं प्रभुम् ।
चतुर्दन्तगजारूढं हिमाद्रि-शिखरोदयम् ॥

ચાર દંતૂશળવાળા, હાથી ઉપર બેઠેલા, હિમાદ્રિ પર્વત ઉપર પ્રગટ થનારા, દેવોના અધિપતિ (ઇન્દ્ર) દેવનું હું આવાહન કરું છું.

(६) मित्र :

सदा मित्रमयं देव दृश्यं ते च मनोरमम् ।
विश्वरूपाय देवाय मित्राय च नमोनमः ।
आगच्छ मित्रदेव त्वं वास्तुनाथस्य पश्चिमे ।

હે દેવ તારું દર્શન હંમેશા મિત્રમય અને મનોરમ છે. વિશ્વરૂપ એવા મિત્રદેવને નમસ્કાર. હે મિત્રદેવ, તમે આવો. વાસ્તુનાથની પશ્ચિમમાં હે મિત્રદેવ ! આપ પધારો.

(७) राजयक्ष्मा :

आवाहयाम्यहं राजयक्ष्माणं रोगनन्दनम् ।
त्रिशिरस्कं महाघोरं नागयज्ञोपवीतिनम् ॥
इहागच्छ गृहाण त्वं पूजये वायव्यां दिशि ।

રોગના પુત્ર, ત્રણ મસ્તકવાળા, મહાઘોર અને નાગની જનોઈવાળા રાજ્યક્ષ્માનું હું આવાહન કરું છું. (હે દેવ !) આપ અહીં પધારો અને (પૂજા) ગ્રહણ કરો. વાયવ્ય દિશામાં હું આપનું પૂજન કરું છું.

(८) पृथ्वीधर :

आवाहयाम्हं देवं पृथ्वीधरम् अतीन्द्रियम् ।
शङ्खचक्रगदापद्मै-रलंकृतचतुर्भुजम् ॥
आगच्छ भगवन् देव उत्तरे पृथिवीपते ।

અતિન્દ્રિય, પૃથ્વીને ધારણ કરનાર, શંખ, ચક્ર, ગદા ને પદ્મથી જેમનાં ચાર હાથ અલંકૃત છે એવા દેવનું હું આવાહન કરું છું. હે ભગવન્ પૃથ્વીપતિ દેવ ! આપ ઉત્તરમાં પધારો.

(९) आपवत्स :

आवाहयाम्यहं देवमापवत्सं महावलम् ।
मयूरवाहनं रौद्रं नानाभूषणभूषितम् ।
आगच्छ आपवत्स त्वं वास्तुपीठमलंकुरु ।

અત્યંત બળવાળા, મોરનાં વાહનવાળા, રૌદ્ર અને જાતજાતનાં આભૂષણથી શોભતા આપવત્સ દેવનું હું આવાહન કરું છું. હે આપવત્સ! તમે (ઇશાનમાં) આવો અને વાસ્તુપૂજનને અલંકૃત કરો.

(१०) आपः (जल/वरुण) :

आवाहयाम्यहं देवं वरुणं त्वां जलाधिपम् ।
येन सृष्टं जगत् सर्वं वरुणं विश्वपोषकम् ।
आपो देव्यो नमो वोऽस्तु पूजये ईशगोचरे ।

જળના સ્વામી વરુણદેવ જેમણે સમગ્ર જગતનું સર્જન કર્યું છે એવા, વિશ્વનું પોષણ કરનારા વરુણદેવનું હું આવાહન કરું છું. હે જળદેવ ! તમને નમસ્કાર હજો. ઈશાનખૂણામાં હું આપનું પૂજન કરું છું.

(११) सावित्र (सूर्य) :

आवाहयाम्यहं देवं सर्वकल्याणकारणम् ।
कोटिपर्व वयो यस्य स पातुजगतः पतिः ।
सावित्र त्वं समागच्छ पूजये वह्नि गोचरे ।

સર્વનાં કલ્યાણનું કારણ, જેની ઊંમર કરોડો વર્ષની છે, જે જગતનો પતિ છે તે અમારું રક્ષણ કરો. હું તેમનું આવાહન કરું છું. હે સાવિત્ર ! તમે આવો હું અગ્નિખૂણામાં તમારું પૂજન કરું છું.

(१२) जयः

आवाहयाम्यहं देवं जयं जयकरं परम् ।
हयारूढं महावाहुं नानालंकारशोभितं ।
जय ! त्वं देव आगच्छ पूजये नैर्ऋतेदिशि ।

જય આપનાર, ઘોડા ઉપર આરુઢ, મહાબાહુ અને જાતજાતનાં અલંકારથી શોભિત જયદેવનું હું આવાહન કરું છું. હે જયદેવ ! તમે આવો નૈઋત્ય દિશામાં હું તમારું પૂજન કરું છું.

(१३) रुद्रः (शिव)

आवाहयाम्यहं रुद्रं नागभूषणभूषितम् ।
नन्दिस्थो रूपवान धन्यः प्रकाश्यः परमेश्वरः ।
रुद्र देव त्वम्आगच्छ पूजये मरुतोदले ।

નાગનાં અલંકારથી શોભિત રુદ્રદેવનું હું આવાહન કરું છું. તમે નંદી ઉપર બેઠેલાં છો, રૂપાળા છો, ધન્ય છો અને પરમેશ્વર છો. હે રુદ્રદેવ ! તમે આવો હું વાયવ્ય ખૂણામાં તમારું પૂજન કરું છું.

(१४) शिखी (कार्तिकेय/शंकर)

आवाहयामि देवेशं सर्वभूताधिपं प्रभुम् ।
सर्वाङ्गव्याप्तभस्मानं तथा व्याघ्राजिनाऽम्वरम् ।
समीरणं स्वाङ्गभूतं वह्निचन्द्राऽर्कलोचनम् ।

પ્રાણીમાત્રનાં અધિપતિ, સર્વ અંગમાં ભસ્મ ચોળેલાં, વાઘનાં ચામડાનાં વસ્ત્રવાળા, સૂર્ય, ચંદ્ર અને અગ્નિ એ જેમનાં નેત્ર છે એવાં, પ્રેરણા આપનાર, સુંદર અંગવાળા, દેવોનાં ઈશ્વર (શિખી) પ્રભુનું હું આવાહન કરું છું.

(१५) पर्जन्यः (वरसाद)

आवाहयामि देवेशं पर्जन्यं पावनं सदा ।
चमत्कार–महाविद्यु–द्वाताघूर्ण–मनोरमम् ।
असिञ्चति जगत् सर्व भुवनानि च यः क्रमात् ।

સદા પવિત્ર ચમકતી મોટી વીજળી અને પવનનાં રૂરવાથી સુંદર અને જે તમામ ભુવનોને અને આખા જગતને પાણી છાંટે છે એવા પર્જન્યદેવનું હું આવાહન કરું છું.

(१६) जयन्तः (इन्द्रनो पुत्र)

आवाहयामि देवेशं जयन्तं जयदं सदा ।
तेजः पुञ्ज ! महाकाय ! देवसैन्यस्य नायक ! ।
अहो देव महावीर्य आगच्छ परमेश्वर ।

જય આપનાર જયન્તનું હું આવાહન કરું છું. તેજના પુંજ, મહાકાય, દેવસેનાનાં સેનાપતિ, અત્યંત પરાક્રમવાળા પરમેશ્વર હે દેવ ! તમે આવો.

(१७) इन्द्र :

आवाहयामि देवेशं महेन्द्रं काञ्चनद्युतिम् ।
सहस्त्राक्ष स्फुरद्भालंसूर्यकोटि-समप्रभम् ।
विचित्र-मणि-मणिक्य-मालाऽलंकृत-भूषणम् ।
सुरदेव नमस्तुभ्यं आगच्छ परमेश्वर ।

સોના જેવી કાંતિવાળા, હજાર આંખોથી પ્રકાશના લલાટવાળા, કરોડો સૂર્ય જેવી કાંતિવાળા, વિચિત્ર મણીઓ અને માણેકની માળાથી અલંકૃત આભૂષણવાળા દેવોનાં રાજા ઈન્દ્રનું આવાહન કરું છું. હે દેવોનાં રાજા ! તમને નમસ્કાર. હે પરમેશ્વર, તમે પધારો !

(१८) सूर्य :

आवाहयामि देवेशं सहस्रकिरणोज्ज्वलम् ।
गगने रथसंयुक्तं शोभितं भुवनत्रये ।
सप्ताश्व-रथ-मारुढं भ्रमन्तं सचराचरम् ।
मेरुं प्रदक्षिणीकृत्य आगच्छ परमेश्वर ।

હજારો કિરણોથી ઉજ્જવળ, આકાશમાં રથવાળા, ત્રણેય લોકમાં શોભતા, સાત ઘોડાનાં રથમાં બેઠેલા, મેરુની પ્રદક્ષિણા કરીને ચરાચર (જગત)માં રૂરનારા સૂર્યનું હું આવાહન કરું છું. હે પરમેશ્વર ! તમે આવો.

(१९) सत्य :

आवाहयामि देवेशं सत्यं सर्वत्र दुर्लभम् ।
सत्येन मुनिना युक्तं सत्येन भुवनत्रयम् ।

સર્વત્ર દુર્લભ એવા સત્યમુનિથી યુકત, ત્રણેય ભુવનને સત્યથી વ્યાપનાર, સત્યદેવનું હું આવાહન કરું છું.

(२०) भृशः

आवाहयामि देवेशं भृगुकुल समुद्भवम् ।
ध्वजा-दण्ड-धरं हस्ते कुशयुक्तं कमण्डलुम् ।
निर्विकारमयं देवं दैत्यानां यः पुरोहितः ।
स्वधा-संजीवन त्वं समागच्छ परमेश्वर ।

ભૃગુકૂળમાં ઉત્પન્ન થયેલા, ચાર હાથમાં ધજા, દંડ, દર્ભ અને કમંડળ ધારણ કરનાર, વિકારરહિત, દૈત્યોનાં પુરોહિત (ગુરુ) એવા ભૃશનું (શુક્રાચાર્ય) હું આવાહન કરું છું. સ્વધા (સંજીવની વિદ્યા) વડે સર્વને જીવાડનાર, હે પરમેશ્વર, તમે આવો !

(૨૧) आकाश:

आवाहयामि देवेशम् अन्तरिक्षं च निर्मलम् ।
निराधारं निराकारं निर्मल च निरामयम् ।
शोभितं भुवनानां च भूतग्रामचतुर्विधम् ।
अन्तरिक्ष ! नमस्तुभ्यं आगच्छ परमेश्वर ।

નિર્મળ, નિરાધાર, નિરાકાર, નિરામય (સ્વચ્છ) તમામ ભુવનોને શોભાવનાર, ચાર પ્રકારનાં પ્રાણીઓનાં સમૂહવાળા (અંડજ, સ્વેદજ, ઊદ્ભિજ, જરાયુજ), અંતરિક્ષ (આકાશ) દેવનું હું આવાહન કરું છું. હે અંતરિક્ષ, તમને નમસ્કાર. હે પરમેશ્વર, તમે આવો.

(૨૨) वायु:

आवाहयामि देवेशं सर्वभूतौघसंशितम् ।
चारुरूचिं महाकायं कोटितेज: - प्रभाकरम् ।
देवानां च हविर्दाता काय-रक्षण-कारक: ।
हविर्भोक्तस् सदा देव आगच्छ परमेश्वर ।

તમામ પ્રાણીઓના સમૂહથી પ્રશંસા કરાયેલા, સુંદર કાંતિવાળા, મહાકાય, કરોડો સૂર્યનાં તેજવાળા વાયુનું હું આવાહન કરું છું. તમે દેવોને હવિ આપનાર છો, તમે શરીરનું રક્ષણ કરનાર છો અને હવિને ભોગવનાર છો. હે પરમેશ્વર દેવ, તમે આવો.

(૨૩) पूषा : (सूर्य)

आवाहयामि देवेशं पूषणं ब्रहमवर्चसम् ।
सुरैश्च पूजितं यज्ञे रूद्रदर्शन-पावितम् ।
तप्त-काञ्चन-वर्णाभं दीप्ततेजो-महावलम् ।
पूषन्देव त्वम्आगच्छ वास्तुराजस्य दक्षिणे ।

બ્રહ્મતેજવાળા, યજ્ઞમાં દેવોથી પૂજાતા, રુદ્રદર્શનથી પવિત્ર કરનાર, તપાવેલા સોના જેવી કાંતિવાળા, ઝળહળતા તેજવાળા, મહાબલ પૂષાદેવનું હું આવાહન કરું છું. હે પૂષનદેવ, વાસ્તુરાજની દક્ષિણદિશામાં તમે આવો.

(૨૪) वितथ:

आवाहयामि देवेशं वितथं च ऋषीश्वरम् ।
विष्णोर्धनस्य भोक्तारं स्वधायुक्तम्अहर्निशम् ।
गतप्राणस्य देवस्य श्रिया संजीवनीकृतं ।
ब्रहमरूप समागच्छ देव त्वं परमेश्वर ।

ઋષિઓનાં ઇશ્વર, વિષ્ણુનાં ધનને ભોગવનાર, સ્વધાયુક્ત (સંજીવની બળ) મરેલા દેવને જીવતા કરનાર વિતથ દેવનું હું આવાહન કરું છું.

(૨૫) गृहक्षत: :

आवाहयामि देवेशं वृहत्कुक्षिं चतुर्भुजम् ।
सदा माङ्गल्य-दातारं पुत्र-पौत्र-समन्वितम् ।
श्रिया सिद्धया च संयुक्तं चतुरङ्ग प्रवृद्धिदम् ।
मण्डले त्वं हि देवेश आगच्छ परमेश्वर ।

મોટા પેટવાળા, ચાર હાથવાળા, હંમેશા માંગલ્ય આપનારા, પુત્ર-પૌત્રથી યુક્ત, લક્ષ્મી અને સિદ્ધિથી યુક્ત, ચારેય અંગની વૃદ્ધિ કરનાર, ગૃહક્ષતદેવનું આવાહન કરું છું. હે પરમેશ્વર દેવ, તમે આ મંડળમાં આવો.

(૨૬) यमः :

आवाहयामि देवेशं यमं जन्तु-भयंकरम् ।
रुद्रमूर्ति विरूपाक्षं कृष्णतेजः समप्रभम् ।
महिष-रथ-मारूढं दण्डायुध-समन्वितम् ।
धर्माधर्मौच संचित्य आगच्छ परमेश्वर ।

પ્રાણીઓને ભય ઉત્પન્ન કરનાર, ભયંકર શરીરવાળા, કદરૂપી આંખોવાળા, કાળા રંગવાળા, પાડો જોડેલા રથમાં બેઠેલા, દંડ આયુધવાળા યમરાજનું હું આવાહન કરું છું. હે પરમેશ્વર ! ધર્મ અને અધર્મનો વિચાર કરીને તમે આવો.

(૨૭) गन्धर्वः :

आवाहयामि देवेशं गन्धर्वं गीतवर्द्धनम् ।
स्वरैः पूर्णगिरं वक्त्रे नादमूर्तिं-निरामयम् ।
वेदानाम् उपवेदं च सहैवाऽध्यापितं परम् ।
सुरवल्लभ देव त्वम् आगच्छ परमेश्वर ।

સ્વરોથી ગીતની વૃદ્ધિ કરનાર, મુખમાં પૂર્ણ વાણીવાળા, નાદ સ્વરૂપ, નિરાયમ (સ્વચ્છ), સામવેદનો ઉપવેદ, વેદની સાથે જ અધ્યાપન કરાતા ગંધર્વનું હું આવાહન કરું છું. હે સુરવલ્લભ પરમેશ્વર, દેવ, તમે આવો.

(૨૮) भृंगराज :

आवाहयामि देवेशं भृङ्गराजं च षट्पदम् ।
सदा प्रीतिकरं पुष्पे सदा भुक्तवनस्पतिम् ।
षड्रसानां प्रियं नित्यं कृष्णङ्गमदनोपमम् ।

છ પગવાળા, હંમેશા પુષ્પમાં પ્રેમ કરનાર, હંમેશા વનસ્પતિને ભોગવનારા, ષડ્રસ જેમને પ્રિય છે એવા, કૃષ્ણ શરીરવાળાં, કામદેવ જેવા ભૃંગરાજદેવનું હું આવાહન કરું છું.

(૨૯) मृगः :

आवाहयामि देवेशं मृगं कृष्णसमुद्भवम् ।
मनसश्चन्द्रमा योज्यं नाद रुद्ध समुद्भवम् ।
मृगाङ्गाय नमस्तुभ्यं आगच्छ परमेश्वर ।

કૃષ્ણનાં પુત્ર, મનનાં અધિષ્ઠાતા, ચંદ્રમાની સાથે જોડાયેલા, નાદથી બંધાયેલા મૃગદેવનું હું આવાહન કરું છું. મૃગના શરીરવાળા તમને નમસ્કાર. હે પરમેશ્વર ! તમે આવો.

(૩૦) पितरः :

आवाहयामि देवेशान् कव्यवा हा दिपितृकान् ।
आज्यपा श्चैव पितरः सोमपा श्चैव देवताः ।
ये केचित् पितृरूपाः ते तान् सर्वे पूजयन्ति च ।
मनुष्यमुक्ति-रूपाश्च आगच्छत नमोऽस्तुते ।

કવ્યવાહ વિ. પિતૃઓનું હું આવાહન કરું છું. આજ્યપા (ઘી પીનારા) અને સોમપા (સોમરસ પીનારા) જે કંઇ પિતૃઓનાં રૂપો છે તેમનું બધા પૂજન કરે છે. હે મનુષ્યને મુક્તિ આપનારા, તમને નમસ્કાર હજો. તમે પધારો !

(૩૧) दौवारिकः :

आवाहयामि देवेशं द्वारिकाधीशम् ईश्वरम् ।
शङ्खचक्रगदापद्म-चतुर्भुज-सुशोभितम् ।
लक्ष्मीसंग-समायुक्तं वास्तुनाथस्य पश्चिमे ।
यज्ञस्य रक्षणार्थाय आगच्छ परमेश्वर ।

દ્વારકાના રાજા, શંખ, ચક્ર, ગદા, પદ્મથી જેમનાં ચાર હાથ સુશોભિત છે એવા, લક્ષ્મીજી જેમના સંગમાં છે એવા ઇશ્વર (શ્રીકૃષ્ણ)નું હું વાસ્તુનાથની પશ્ચિમે હું આવાહન કરું છું. યજ્ઞનાં રક્ષણ માટે હે પરમેશ્વર, તમે આવો !

(૩૨) सुग्रीवः :

आवाहयामि देवेशं सुग्रीवं सवितात्मजम् ।
तेजःपूञ्ज-महाकायं दावानल-समप्रभम् ।
विक्रान्तसर्वदिक्क्षुण्णं पूजितं कपिभिः कुले ।
आगच्छ त्वं महातेजः ! सवित्रात्मन् ! नमोऽस्तुते ।

સૂર્યના પુત્ર, તેજના પુંજવાળી મોટી કાયાવાળા, દાવાનળ જેવી કાંતિવાળા, તમામ દિશાઓમાં પરાક્રમ કરીને ખુંદી વળેલા, વાનરોના કુળમાં પૂજાતા સુગ્રીવનું હું આવાહન કરું છું. અત્યંત તેજવાળા હે સૂર્યપુત્ર તમને નમસ્કાર. તમે પધારો.

(૩૩) पुष्पदन्तः :

आवाहयामि देवेशं पुष्पदन्तं महोज्ज्वलम् ।
नाना-विभार-संपन्नं महाघण्टाविराजितम् ।
परार्थं परमात्मानं रुद्रलोकैकपूजितम् ।
आगच्छ पुष्पदन्ताऽत्र त्वमेक परमेश्वर ॥

અત્યંત ઉજ્જવળ, જાતજાતની સામગ્રીથી યુક્ત, મોટા ઘંટથી શોભતા, બીજાઓ પર ઉપકાર કરનાર, રુદ્રલોકમાં પૂજિત, પુષ્પદંત પરમેશ્વરનું હું આવાહન કરું છું. હે પુષ્પદંત, તમે જ એકમાત્ર પરમેશ્વર છો. તમે અહીં પધારો.

(૩૪) वरुणः :

आवाहयामि देवेशं वरुणं त्वां जलाधिपम् ।
यादः पृष्ठ - समारूढं श्वेतच्छत्रं महाबलम् ।
पाशहस्तं महाबाहुं सर्वस्वादुकरं भूवि ।
वरुणाय नमस्तुभ्यम् आगच्छ परमेश्वर ।

જળનાં અધિપતિ, મકરની પીઠ પર બેઠેલા, શ્વેત છત્રવાળા, અત્યંત બળવાન, હાથમાં પાશ ધારણ કરનાર, મહાબાહુ, પૃથ્વી પર બધી વસ્તુઓને સ્વાદિષ્ટ બનાવનાર વરુણદેવનું હું આવાહન કરું છું. વરુણદેવ, તમને નમસ્કાર. હે પરમેશ્વર તમે પધારો.

(३५) असुरः :

आवाहयामि दैत्येन्द्रम् असुरं सुरमर्द्दनम् ।
उग्ररूपं महावीर्यं खड्ग–बाण–धनुर्धरम् ।
मदोन्मत्तं सदा नित्यं देवानाम् अंगमर्द्दनम् ।
प्रतीची दिशमाश्रित्य हृष्टस्तिष्ठ मखे मम ।

દૈત્યોનાં રાજા, દેવોને પીડનારા, ઉગ્ર રૂપવાળા, અત્યંત પરાક્રમી, ખડ્ગ, બાણ અને ધનુષ ધારણ કરનારા, મદથી ઉન્નત, દેવોનાં શરીરને પીડનારા અસુરદેવનું હું આવાહન કરું છું. તમે પ્રસન્ન થઇને મારા યજ્ઞમાં પશ્ચિમ દિશામાં રહો. (બેસો).

(३६) शेषः :

आवाहयामि देवेशं प्रद्युम्नस्य कुलोद्भवम् ।
शेषनागं महावेगं बाणरूपं चतुर्थकम् ।
व्याप्य यः सर्वभूतानि वर्तते सचराचरम् ।
यतीनां वल्लभसत्वम् आगच्छ परमेश्वर ।

પ્રદ્યુમ્નનાં કુળમાં ઉત્પન્ન થયેલા, અત્યંત વેગવાળા, બાણનાં રૂપવાળા શેષનાગ જે બધા પ્રાણીઓમાં અને સચરાચરને વ્યાપીને રહ્યા છે. તેમનું આવાહન કરું છું. યતિઓનાં વ્હાલા એવા હે પરમેશ્વર, તમે આવો.

(३७) पापम् :

आवाहयामि अहं भीमं पापं उग्रमय–प्रदम् ।
अधोमुखं क्षमाहीनं दण्ड–मुद्ग–धारिणम् ।
अश्वमेधादिके यज्ञे वृषोत्सर्गादिके सदा ।
प्रपूज्यते वास्तुमध्ये प्रतीची–दिशम्आश्रितः ।

ઉગ્ર ભયને આપનાર, ભયંકર, નીચ મુખવાળા, ક્ષમા વગરનાં, દંડ અને મગદળને ધારણ કરનારા અને અશ્વમેધ વિગેરે યજ્ઞમાં અને વૃતોત્સર્ગની પૂજામાં તમે પૂજાવ છો. તમે વાસ્તુપીઠની પશ્ચિમ દિશામાં પધારો.

(३८) रोगः :

आवाहयामि अहं रोगं अनेकविधलक्षणम् ।
नानालंकार–संयुक्तं रक्तश्मश्रु–विलोचनम् ।
गौतमात् शापितं शक्रं सहस्त्रभगभूषितम् ।
सदा रोगोपशान्त्यर्थं पूजयेत् वास्तुमण्डले ।

અનેક પ્રકારનાં લક્ષણવાળા, જાતજાતના અલંકારવાળા, લાલ દાઢી અને આંખોવાળા રોગનું હું આવાહન કરું છું. ગૌતમના શાપને કારણે હજાર ભગથી ભૂષિત, ઇન્દ્રનું રોગોની શાંતિ માટે વાસ્તુમંડળમાં હંમેશા પૂજન કરવું જોઇએ.

(३९) अहिः : (साप)

आवाहयामि अहं देवं फणा–मण्डल शोभितम् ।
अहि–देव त्वम् आगच्छ पूजये वास्तुमण्डले ।

ફેણોના મંડળથી શોભતા અહિદેવનું હું આવાહન કરું છું. હે અહિદેવ, તમે આવો, હું વાસ્તુમંડળમાં તમારું પૂજન કરવા ઇચ્છું છું.

(૪૦) मुख्यः :

आवाहयामि अहं देवं मुख्यं जीमूत-सन्निभम् ।
भद्रासन-समारूढं देवं गन्धर्वसेवितम् ।
अश्वमेधादिके यज्ञे पूजये वास्तुमण्डले ।

હું વાદળના જેવા ભદ્રાસન પર બેઠેલા, ગંધર્વોથી સેવાતા મુખ્ય નામના દેવનું આવાહન કરું છું. અશ્વમેઘ વિ. યજ્ઞમાં અને વાસ્તુમંડળમાં એમનું પૂજન કરવું જોઈએ.

(૪૧) भल्लाट :

आवाहयामि अहं देवं भल्लाटं मकरध्वजम् ।
खड्गहस्तं सुखासीनं नीलोत्पल-सम-प्रभम् ।
ऋषिश्रेष्ठ त्वमागच्छ पूजये वास्तुमण्डले ।

હું મગરની ધજાવાળા, હાથમાં તલવારવાળા, સુખપૂર્વક બેઠેલા, નીલકમલ જેવી કાંતિવાળા, ભલ્લાટ દેવનું આવાહન કરું છું. હે ઋષિશ્રેષ્ઠ, તમે આવો. હું વાસ્તુમંડળમાં તમારું પૂજન કરું છું.

(૪૨) सोमः :

आवाहयामि अहं देवं द्विजराज-कुलोद्भवम् ।
द्विजराज-कुले पूज्योऽमृतमूर्तिर्निरामयः ।
सोमराज त्वम् आगच्छ पूजये वास्तुमण्डले ।

બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલા, બ્રાહ્મણકુળમાં પૂજવા યોગ્ય, અમૃતની મૂર્તિ અને રોગરહિત સોમદેવનું આવાહન કરું છું. હે સોમરાજ, તમે આવો. હું વાસ્તુમંડળમાં તમારું પૂજન કરું છું.

(૪૩) सर्पः :

आवाहयामि अहं देवं उरगं वक्रगामिनम् ।
धराधारं महाकायं नानारत्नविभूषितम् ।
आगच्छ सर्पदेव त्वं पूजये वास्तुमण्डले ।

વાંકાચૂકા ચાલનાર, પૃથ્વીને ધારણ કરનાર, મોટી કાયાવાળા, જાતજાતનાં રત્નોથી વિભૂષિત સર્પદેવનું આવાહન કરું છું. હે સર્પદેવ, તમે આવો. વાસ્તુમંડળમાં હું તમારું પૂજન કરું છું.

(૪૪) अदितिः :

आवाहयामि अहं देवीं अदितिं देवमातरम् ।
सर्वकामप्रदां शुद्धां मखविघ्न विनाशिनीम् ।
आगच्छ देवमातस् त्वम् अदिते वास्तुमण्डले ।

દેવોની માતા, બધી કામનાઓને પૂરી કરનાર, પવિત્ર યજ્ઞના વિઘ્નનો નાશ કરનાર અદિતિદેવીનું હું આવાહન કરું છું. દેવોની માતા હે અદિતિ, તમે વાસ્તુમંડળમાં પધારો.

(४५) दितिम् :

आवाहयामि अहं देवीं दितिं दैत्यस्य मातरम् ।
सर्वाङ्गसुन्दरीं रम्यां महामोहकरीं शुभाम् ।
दितिश्चैव त्वमागच्छ पूजये वास्तुमण्डले ।

દૈત્યોની માતા, બધા અંગોમાં સુંદર, રમ્ય, ભયંકર, મોહ ઉત્પન્ન કરનાર, શુભ દિતિદેવીનું આવાહન કરું છું. દિતિદેવી, તમે પધારો. હું વાસ્તુમંડળમાં તમારું પૂજન કરું છું.

(४६) चरकी :

आवाहयामि तां देवीं चरकीं चन्दनप्रियाम् ।
ब्रह्म-विष्णु-शिवाद्यैश्च पूजितां पापनाशिनीम् ।
सर्वा-भरण-भूषाढ्यां नानारत्नोप-शोभिताम् ।
आगच्छ चरकी - देवि वास्तुमण्डलशाङ्करे ।

ચંદન જેમને પ્રિય છે, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ વિગેરેથી જે પૂજાય છે, જે પાપનો નાશ કરે છે, જે સર્વે આભૂષણોથી શોભી રહી છે અને જાતજાતનાં રત્નોથી શોભી રહી છે એવી ચરકીદેવીનું હું આવાહન કરું છું. હે ચરકી દેવી, તમે વાસ્તુમંડળમાં ઇશાનખૂણામાં પધારો.

(४७) विदारी :

आवाहयामि तां देवी विदारीं विश्वतेजसम् ।
विदार्य्य ह्यसुरान् सर्वान् संस्थितां वियदम्वराम् ।
आगच्छ त्वं महादेवि पूजयामि नमो नमः ।

હું વિશ્વમાં પ્રકાશવાળી, તમામ અસુરોને નાશ કરીને દિગંબર ઉભી રહેનારી વિદારીદેવીનું આવાહન કરું છું. હે મહાદેવી, તમે આવો. હું તમારુ પૂજન કરું છું. તમને નમસ્કાર.

(४८) पूतना :

आवाहयामि तां देवीं पूतनां पापरुपिणीम् ।
कृष्ण-वस्त्रां समायातां रक्तमाल्याऽनुलेपनाम् ।
आगच्छ पूतने देवि वास्तुमण्डल-नैर्ऋते ।

પાપરૂપી, કાળા વસ્ત્રોવાળી, લાલ માળા અને ચંદનવાળી તે પૂતનાદેવીનું હું આવાહન કરું છું. હે પૂતનાદેવી, તમે વાસ્તુમંડળના નૈઋત્ય ખૂણામાં આવો.

(४९) पापराक्षसी :

आवाहयामि तां देवीं पापात्मानं च राक्षसीम् ।
निशाचरीं निरामायां नागहाराङ्ग-शोभिताम् ।
आगच्छ वायु-दिग्भागे पापे त्वं वास्तुपीठके ।

રાક્ષસી જે રાત્રે ફરનારી, ખૂબ વિસ્તારવાળી, નાગના હારથી શોભતા અંગવાળી પાપરૂપી રાક્ષસીદેવીનું હું આવાહન કરું છું. હે પાપદેવી, તમે વાસ્તુમંડળના વાયવ્ય ખૂણામાં આવો. (હું તમારું પૂજન કરું છું.)

(૫૦) स्कन्दः :

आवाहयामि देवेशं स्कंन्दं सर्वत्र वल्लभम् ।
नानावुद्धि-समाकीर्ण नानावस्त्र-सुशोभितम् ।
आगच्छ देव देवेश वास्तुपीठेन्द्रभागके ।

સર્વને વ્હાલા, વિવિધ બુદ્ધિવાળા, વિવિધ પ્રકારના વસ્ત્રોથી શોભતા, સ્કન્ધ દેવનું હું આવાહન કરું છું. હે દેવદેવશ, વાસ્તુપીઠમાં પૂર્વદિશામાં આપ પધારો.

(૫૧) अर्यमा :

आवाहयामि अर्यमणं देवेशं स्वर्थसिद्धये ।
महावीर्य महाकान्ते तेजोराशे वलप्रद ।
आगच्छ ह्यर्यमन् देव वास्तुनाथस्य दक्षिणे ।

હું મારા પ્રયોજનની સિદ્ધિ માટે અર્યમાદેવનું આવાહન કરું છું. હે અત્યંત પરાક્રમી, ખૂબ કાંતિવાળા, તેજોનાં રાશિ અને બળ આપનાર હે અર્યમાદેવ, તમે વાસ્તુમંડળની દક્ષિણ દિશામાં પધારો.

(૫૨) जृम्भक :

आवाहयामि देवेशं जृम्भकं जाड्यनाशनम् ।
यामिनी-नाथ-शोभाढ्यं सुरुपं च महावलम् ।
जृम्भक त्वं समागच्छ वास्तुमण्डल-पश्चिमे ।

જડતાનો નાશ કરનાર, ચંદ્રના જેવી શોભાવાળા, અત્યંત રૂપાળા અને ખૂબ બળવાળા, જૃંભકદેવનું હું આવાહન કરું છું. હે જૃમ્ભકદેવ, તમે વાસ્તુમંડળની પશ્ચિમ દિશામાં આવો.

(૫૩) पिलिपिच्छ :

आवाहयामि देवेशं पिलिपिच्छ गणद्वयम् ।
सर्वेषां चैव देवानां क्षत्रियस्य च रक्षकम् ।
पिलिपिच्छ त्वम् आगच्छ ह्युत्तरे वास्तुमण्डले ।

બધા દેવોનાં અને ક્ષત્રિયોનાં રક્ષક એવા પિલિપિચ્છ નામના બે ગણદેવોનું હું આવાહન કરું છું. હે પિલિપિચ્છ, તમે વાસ્તુમંડળની ઉત્તર દિશામાં આવો.

(૫૪) इन्द्रः :

इन्द्रः सुरपतिः श्रेष्ठो वज्रहस्तो महावलः ।
शतयज्ञाऽधिपो देवः सुरराज नमोऽस्तुते ।

દેવોનાં રાજા, શ્રેષ્ઠ, હાથમાં વ્રજ ધારણ કરનાર, અત્યંત બળવાળા ઈન્દ્રદેવ છે. હજાર યજ્ઞ કરનારા, દેવોનાં રાજા ઈન્દ્ર તમને નમસ્કાર.

(૫૫) अग्निः :

सर्वतेजोमयो देवो रक्तवर्णो महावलः ।
शक्तिहस्तो महावीर्यो ह्यग्नेय्याम् अग्नये नमः ।

સર્વ તેજમય, લાલ રંગવાળા, અત્યંત બળવાળા, હાથમાં શક્તિ ધારણ કરનાર, અત્યંત પરાક્રમી, અગ્નિ દિશામાં રહેલા અગ્નિ દેવને નમસ્કાર.

(૫૬) यमः :

कृष्णाऽजिन–घरः श्यामो धर्माऽध्यक्षो महावलः ।
दण्डहस्ताऽधिपो देवो धर्मराज नमोऽस्तुते ।

કાળા અજીનને (હરણનું ચામડું) ધારણ કરનારા, શ્યામ વર્ણના, ધર્મના અધ્યક્ષ, અત્યંત બળવાળા, હાથમાં દંડ ધારણ કરનારા (યમ છે). હે ધર્મરાજ, તમને નમસ્કાર.

(૫૭) निर्ऋतिः :

सर्वप्रतोऽधिपो देवो निर्ऋति–र्नीलविग्रहः ।
खड्गचर्मधरो देवो निर्ऋते वै नमोऽस्तुते ।

તમામ પ્રેતોના રાજા, નીલ રંગવાળા, ઢાલ-તલવાર ધારણ કરનારા નિર્ઋતિ દેવ છે. હે નિર્ઋતિ દેવ, તમને નમસ્કાર હજો.

(૫૮) वरुणः :

पाशहस्ताऽत्मको देवो जलराजो महावलः ।
नीचगामी च विख्यातो जलराज नमोऽस्तुते ।

હાથમાં પાશ ધારણ કરનારા, જળના રાજા, અત્યંત બળવાળા, જળના નીચલા ભાગમાં વહેનારા, વરુણ ભગવાન પ્રસિદ્ધ છે. હે જળરાજ, તમને નમસ્કાર હજો.

(૫૯) वायुः :

सर्व–प्राणाधिपो देवः सर्वाङ्गो वायुरेव च ।
द्विहस्तश्च महाप्राणः तस्मै प्राणाय वै नमः ।

તમામ પ્રાણીઓનાં રાજા, સર્વ અંગ સંપૂર્ણ, વાયુદેવ બે હાથવાળા અને મહાપ્રાણ એવા પ્રાણ દેવને નમસ્કાર.

(૬૦) सोमः :

नक्षत्राणां च सर्वेषां सोमो राजा प्रकीर्तितः ।
गदाया धारिणे तुभ्यं सोमराजाय वै नमः ।

તમામ નક્ષત્રોનાં જે રાજા કહેવાય છે, ગદાને ધારણ કરનાર સોમરાજ તમને નમસ્કાર.

(૬૧) ईशानः :

सर्वयज्ञाऽधिपो देव ईशानो नाम नामतः ।
शूलपाणिर्महादेव–स्त्रैलोक्याऽधिप ते नमः ।

તમામ યજ્ઞોના અધિપ, મહાદેવ નામથી ઇશાન કહેવાય છે. ત્રિશૂળ હાથમાં ધારણ કરનારા હે ત્રિલોક્યના અધિપતિ તમને નમસ્કાર.

(૬૨) ब्रह्म :

चतुर्मुखश्चतुर्वाहुश्चतुर्वेद – करः प्रभुः ।
हंसारूढः सृष्टिकर्ता उर्ध्व वै ब्रह्मणे नमः ।

ચાર મુખવાળા, ચાર હાથવાળા, ચાર હાથમાં ચાર વેદને ધારણ કરનારા, હંસ પર બેઠેલા, સૃષ્ટિ રચનારા, બ્રહ્મા ઉપરના ભાગમાં છે. બ્રહ્માને નમસ્કાર.

(૬૩) अनन्तः :

पन्नगानां च सर्वेषाम् अनन्त इति नामतः ।
पाताले वसते नित्यं नागराजाय ते नमः ।

તમામ સાપોમાં અનંત એ નામથી જાણીતા, પાતાળમાં વસનારા છે. નાગોના રાજા એવા તમને નમસ્કાર.

(૬૪) हेतुकः :

आवाहयामि देवेशं हेतुकं हर्षवर्धनम् ।
हिरण्यहयि सौभाग्यं-सर्वसौख्य-फल-प्रदम् ।
हेतुक त्वं समागच्छ वास्तुमण्डल-पूर्वके ।

આનંદની વૃદ્ધિ કરનારા, છાતી ઉપર સોનું ધારણ કરનાર, સૌભાગ્ય અને તમામ સુખને આપનારા હેતુકદેવનું હું આવાહન કરું છું. હે હેતુક, તમે વાસ્તુમંડળમાં પૂર્વ દિશામાં આવો.

(૬૫) त्रिपुरान्तकः :

आवाहयामि देवेशं त्रिपुरान्तं त्रिलोचनम् ।
महाबलं महावीर्यं तेजोराशि-समप्रभम् ।
आगच्छ त्रिपुरान्तेह ह्याग्नेय्यां वास्तुमण्डले ।

ત્રિપુરનો અંત કરનારા, ત્રણ આંખોવાળા, અત્યંત બળ અને પરાક્રમવાળા, સૂર્ય જેવી કાંતિવાળા ત્રિપુરાન્ત દેવનું (શિવ) હું આવાહન કરું છું. હે ત્રિપુરાન્ત, અહીં વાસ્તુમંડળના અગ્નિખૂણામાં પધારો.

(૬૬) अग्निवैतालः :

आवाहयामि देवेशं वैतालमग्निपूर्वकम् ।
बहुपाणिं सुशोभाढ्यं सर्वशास्त्रसमन्वितम् ।
आगच्छ ह्यग्निवैताल वास्तुमण्डल-दक्षिणे ।

અનેક હાથવાળા, સુંદર શોભાવાળા અને સર્વશાસ્ત્રોથી યુક્ત અગ્નિવેતાલ દેવનું હું આવાહન કરું છું. હે અગ્નિવેતાલ, તમે વાસ્તુમંડળના દક્ષિણ ભાગમાં આવો.

(૬૭) असिवैतालः :

आवाहयामि देवेशम् असिवैताल-संज्ञकम् ।
सर्व-शोभा-मयं देवं सर्वशक्ति-समन्वितम् ।
अग्निजिह्व त्वम् आगच्छ वास्तुमण्डल-नैर्ऋते ।

તમામ શોભાયુક્ત, સર્વશક્તિ સમન્વિત, અસિવેતાલ નામના દેવનું હું આવાહન કરું છું. હે અગ્નિજીહ્વા, તમે વાસ્તુમંડળના નૈઋત્યખૂણામાં પધારો.

(६८) महाकाल :

आवाहयामि देवेशं कालाख्यं कल्मषापहम् ।
सर्वसिद्धिप्रदं देवं सर्वशत्रु-विनाशनम् ।
आगच्छ त्वं महाकाल वास्तुमण्डल-पश्चिमे ।

પાપને હણનારા, સર્વસિદ્ધિ આપનારા, સર્વ શત્રુઓનો નાશ કરનારા મહાકાલ દેવનું હું આવાહન કરું છું. હે મહાકાલ, તમે વાસ્તુમંડળના પશ્ચિમ ભાગમાં પધારો.

(६९) कराल :

आवाहयामि देवेशं करालानां करोज्ज्वलम् ।
उग्रतेजोमयं देवं प्राणिनां रक्षणे परम् ।
कराल त्वमिहाऽऽगच्छ वायव्यां वास्तुमण्डले ।

ઉગ્ર તેજવાળા, પ્રાણીઓના રક્ષણમાં તત્પર, પ્રકાશિત હસ્તવાળા, કરાલોના દેવનું હું આવાહન કરું છું. હે કરાલ, તમે વાસ્તુમંડળના વાયુ ખૂણામાં પધારો.

(७०) एकपादः :

आवाहयामि देवेशम् एकपादं नगोपमम् ।
खट्वाङ्ग-व्याज-शोभाढ्यम् उग्ररूपं महोत्कटम् ।

પર્વત જેવા ખટ્વાંગ અને વ્યાજથી શોભતા, ઊગ્ર રૂપવાળા, અત્યંત ઉત્કટ એકપાદ દેવનું હું આવાહન કરું છું.

(७१) भीमः :

आवाहयामि देवेशं भीमरूपं महावलम् ।
महावीर्यं महादेवं सर्वकामफलप्रदम् ।
आगच्छ भीमरुप त्वम् ईशाने वास्तुमण्डले ।

અત્યંત બળવાળા, અત્યંત પરાક્રમવાળા, તમામ ઇચ્છાઓનું ફળ આપનારા, ભીમદેવનું હું આવાહન કરું છું. હે ભીમરૂપ (ભયંકર રૂપવાળા) તમે વાસ્તુમંડળના ઇશાનખૂણામાં પધારો.

(७२) आपः :

आवाहयामि देवेशीं आपस् तेजोमरुद्गणः ।
आगच्छ ह्यापरूपाश्च ह्याकाशे वास्तुमण्डले ।

દેવોનાં સમૂહમાં તેજોમય, જળદેવીનું હું આવાહન કરું છું. હે જળરૂપી દેવી, તમે વાસ્તુમંડળના ઊર્દ્વભાગમાં (આકાશસ્થાનમાં) પધારો.

(७३) क्षितिरुपः :

आवाहयामि देवेशं क्षितिरुपं मरुद्गणम् ।
स्थितिं चैव च सर्वेषां महावलपराक्रमम् ।
आगच्छ क्षितिरुप त्वं पृथिव्यां वास्तुमण्डले ।


તમામને સ્થિતિરૂપ, અત્યંત બળ અને પરાક્રમવાળા, ક્ષિતિરૂપ નામનાં (વાયુ) મરૂદ્ગણદેવનું હું આવાહન કરું છું. હે ક્ષિતિરૂપ, તમે વાસ્તુમંડળના પૃથ્વીભાગમાં (નીચેના) પધારો.

- ETI SHUBHAM

VASTUPADMANDAL

Late Dr. R. P. Kulkarni
Gujarati Translation
Dr. Sweta Prajapati
Research Officer,
The Oriental Institute, The M.S.University of Baroda, Vadodara.

What does it mean by
"Favour and disgrace are like fear" ?
Favour is in a higher place,
and disgrace in a lower place.
- TAO - TE - CHING



ગૃહનિર્માણ પહેલા દેવતાઓનું આવાહન કરવું એ એક માનવી માટે અને ખાસ કરીને એક ભારતીય માટે ખૂબ જ સ્વાભાવિક અને મહત્ત્વની પ્રક્રિયા છે. કોઈપણ રાજા પોતાના પ્રાસાદની રચના એવી રીતે કરવા ઇચ્છે કે જેમાં નિવાસ અને કાર્યાલયનાં ભવનોનો સમાવેશ થઇ શકે. રાજા પોતાની રાજધાની (મુખ્ય શહેર) બનાવવાની પણ ઇચ્છા રાખે છે. ગૃહ, મહેલ કે નગરનાં ભવનોને સંસ્કૃતમાં વાસ્તુ કહેવાય છે. કોઈપણ ભવનનું બાંધકામ કરતા પહેલા દેવતાઓનું આવાહન કરવું આવશ્યક છે. આ વિધિ માટે દોરવામાં આવતી આકૃતિને વાસ્તુમંડળ કહેવાય છે. ચેસ-બોર્ડ પર દોરાયેલા નાના ચોરસ ખાનાની જેમ આ મંડળમાં અસંખ્ય ચોરસ ખાનાં દોરાયેલાં હોય છે. તેને પદ (અથવા કોષ્ઠ) કહેવાય છે અને આખા મંડળને વાસ્તુપદમંડળ કહેવાય છે.

० ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

વાસ્તુપ્રતિષ્ઠા વિધિનો વિકાસ પુરાણકાળથી (ઇ.સ.પૂર્વે ૬-૭ સદી) થયો હોય એમ લાગે છે. વેદમાં આવી કોઇ વિધિનો ઉલ્લેખ મળતો નથી. અથર્વવેદમાં[૧] 'શાલા'ની પ્રશંસાનો ઉલ્લેખ મળે છે. શાલાની રચના સ્વયં બ્રહ્માએ કરી છે એવો ઉલ્લેખ મળે છે. બાંધકામ પહેલા નહી પણ બાંધકામના અંતે શાલાની પ્રશંસા કરવામાં આવે છે. યજ્ઞશાળાના બાંધકામ પહેલા દેવોના આવાહનવિધિનો ઉલ્લેખ કોઈપણ બ્રાહ્મણગ્રંથ કે કલ્પસૂત્રમાં મળતો નથી. મીમાંસામાર્ગ જેવા દેવપૂજાના અન્ય માર્ગો પર "વિધિના અર્થને સમજ્યા વિના જ વિધિ કરવાના" અભિગમનું વર્ચસ્વ દઢ થતું ગયું તે સમય દરમ્યાન વાસ્તુપ્રતિષ્ઠાવિધિનો આવિર્ભાવ થયો હોય એવી શક્યતા લાગે છે. પુરાણકાળ દરમ્યાન આવી જટિલ વિધિનો કેવળ વિકાસ જ થયો એમ નથી પરંતુ તેની સાથે સાથે તેને પ્રમાણભૂત કરવા માટે દેવો અને છાગ નામના દાનવ વચ્ચેના યુદ્ધની કથા પણ કહેવામાં આવી છે.

પુરાણો જેવાં કે મત્સ્યપુરાણ, ભવિષ્યપુરાણ અને અગ્નિપુરાણમાં[૨] માત્ર ૬૪ અને ૮૧ ગૃહોનાં વાસ્તુપદમંડળો દર્શાવ્યાં છે પરંતુ મધ્યકાલીન સમયથી પ્રકાર અને સંખ્યામાં વિસ્તાર પામીને આ મંડળો ૩૨ X ૩૨ ના થયાં. મંડળોનું આ વિકસિત સ્વરૂપ શિલ્પશાસ્ત્રના મયમત, માનસાર, અપરાજિતપૃચ્છા, શિલ્પરત્ન વગેરે ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. નગર, શહેર, ગૃહ કે મંદિરની પ્રતિષ્ઠા માટે વપરાતાં ૬૪, ૮૧ અને ૨૫૬ ગૃહવાળા માત્ર ત્રણ પ્રકારનાં મંડળોનો ઉલ્લેખ વૈખાનસઆગમ[૩] (ઇ.સ.પૂર્વે ૭મી સદી)માં મળે છે. મંદિરની પ્રતિષ્ઠા માટે ૮૧ ગૃહોવાળા મંડળની પસંદગી કરવામાં આવતી હતી. બૃહત્સંહિતા[૪] (ઇ.સ.પૂર્વે ૫મી સદી) અને હયશીર્ષપંચરાત્ર[૫] (ઇ.સ.૪થી સદી) માત્ર ૬૪ અને ૮૧ ગૃહોનાં વાસ્તુમંડળોનો ઉલ્લેખ કરે છે. હયશીર્ષપંચરાત્રમાં[૬] વધુ સ્પષ્ટતા કરવામાં આવી છે કે પ્રાસાદની પ્રતિષ્ઠા માટે ૬૪ ગૃહવાળા મંડળનો અને ગૃહપ્રતિષ્ઠા માટે ૮૧ ગૃહવાળા મંડળનો ઉપયોગ કરવો.

મયમત[૭], અપરાજિતપૃચ્છા[૮] (ઇ.સ.૧૧-૧૨મી સદી), શિલ્પરત્ન[૯] (ઇ.સ.૧૬મી સદી) જેવા પરવર્તી ગ્રંથોમાં વિસ્તૃત પ્રકારનાં મંડળોનો નિર્દેશ થયો છે. મંડળમાં માત્ર એક ગૃહ પણ હોઇ શકે અથવા ૨,૩ થી માંડી ૩૨ના ગુણાંક સુધી પણ ગૃહ હોઇ શકે (કોષ્ટક ૧). આમ, ૧૦૨૪ (=૩૨²) પદવાળા મંડળનો પણ આ ગ્રંથોમાં ઉલ્લેખ મળે છે જેને સહસ્રપદવાસ્તુપદમંડળ કહેવાય છે.

---

૧. અથર્વવેદ કાંડ-૯, સૂક્ત-૩, આ સૂક્તના દેવતા શાલા છે. ઋક્ ૯.૩.૧૯

૨. મત્સ્યપુરાણ (૨૫૩.૨૩-૩૦; ૨૫૩.૪૭-૪૮) ૬૪ અને ૮૧ ગૃહવાળાં મંડળોનું નિરૂપણ અગ્નિપુરાણ (૧૦૫.૫-૧૩) ઇકાશીતિપદનું નિરૂપણ (૯૩.૫-૩૦) ૬૪ પદના મંડળનું નિરૂપણ) ભવિષ્યપુરાણ, મધ્યમપર્વ, દ્વિતીયભાગ, ૧૦.૧-૧૫ ઇકાશીતિપદનું નિરૂપણ

૩. વૈખાનસાગમ, પટલ ૨. ૪. બૃહત્સંહિતા ૫૩.૪૨-૫૬. ૫. હયશીર્ષપંચરાત્ર, ૮.૧૮-૩૦. ૬. એજન, ૫.૮.૧૬.

૭. મયમત ૭.૧-૨૧. ૮. અપરાજિતપૃચ્છા ૫૭.૧-૬. ૯. શિલ્પરત્ન, ૬.૧-૨૩ ૧/૨.

પ્રાચીન ગ્રંથોમાં ચતુ:ષષ્ઠીપદવાસ્તુ અને ઇકાશીતિપદવાસ્તુ એમ ગૃહસંખ્યા મુજબ વાસ્તુમંડળના નામ આપવામાં આવ્યા છે જ્યારે પરવર્તી ગ્રંથોમાં ૧ થી ૧૦૨૪ ગૃહોવાળાં આ મંડળોને સકલ, પેચક વગેરે નામો આપવામાં આવ્યા છે. ૬૪ ગૃહવાળા વાસ્તુમંડળને અપરાજિતપૃચ્છામાં ભદ્રક કહેવામાં આવ્યું છે જ્યારે મયમતમાં તેને મણ્ડૂક કહ્યું છે. ૮૧ ગૃહવાળા વાસ્તુમંડળને આ ગ્રંથોમાં (ક્રમશઃ) કામદ અને પરમશાયિક નામ આપવામાં આવ્યું છે. વિભિન્ન પ્રકારના બાંધકામ માટે વિવિધ પ્રકારનાં મંડળોની શું ઉપયોગિતા છે તેની માહિતી અપરાજિતપૃચ્છામાં મળે છે. આ માહિતી કોષ્ટક-૧માં દર્શાવી છે. નોંધપાત્ર બાબત એ છે કે વાસ્તુપ્રતિષ્ઠા માટે માત્ર ૧૬,૪૯, ૮૧, ૧૦૦ અને ૧૦૨૪ ગૃહોવાળાં મંડળોનો જ ઉપયોગ થાય છે. લતિન, સ્ચ્યક અને એના જેવા અન્ય પ્રકારના પ્રાસાદના બાંધકામ માટે જ ૧૬ ગૃહવાળા વાસ્તુમંડળનો ઉપયોગ થાય છે.

પ્રાચીન મંદિરના જીર્ણોદ્ધાર સમયે ૪૯ ગૃહવાળા વાસ્તુમંડળનો ઉપયોગ થાય છે. ગ્રામ, ખેટ, પુર અને નગર એમ બધા જ પ્રકારના શહેરની રચના પૂર્વે ૬૪, ૮૧ અને ૧૦૦ ગૃહવાળાં મંડળોનો ઉપયોગ થાય છે. રાજાના મહેલ અને મોટાં મંદિરોના વિશાળ ભવન માટે આ મંડળોનો ઉપયોગ થાય છે. મેરુ કે કૈલાસ જેવા મોટાં બાંધકામ માટે એક હજાર ગૃહવાળા વાસ્તુમંડળનો ઉપયોગ કરવામાં આવે છે.

૦ વાસ્તુમંડળની આકૃતિ :

આકાર : વાસ્તુમંડળનો આકાર ગૃહ, પ્રાસાદ, મંદિર અથવા નગરની જગ્યા જેવો જ રાખવો જોઇએ. સામાન્યપણે ચોરસ કે લંબચોરસ આકારની જગ્યા જ પસંદ કરવામાં આવે છે. પરંતુ ઘણીવાર આવાં ભવનો અને નગરરચના ત્રિકોણ, વર્તુળ, અર્ધવર્તુળ કે અષ્ટકોણ આકારનાં પણ હોય છે. ભરતમુનિએ તેમના નાટ્યશાસ્ત્રમાં ત્રિકોણાકારની રંગભૂમિનો નિર્દેશ કર્યો છે. નદીકિનારે કે દરિયાકિનારે સ્થિત નગરની જગ્યાનો આકાર ઘણીવાર અર્ધવર્તૃળાકાર (ધનુરાકાર)[10] નિર્દિષ્ટ કરેલો છે. પદ્મનગરનો આકાર અષ્ટકોણીય છે.[11] આ ભવનો અને નગરની પ્રતિષ્ઠાવિધિ માટે સમાન આકારનાં વાસ્તુમંડળોનો ઉપયોગ થવો જોઇએ.

અહીં એ નોંધવું આવશ્યક છે કે આ વાસ્તુમંડળોનો ઉપયોગ માત્ર ધાર્મિક વિધિઓ પૂરતો જ મર્યાદિત નથી પરંતુ નગરયોજના અને પ્રાસાદ તેમજ મોટાં મંદિરોના વિવિધ ભાગોના આયોજન માટે પણ લાભદાયક છે. આ હેતુથી જેટલી મોટી રચના તેટલી જ વધારે ગૃહસંખ્યાવાળા વાસ્તુમંડળનો ઉપયોગ થવો જોઇએ. વાસ્તુમંડળનો આકાર ભવન અથવા નગરની જગ્યા જેવો જ રાખવો જોઇએ જેથી આયોજનમાં સરળતા રહે.

૦ મંડળનું ચિત્ર :

સ્થળની મધ્યમાં પ્રથમ ભૂમિને સ્વચ્છ કરી તેને સમતલ કરીને વાસ્તુમંડળ દોરવામાં આવે છે. ચંદન કે હળદર વગેરેમાં દોરીને બોળીને તેના વડે X-ધરી અને Y-ધરી પર ચેસ-બોર્ડ પર મળતી આકૃતિ જેવી એકબીજાને કાપતી ઊભી અને આડી સમાંતર રેખાઓ દોરવામાં આવે છે. ક્યારેક સોના કે ચાંદીના સળિયા વડે આ રેખાંકન કરવામાં આવે છે. આડાં અને ઊભાં ખાનાં બનાવવા માટે જરૂરી સમાંતર રેખાઓ હંમેશા ખાનાની સંખ્યા કરતા વધારે હોય છે. જેમ કે, આઠ આડાં કે ઊભાં ખાનાં દોરવા માટે ૯ સમાંતર રેખાઓ દોરવામાં આવે છે. આ રેખાઓને જુદાં જુદાં નામ આપવામાં આવે છે. ૬૪ ગૃહવાળા વાસ્તુમંડળની પૂ-પ (E-W) રેખાઓનાં નામ શ્રી, યશોમતી, કાંતા, સુપ્રિયા, પરા, શિવા, સુશોભા, સાધના અને ઇભા છે. ઉ-દ (N-S) રેખાઓના નામ ધન્યા, ધરા, વિશાલા, સ્થિરા, રૂપા, ગદા, નિશા, વિભવા અને પ્રભવા છે. વિશ્વકર્માપ્રકાશ[12] અને હયશીર્ષપંચરાત્રની[13] ટીકામાં આ નામોનો ઉલ્લેખ થયો છે.

---

૧૦. વિશ્વકર્માવાસ્તુશાસ્ત્ર, ૯.૬૦-૬૧.

૧૧. એજન, ૧૦.૯.૪૧-૪૭.

૧૨. વિશ્વકર્માપ્રકાશ, ૫.૪૭૯-૪૮૧.

૧૩. હયશીર્ષપંચરાત્ર, ૮.૧૮-૩૦.

વિશ્વકર્માપ્રકાશં અનુસાર ઇકાશીતિપદવાસ્તુમંડળની પૂર્વ-દક્ષિણ રેખાઓનાં નામ શાંતા, યશોમતી, કાંતા, વિશાલા, પ્રાણવાહિની, સતી, સુમના, નંદા, સુભદ્રા અને સુસ્થિતા છે. ઉ-દ રેખાઓનાં નામ હિરણ્યા, સુવ્રતા, લક્ષ્મી, વિભૂતી, વિમળા, પ્રિયા, જયા, કલા, વિશોકા અને ઇન્દ્રા છે. બૃહત્સંહિતાની[14] ટીકામાં ભટ્ટોત્પલે આ જ નામોનો નિર્દેશ કર્યો છે. વાસ્તુપ્રતિષ્ઠાવિધિનું વર્ણન કરતા વાસ્તુપ્રતિષ્ઠાસંગ્રહ[15] નામના લઘુગ્રંથમાં (જેના લેખક જયપુરના છે) એક કે બે નામોના ફેરફાર સિવાય આ તમામ નામોનો ઉલ્લેખ જોવા મળે છે. કલા માટે જવાલા અને સુસ્થિતા માટે સુરથા નામો મળે છે. નામોનો આ આંશિક ફેરફાર હસ્તપ્રતના લહિયાની ભૂલનું પરિણામ પણ હોઇ શકે છે.

ગૃહરચનાની દક્ષિણ ભારતીય પરંપરાને અનુસરનારા શિલ્પશાસ્ત્રના વાસ્તુવિદ્યા[16] નામના ગ્રંથમાં ઇકાશીતિપદમંડળની રેખાઓનાં નામ ભિન્ન મળે છે. પૂર્વ-દક્ષિણ રેખાઓનાં નામ ધર્મા, યશોવતી, ભદ્રા, સુભદ્રા, કામદા(ડા), શુભા, ચિત્રા, સૌમ્યા, સુધા અને ગૌરી છે. ઉત્તર-દક્ષિણ રેખાઓનાં નામ અમૃતા, વારુણી, શાંતા, આહ્લાદિની, બ્રહ્મવાદિની, મનોરમા, રતી, કાંતા અને જવાલિનિ છે. દસમી રેખાનું નામ આપવામાં આવ્યું નથી. વિશ્વકર્માપ્રકાશ, બૃહત્સંહિતાટીકા અને વાસ્તુપ્રતિષ્ઠાસંગ્રહ જેવા ઉત્તર ભારતીય ગ્રંથોમાં રેખાઓનાં આ નામો સમાન નથી. આ અસમાનતા દક્ષિણ ભારતીય પંરપરાને દર્શાવે છે. આ મંતવ્યની પુષ્ટિ માટે વધારે પ્રમાણોની આવશ્યકતા છે.

• વાસ્તુપુરુષ :

વાસ્તુમંડળના પ્રત્યેક ગૃહને એક દેવતા ફાળવવામાં આવે છે. વાસ્તુમંડળના દેવતાઓ અંગે એક આખ્યાન પણ કહેવામાં આવ્યું છે.[17] પ્રાચીન કાળમાં દેવો અને દાનવો વચ્ચે યુદ્ધ થયું. દાનવો યુદ્ધ હારવાની સ્થિતિમાં હતા. દાનવોના ગુરુ ભૃગુઋષિ ક્રોધિત થઇને પવિત્ર અગ્નિમાં બકરીનો બલિ આપે છે. સહસા એ અગ્નિમાંથી બકરીના મુખવાળો અત્યંત શકિતશાળી છાગાસુર નામનો દાનવ પ્રગટ થાય છે અને દેવો સાથે નવેસરથી યુદ્ધ લડે છે. બધા જ દેવો એક સાથે તે દાનવને તેનું મુખ ભૂમિ તરફ રાખીને ભોંય પર પછાડે છે. તે ઊભો થઇ ના શકે તે માટે તેના સીધા પડેલા શરીર પર બેસી જાય છે.[18] પછી, દેવતાઓ છાગાસુર સાથે સહમત થાય છે કે ગૃહનિર્માણ કે કોઇપણ વાસ્તુનિર્માણ પહેલા યજ્ઞમાં તેને તેનો ભાગ આપવામાં આવશે. તેથી આ અસુર જ વાસ્તુપુરુષ કહેવાયો. વિભિન્ન ગ્રંથો અનુસાર મંડળમાં વાસ્તુપુરુષના વિવિધ અંગોના સ્થળનિર્દેશ કોષ્ટક ૨માં દર્શાવ્યા છે.

• વિવિધ દેવતાઓની વ્યવસ્થા :

કોઇ પણ વાસ્તુમંડળમાં બ્રહ્માનું સ્થાન મધ્યગૃહ(પદ)માં હોય છે. બાહ્યસ્તરે જે તે દિશામાં આઠ લોકપાલનું સ્થાન હોય છે. ૪૯ કરતા વધારે ગૃહવાળા વાસ્તુમંડળની બધી જ દિશામાં મધ્યભાગ ઉપરાંત બે સ્તર હોય છે. બાહ્યસ્તર પર ૩૨ દેવતાઓ, અંતઃસ્તરના ખૂણામાં ૮ દેવતાઓ અને મુખ્ય દિશા તરફ અંતઃસ્તર પર ચાર દેવતાઓ હોય છે. આમ, કુલ ૪૫ દેવતાઓનો વાસ્તુમંડળમાં નિર્દેશ કરવામાં આવે છે.

સમરાંગણસૂત્રધાર અને અપરાજિતપૃચ્છામાં પ્રત્યેક દેવતાના નામના અર્થ નિઘણ્ટુ તરીકે આપ્યા છે. કોષ્ટક ૨માં આ માહિતી આપવામાં આવી છે. ભવિષ્યપુરાણમાં [19](કોષ્ટક ૩અ) દેવતાઓનાં વાહન, વસ્ત્રોના રંગ, હસ્તસંખ્યા અને હસ્તમાં ધારણ કરેલ વસ્તુઓ જેવી માહિતી દર્શાવવામાં આવી છે. વાસ્તુપ્રતિષ્ઠાસંગ્રહ ગ્રંથમાં વાસ્તુપુરુષની પૂજાપદ્ધતિ રાજસ્થાનની પરંપરા મુજબ ઉપલબ્ધ થાય છે. ઉપરોક્ત બે ગ્રંથો કરતા આ ગ્રંથમાં કેટલાક દેવતાઓનાં નામનો અર્થ ભિન્ન મળે છે. વાસ્તુપ્રતિષ્ઠાસંગ્રહ મુજબ જયંત એ કાશ્યપઋષિનું નામ નથી પરંતુ ઇન્દ્રના પુત્રનું નામ છે. હસ્તયુગ્મવાળા દેવ પૂષાણ (અથવા પૂષા) માતૃગણ નથી. બે હાથમાં શિલાખંડ અને વૃક્ષ ધારણ કરેલા છે તેવા સુગ્રીવ સંભવતઃ રામાયણના વાલિનો ભાઇ છે.

---

૧૪. *બૃહત્સંહિતા ૫૩.૪૨-૫૬.*
૧૫. *વાસ્તુપ્રતિષ્ઠાસંગ્રહ-ભારતીય ભાષા સંશોધક મંડળ, પુણેથી પ્રાપ્ત હસ્તપ્રત નં. ૬૫૭/૨.*
૧૬. *વાસ્તુવિદ્યા, ૬.૧૧-૧૨.*
૧૭. *શિલ્પરત્ન, ૭.૧-૭.*
૧૮. *વિશ્વકર્માપ્રકાશ, ૫.૪૬૦.*
૧૯. *ભવિષ્યપુરાણ, મધ્યમપર્વ, ભાગ-૨, અધ્યાય ૧૦.*

સમરાંગણસૂત્રધારમાં દર્શાવ્યા પ્રમાણે એ મનુ નથી. ભલ્લાટ એ ચંદ્ર નથી પરંતુ એક આદિવાસીનું સ્વરૂપ ધારણ કરેલા ભગવાન શિવ છે. દિતિને અસુરોની માતા તરીકે દર્શાવી છે. વિવસ્વાન યમ નથી પણ સંભવતઃ ચિત્રગુપ્ત છે. તેનો વર્ણ રુધિર જેવો લાલ દર્શાવવામાં આવ્યો છે. તે કમળ ઉપર બિરાજમાન છે અને મનુષ્યના કર્મનો સાક્ષી છે. આપવત્સ હિમાલયની પુત્રી નથી પરંતુ તે ચતુર્હસ્તવાળા અને સિંહાસનસ્થ દેવતા છે. આ એક રસપ્રદ બાબત છે કે દેવતાઓનાં નામોના અર્થ સમય અને સ્થળ અનુસાર બદલાય છે.

કોષ્ટક-૨ માં દર્શાવેલ દેવતાઓની સૂચિમાં સૌમ્ય અને ભયાનક બંને પ્રકારના દેવતાઓનો ઉલ્લેખ જોવા મળે છે. ભૃંગરાજ જેવા અસુરો અને કેટલાક રોગો, રાજયક્ષ્મા જેવા તત્ત્વોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ઇશ, રુદ્ર અને દિતિના નામથી શિવ ત્રણ વાર દર્શાવવામાં આવ્યા છે. ઇન્દ્ર, વરુણ, સૂર્ય અને યમ અને હિમાલય એ મહેન્દ્ર અને ઇન્દ્ર, પર્જન્ય અને વરુણ, આદિત્ય અને અર્યમા, યમ અને વિવસ્વાન, ગિરિ અને આપ એમ ક્રમશઃ બે વાર પુનરાવર્તિત થયા છે.

આકૃતિ નં. ૧ થી ૧૧ માં શિલ્પશાસ્ત્રના વિવિધ ગ્રંથો અનુસાર વિભિન્ન ગૃહસંખ્યાવાળાં મંડળોમાં વિવિધ દેવતાઓની યોજનાની વિવિધતા જોઇ શકાય છે.

માનસાર,[૨૦] મયમત[૨૧] અને શિલ્પરત્ન[૨૨] એમ ત્રણ ગ્રંથોમાં મહાપીઠ, ઉપપીઠ અને સ્થંડિલ (ક્રમશઃ ૧૬,૨૫ અને ૪૯ ગૃહો, આકૃતિ ૧ થી ૩)ના દેવતાઓના સ્થાપન અને વ્યવસ્થા સમાનરૂપે ઉપલબ્ધ થાય છે. મહાપીઠમાં બ્રહ્મા માટે ગૃહ ફાળવવામાં આવ્યું નથી. ૨૫ ગૃહવાળા ચોરસ મંડળમાં અને ૧૬ ગૃહવાળા વર્તુળાકાર મંડળના દેવતાઓની વ્યવસ્થા વિશ્વકર્માવાસ્તુશાસ્ત્રમાં[૨૩] (આકૃતિ ૪અ અને બ) દર્શાવી છે. આ વ્યવસ્થા ઉપર દર્શાવેલા ગ્રંથો કરતા ભિન્ન છે. અહીં ગૃહોનો ક્રમ ઘડિયાળના કાંટાની ગતિની દિશા મુજબ છે અને દેવતાઓનાં નામ આપવામાં કોઇ વ્યવસ્થિત પદ્ધતિ નથી. પ્રસ્તુત ગ્રંથમાં વાસ્તુમંડળનું નિરૂપણ એ રીતે ભિન્ન છે કે અહીં અન્ય ગ્રંથોમાં પ્રાપ્ત ૬૪ અને ૮૧ ગૃહોનાં વાસ્તુમંડળો દર્શાવ્યાં નથી. તેથી એવું અર્થઘટન ન કરી શકાય કે વિશ્વકર્માનો સંપ્રદાય બીજાથી ભિન્ન છે. કારણ કે વિશ્વકર્માપ્રકાશમાં દર્શાવેલ ૮૧ ગૃહોવાળું સ્થંડિલ અને દેવતાઓની વ્યવસ્થા બૃહત્સંહિતા (આકૃતિ ૯)* સાથે સામ્ય ધરાવે છે.

વિભિન્ન ગ્રંથો અનુસાર ૬૪ ગૃહવાળા મંડળની આકૃતિ ચાર પ્રકારની હોય છે. બૃહત્સંહિતા (આકૃતિ ૫)માં દર્શાવેલ દેવતાઓની વ્યવસ્થા અન્ય ગ્રંથો કરતા ભિન્ન છે. અગ્નિપુરાણ અને હયશીર્ષપંચરાત્ર (આકૃતિ ૬)માં આ વ્યવસ્થા સમાન છે. અપરાજિતપૃચ્છામાં દર્શાવેલ આ વ્યવસ્થા આકૃતિ ૬ કરતા થોડી ભિન્ન છે. આકૃતિ ૬માં અંતઃસ્તરના ખૂણાઓના આપ અને આપવત્સ જેવા દેવતાઓનાં બે ગૃહ છે જ્યારે અપરાજિતપૃચ્છામાં માત્ર એક જ ગૃહ છે. અતિપ્રસિદ્ધ એવી ૬૪ ગૃહવાળી દેવતાઓની વ્યવસ્થા આકૃતિ ૮માં દર્શાવ્યા મુજબની જ છે એમ લાગે છે. કારણ કે આ વ્યવસ્થા ભવિષ્યપુરાણ, મયમત, ઇશાનશિવગુરુદેવપદ્ધતિ[૨૫], વાસ્તુવિદ્યા[૨૬] અને શિલ્પરત્ન[૨૭] સાથે સામ્ય ધરાવે છે. અગ્નિપુરાણ અને હયશીર્ષપંચરાત્રમાં નિરૂપિત મંડળાકૃતિ ઉત્તરભારતીય પરંપરાની છે. અપરાજિતપૃચ્છામાં રાજસ્થાની સંપ્રદાયની છે જ્યારે ભવિષ્યપુરાણ અને અન્ય ગ્રંથોમાં નિરૂપિત મંડળાકૃતિઓ દક્ષિણભારતીય પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. ઇકાશીતિપદવાસ્તુમંડળમાં જોઇ શકાય છે કે ભૌગોલિક સ્થાન પર આધારિત વાસ્તુમંડળની આકૃતિઓનું વર્ગીકરણ કદાચ સાચું ન પણ હોય.

૮૧ ગૃહવાળા પરમશાયિક મંડળને ત્રણ પ્રકાર કે બે પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય છે. બૃહત્સંહિતા પ્રમાણેની તેની આકૃતિ, આકૃતિ ૯માં દર્શાવી છે. વિશ્વકર્માપ્રકાશ અને મત્સ્યપુરાણમાં દર્શાવેલી આકૃતિઓ આકૃતિ ૯ સાથે સામ્ય ધરાવે છે. આકૃતિ ૧૦માં નિરૂપિત દક્ષિણભારતીય

---

૨૦. માનસાર,૭.૯-૨૫. *૨૧. મયમત, ૭.૧-૨૧.*

૨૨. શિલ્પરત્ન, ૬.૧-૨૩ ૧/૨. *૨૩. વિશ્વકર્માવાસ્તુશાસ્ત્ર, ૯.૬-૧૬.* *૨૪. વિશ્વકર્માપ્રકાશ, ૫.૫૦૮-૫૧૮.*

** વિશ્વકર્માના નામથી અનેક ગ્રંથો ઉપલબ્ધ છે. ગ્રંથોની સંખ્યા કદાચ એ વાતનો પુરાવો આપે છે કે વિશ્વકર્માના નામથી રચાયેલા બધા જ ગ્રંથોના કર્તા એક વ્યક્તિ નથી.*

૨૫. ઇશાનશિવગુરુદેવપદ્ધતિ, સામાન્યપાદ,૧૧.૧૦-૧૮. *૨૬. વાસ્તુવિદ્યા, ૪.૩૫-૪૪.* *૨૭. શિલ્પરત્ન, ૬.૪૯-૫૦.*

અને ઉત્તરભારતીય બંને પરંપરાને અનુસરતી દેવતાની વ્યવસ્થા વધુ પ્રસિદ્ધ છે. (વાસ્તુવિદ્યા, શિલ્પરત્ન, કાશ્યપશિલ્પ, ઈશાનશિવગુરુદેવપદ્ધતિ, અગ્નિપુરાણ વગેરે) સમરાંગણસૂત્રધારમાં નિરૂપિત ૮૧ ગૃહવાળી મંડળાકૃતિ આકૃતિ ૧૦ સાથે સામ્ય ધરાવે છે. માત્ર અંતઃસ્તરના આપ, આપવત્સ વગેરે દેવતાઓને આકૃતિ ૧૧માં દર્શાવેલ બે ગૃહના સ્થાને એક ગૃહ ફાળવવામાં આવ્યું છે.

૧૦૦ અને ૧૦૨૪ ગૃહવાળાં મંડળોમાં દેવતાઓની વ્યવસ્થા ૬૪ ગૃહવાળા મંડળ જેવી જ હોય છે. એમ પણ નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે કે વિભિન્ન ગૃહસંખ્યાવાળાં મંડળોમાં દેવતાની વ્યવસ્થા ૬૪ ગૃહવાળા મંડળ અનુસાર જ કરવી જોઇએ અને એકી સંખ્યાના ગૃહવાળાં મંડળમાં આ વ્યવસ્થા ઇકાશીતિપદ મુજબ હોવી જોઇએ. ૧૦૦ ગૃહવાળાં કે તેથી વધારે ગૃહવાળાં મંડળોનું નિરૂપણ કરવામાં આવ્યું નથી કે આકૃતિ બનાવવામાં આવી નથી. આકૃતિ ૧ થી ૧૧માં ચોરસ કે લંબચોરસ સ્થળ માટેની વાસ્તુમંડળની આકૃતિઓનું નિરૂપણ કરેલું છે. આકૃતિ ૧૨ અને ૧૩માં ૬૪ અને ૮૧ ગૃહવાળી વર્તુળાકાર મંડળાકૃતિ દર્શાવવામાં આવી છે. તેની વિસ્તૃત માહિતી ભટ્ટોત્પલે બૃહત્સંહિતાની ટીકામાં આપી છે.

૦ વર્ણયોજના -

કોઇ ધાર્મિક કાર્ય માટે મંડળની આકૃતિ નિર્માણ કર્યા બાદ ચંદન અને કેસરના ચૂર્ણથી તેમાં રંગ પૂરવામાં આવે છે. કોષ્ટક-૪માં ભવિષ્યપુરાણ[૨૮], વિશ્વકર્માપ્રકાશ[૨૯] અને શિલ્પરત્ન[૩૦] પ્રમાણે વર્ણયોજના દર્શાવી છે. આ દર્શાવે છે કે વિભિન્ન ગ્રંથોમાં રંગયોજનાની એકરૂપતા નથી. વાસ્તુપ્રતિષ્ઠાસંગ્રહમાં દર્શાવેલ દેવતાઓના વર્ણ પ્રમાણે ગૃહના વર્ણ નથી.

વિભિન્ન ગ્રંથોમાં સફેદ, લાલ, પીળા અને કાળા એમ વિવિધ વર્ણોનું વર્ણન મળે છે. ભૂરા અને ધૂમ્ર જેવા ભૂરા વર્ણનો પણ નિર્દેશ મળે છે. એક જ વર્ણની જુદી જુદી રંગછટાઓ માત્ર શિલ્પરત્નમાં મળે છે. શ્વેતવર્ણને શ્વેત, શુક્લ, શંખ જેવો, અમૃત જેવો અને મોતી જેવો, કૃષ્ણવર્ણની જુદી જુદી રંગછટાઓને કૃષ્ણ, શ્યામ, દુર્વા ઘાસ જેવો, સંધ્યામેઘ જેવો અને ધૂમાડા જેવો; લાલ વર્ણને રક્ત, જપાપુષ્પ જેવો લાલ અને તાંબા જેવો લાલ; પીળા વર્ણને પીત, સુવર્ણ જેવો અને તપ્તકાંચન જેવો દર્શાવ્યો છે.

૦ ભવનનિર્માણયોજના તરીકે વાસ્તુમંડળ :

કોઇ નગરમાં પ્રાસાદનું નિર્માણ કરવાનું હોય ત્યારે નગરની યોજનાને ચતુઃષષ્ઠીપદવાસ્તુમંડળની જેમ ૬૪ ભાગમાં વહેંચવામાં આવે છે અને રાજાના પ્રાસાદને મિત્રપદ એટલે કે પશ્ચિમ દિશાના અંતઃસ્તર પર મૂકવામાં આવે છે. ત્યારબાદ પ્રાસાદની આ જગ્યાના ૮૧ પદમાં વિભાગ કરવામાં આવે છે. નિવાસ અને કાર્યાલયનાં ભવન જુદા જુદા પદ પર નક્કી કરવામાં આવે છે. ઇકાશીતિપદવાસ્તુમંડળના મિત્ર પદ પર રાજાનું નિવાસ નક્કી થાય છે. કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ અંતઃપુર, મંત્રીનિવાસ, રાજકાર્યાલય અને મંત્રીકાર્યાલય વગેરેને જુદાં જુદાં પદ ફાળવવામાં આવે છે.[૩૧]

નોંધપાત્ર બાબત એ છે કે વિભિન્ન પ્રયોજન માટે નિર્દિષ્ટ ગૃહોનાં સ્થળ વિભિન્ન પદના દેવતાઓના સ્વભાવ મુજબ જોવા મળે છે. સત્યપદ પર ન્યાયાલય, ગંધર્વપદ પર રંગભૂમિ, નર્તક અને કલાકારના નિવાસ, વરુણપદ પર કૂવો, રોગપદ પર દવાખાનું, સોમપદ પાસે છત્ર, ચામર, રાજ્યાભિષેકગૃહ વગેરે જેવાં રાજકીય ચિહ્નો દર્શાવ્યાં છે.

મંદિર અને તેને સંલગ્ન અન્ય ભવનોની પદ મુજબ વહેંચણી કોષ્ટક-૬માં આપેલ છે. વાસ્તુપદમંડળમાં દર્શાવેલ સ્થળયોજનાની જેમ વિભિન્ન ભવનોની વહેંચણી કરવામાં આવી છે એમ કહી શકાય.[૩૨]

---

૨૮. *ભવિષ્યપુરાણ,મધ્યમપર્વ, ભાગ-૨, ૧૦.૧૮-૨૩.*

૨૯. *વિશ્વકર્માપ્રકાશ, ૫.૫૧૯-૫૪૧.*

૩૦. *શિલ્પરત્ન, ૭.૪૧-૪૫.*

૩૧. *સમરાંગણસૂત્રધાર, ૧૫.૧-૫૦ ૧/૨.*

૩૨. *વિશ્વકર્માવાસ્તુશાસ્ત્ર, ૧૧.૯-૧૪.*

એ જ પ્રમાણે, વિભિન્ન વર્ણના લોકોના નિવાસ, વિભિન્ન કાર્યકર્તાઓ, નગરનાં જુદાં જુદાં બજારો વગેરેનાં ગૃહોનાં સ્થળોને વાસ્તુમંડળના જુદાં જુદાં પદો ફાળવવામાં આવે છે. વાસ્તુપદમંડળમાં દર્શાવેલ વિવિધ દેવતાઓનાં સ્થળ પ્રાસાદ, મંદિર કે નગરના વાસ્તુનાં પ્રયોગશીલ અંગોને નક્કી કરવામાં માર્ગદર્શન આપે છે.

આકૃતિ-૭માં દર્શાવેલ વાસ્તુમંડળ પર દૃષ્ટિ કરતા જણાય છે કે યુદ્ધનિષ્ણાત એવા ઈશ, જયંત, મહેન્દ્ર, અર્યમા વગેરે દેવતાઓ પૂર્વ દિશાના બાહ્ય અને અંતઃસ્તરને ફાળવેલા છે. દક્ષિણ દિશામાં ગંધર્વ ઉપરાંત યમ, પૂષા, વિતથ, ભૃંગરાજ જેવા ભયાનક દેવતાઓ પણ છે. પશ્ચિમના બાહ્યસ્તરના દેવતાઓ પણ આ મુજબ છે. બીજી બાજુ ઉત્તર દિશાના બાહ્યસ્તર પર પૂજનીય એવો સર્પ, ચંદ્ર, કુબેર, દેવમાતા વગેરે દર્શાવેલ છે. સમરાંગણસૂત્રધારમાં દર્શાવેલ નગરરચના વિભિન્ન પદોને ફાળવેલા દેવતાઓની પ્રકૃતિ પર આધારિત છે.[૩૩] (જુઓ આકૃતિ ૧૪) પૂર્વદિશાના બાહ્યસ્તરને સૈન્ય, છાવણીઓ, ગોદામ, રથ, અશ્વ વગેરે, અર્યમાપદ પર સેનાપતિઓના નિવાસ, દક્ષિણદિશાના બાહ્યસ્તર પર સુથાર, લુહાર, મોચી વગેરે, વિવસ્વાનપદ પર શ્રીમંત લોકોના નિવાસ, ગંધર્વપદ પર કલાકાર, નર્તક વગેરે, પશ્ચિમદિશાના બાહ્યસ્તર પર રથકાર, શસ્ત્રકાર અને ક્ષત્રિય વર્ણના લોકો, અંતઃસ્તર એટલે કે મિત્રપદ પર પ્રમુખ, ખજાનચી, મુખ્યમંત્રી વગેરેના નિવાસ અને કાર્યાલયો, ઉત્તરદિશામાં બ્રાહ્મણો, ભક્તો અને બ્રહ્મસભા દર્શાવ્યાં છે.

નિવાસો, કાર્યશાળાઓ, કાર્યાલયો વગેરેનાં સ્થળો નગરને આવરી લેતા જુદાં જુદાં વિભિન્ન પદોના દેવતાની પ્રકૃતિને આધારિત હોય છે. પરિણામે જોઇ શકાય છે કે દેવતાઓની વ્યવસ્થા અને વિભિન્ન પ્રકારના વાસ્તુમંડળની આકૃતિઓ વાસ્તુપ્રતિષ્ઠાવિધિની શરૂઆતમાં ધાર્મિક હેતુ માટે જ નથી હોતી પરંતુ વિભિન્ન અંગોની ફાળવણીના નિર્દેશ માટે હોય છે. વિભિન્ન પદોની ફાળવણી વાસ્તુપદમંડળમાં દર્શાવેલ વિભિન્ન દેવતાઓની સ્થિતિ અને પ્રકૃતિને આધારિત હોય છે.

ETI SHUBHAM

Source : Journal of the Oriental Institute, Vol. 28, Nos. 3-4, (pp. 107-138) March-June 1979, Vol. 40, Nos. 1-2, (pp. 59- 66), Sep- Dec,1990, The M.S.U., Baroda.

૩૩. સમરાંગણસૂત્રધાર, ૧૦.૮૮-૧૦૨.

કોષ્ટક-૧

ગૃહની સંખ્યા	મંડળનું નામ	ઉપયોગિતા
૧ X ૧ = ૧	સ્વસ્તિક	વિદ્યારંભ માટે
૨ X ૨ = ૪	પુષ્પક	તીર્થસ્થાન જવાના સમયે
૩ X ૩ = ૯	નંદ	જંગલમાં જવાના સમયે
૪ X ૪ = ૧૬	ષોડશ	લતિન, સ્ચ્યક જેવાં ગૃહો અને મંડપ વગેરે માટે
૫ X ૫ = ૨૫	કુલતિલક	દીક્ષા માટે
૬ X ૬ = ૩૬	સુમદ્રક	શુભ કાર્ય કરતી વખતે
૭ X ૭ = ૪૯	મરીચિગણ	જીર્ણોદ્ધાર માટે
૮ X ૮ = ૬૪	ભદ્રક	શહેર, ખેટ, ખર્વટ, પુર, નગર વગેરેના આયોજન માટે
૯ X ૯ = ૮૧	કામદ	નિવાસ માટે
૧૦ X ૧૦ = ૧૦૦	ભદ્ર	વિવિધ પ્રાસાદ અને મંડપ માટે
૩૨ X ૩૨ = ૧૦૨૪	સર્વતોદ્ભવ	મેરુ જેવા પ્રાસાદો માટે

(અપરાજિતપૃચ્છા, ૫૭.૧-૬ અનુસાર)

કોષ્ટક-૨

વાસ્તુપુરુષનું અંગ	કાશ્યપશિલ્પ (૨.૨૨-૩૧)	સમરાંગણસૂત્રધાર (૧૪.૨-૧૦)	શિલ્પરત્ન (૭.૨૯ ૧/૨-૩૮) અને વાસ્તુવિદ્યા (૪.૪૮-૫૨)
માથુ	ઈશ	અગ્નિ	ઈશ
પંજો (પાદ)	--	---	નિર્ઋતિ
ઘૂંટણ અને કોણી	અગ્નિ અને વાયુ	--	અગ્નિ અને વાયુ
કાન	જયંત, અદિતિ	જયંત, અદિતિ	--
ડાબી આંખ	દિતિ	દિતિ	પર્જન્ય
જમણી આંખ	પર્જન્ય	પર્જન્ય	દિતિ
મુખ	આપ	વાયુ	આપ
ડોક	આપવત્સ	---	આપવત્સ
ખભા	--	--	જયંત, અદિતિ
ખભાથી કોણી	---	રવિ, સોમ	મહેન્દ્ર, અર્ગલા
માનસારના સંપાદક, ભાષાન્તરકાર અને ટીકાકાર પી. કે. આચાર્ય માનસારનો અતિશય વહેલો (ગુપ્ત સમયગાળાનો) સમય દર્શાવે છે અને તેને સ્થાપત્યના તમામ પાસાંઓના નિદર્શનનો અજોડ સોત ગણે છે, જેણે પુરાણો તથા આગમો તેમજ સ્થાપત્ય વિષયના વધારે અધિકૃત ગ્રન્થો જેવા કે બૃહત્સંહિતા અથવા [૨] મયમતને પ્રભાવિત કર્યા છે. તેમની દલીલોમાંની એક એ હતી કે [૩] માનસાર સ્થાપત્ય સાથે વ્યવહાર કરનાર ગ્રંથોમાં સૌથી વધારે "સંપૂર્ણ" હતો. એ અર્થમાં કે બીજા ગ્રંથોમાં દર્શાવેલ બધા વિશિષ્ટ વર્ગો તેમાં મળી આવે છે. ટી. ભટ્ટાચાર્ય [૪] આનો વિરોધ કરે છે. તેઓના માનવા પ્રમાણે ઉપર્યુક્ત દલીલ કેટલાક અંશે મોડા સમયગાળાની તરફેણ કરે છે.

મયમતના સમયગાળા વિષે શ્રીમતી કપિલા વાત્સ્યાયન ઉપર્યુક્ત મયમતની આવૃત્તિમાં [૫] ઈ.સ. ૧૧ થી ૧૨મા સૈકા વચ્ચેનો સમયગાળો જણાવે છે.

"સમરાઙ્ગણસૂત્રધાર" [૬] ના કર્તા ધારા નગરીના પ્રખ્યાત રાજા ભોજદેવ હતા, જેમનો રાજ્યકાળ [૭] ઈ.સ. ૧૦૧૮ થી ૧૦૬૦ પર્યન્ત હતો.

---

૦૦૧ જુઓ. માનસાર ઋષિદ્વારા રચિત વાસ્તુશાસ્ત્ર "માનસાર" શિવ વર્મા, શોભા વર્માના હિન્દી અનુવાદ સહિત. પ્રકાશક-સ્થાપત્ય વેદ શિક્ષણ સંસ્થાન, ૨/૫, સાઉથ તુકોગંજ, સૂર્યા એપાર્ટમેન્ટની સામે, પ્રથમાવૃત્તિ ૨૦૦૧ કિં. રૂા. ૨૫૦/- ઈન્દોર-૪૫૨૦૦૧. આ લેખના ઘણા સંદર્ભો આ આવૃત્તિના છે.

૦૦૨ જુઓ. "મયમતમ્" કલામૂલશાસ્ત્ર ગ્રન્થમાલા-૧૪, જનરલ એડિટર, કપિલા વાત્સ્યાયન, ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ્, ન્યુ દિલ્હી અને મોતીલાલ બનારસીદાસ પબ્લિશર્સ પ્રાઈવેટ લિ. દિલ્હી. "મયમતમ્" સંસ્કૃત ગ્રન્થ, બ્રુનો ડાગેન્સ દ્વારા સંપાદિત અને અંગ્રેજી ભાષાન્તરિત, પ્રથમ ભાગ, પ્રથમાવૃત્તિ ૧૯૯૪, પુનર્મુદ્રણ ૧૯૯૭, પ્રકાશકઃ ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ, સેન્ટ્રલ વિસ્ટા, જનપથ, ન્યુ દિલ્હી-૧૧૦ ૦૦૧, સહયોગી મોતીલાલ બનારસીદાસ પબ્લિશર્સ પ્રાઈવેટ લિ., બંગલો રોડ, જવાહરનગર, દિલ્હી-૧૧૦ ૦૦૭. આ લેખના કેટલાક સંદર્ભો આ આવૃત્તિના છે.

૦૦૩ જુઓ. પી.કે.આચાર્ય "ઈન્ડિયન આર્કિટેક્ચર એકોર્ડિંગ ટુ માનસાર-શિલ્પશાસ્ત્ર" (ઑક્સફોર્ડ ૧૯૩૪, રિપ્રિન્ટ ન્યુ દિલ્હી ૧૯૮૧) પૃ.૧૬૦-૯૮. ઉલ્લેખ માટે મયમતની ઉપર્યુક્ત આવૃત્તિની ઈન્ટ્રોડકશન પૃ.૪૫.

૦૦૪ જુઓ. ટી. ભટ્ટાચાર્ય, "ધ કેનન્સ ઑફ ઈન્ડિયન આર્ટ" (કેલકટા૧૯૬૩)પૃ.૧૮૩-૯૫. ઉલ્લેખ માટે મયમતની ઉપર્યુક્ત આવૃત્તિ, ઈન્ટ્રોડકશન પૃ.૪૫

૦૦૫ જુઓ. મયમતની ઉપર્યુક્ત આવૃત્તિમાં કપિલા વાત્સ્યાયનના "ફોરવર્ડ ટુ મયમત"માં પૃ.૭.

૦૦૬ જુઓ. ભોજદેવકૃત "સમરાઙ્ગણસૂત્રધાર" વાસ્તુશાસ્ત્રમ્, ભાગ ૧, સમ્પાદક પ્રો. પુષ્પેન્દ્ર કુમાર, પ્રકાશક : ન્યુ ભારતીય બુક કોર્પોરેશન, ૫૫૭૪-એ, સીએચ. કાશીરામ માર્કેટ, દુર્ગા કોમ્પ્લેક્ષ, ન્યુ ચન્દ્રાવલ, દિલ્હી-૧૧૦૦૦૭. આ લેખના સંદર્ભો આ આવૃત્તિના છે.

૦૦૭ જુઓ. ધારાનગરીના રાજા ભોજ હિંદુસ્તાનના સૌથી શ્રેષ્ઠ રાજકર્તાઓમાંના એક હતા. તેઓએ ઈ.સ.૧૦૧૮ થી ૧૦૬૦ પર્યન્ત રાજ્ય કર્યું. જુઓ. "સમરાઙ્ગણસૂત્રધાર" ઉપર્યુક્ત આવૃત્તિ, ઈન્ટ્રોડકશન (ઉપોદ્ઘાત) પૃ. ૫૧.

સમરાङ્ગણસૂત્રધાર ૮૩ અધ્યાયોમાં [૮] વિભાજિત થયેલ છે. સમરાङ્ગણસૂત્રધારની માફક "અપરાજિતપૃચ્છા" પણ ગામડાંઓ વિષે વધારે વિગતવાર વ્યવહાર નથી કરતો. આ બંને ગ્રંથો [૯] સમકાલીન હોવાથી તેઓ મધ્યયુગીન શહેરીકરણનું વલણ બતાવે છે, જ્યારે લેખકોના મનમાં મોટાં શહેરો ખાસ કરીને રાજધાનીઓ વધારે આગળ પડતી હતી. સમરાङ્ગણસૂત્રધારના ૮૩ અધ્યાયોમાંથી કેવળ ગૃહસ્થાપત્યને લગતા લગભગ એક ડઝન [૧૦] અધ્યાયો છે.

અપરાજિતપૃચ્છા [૧૧] શબ્દશઃ "અપરાજિત દ્વારા રચિત પ્રશ્નાવલિ" [૧૨] વિશ્વકર્મા દ્વારા વાસ્તુવિજ્ઞાનના સિદ્ધાન્તો અને પ્રચલિત પદ્ધતિનો તુલનાત્મક પદ્ધતિથી વિગતે સમજાવવામાં આવેલો ગ્રન્થ છે. જેમાં વિશ્વકર્મા દ્વારા તેઓના ચાર માનસ પુત્રોમાંના સૌથી નાના પુત્ર અપરાજિત દ્વારા તેમને પૂછવામાં આવેલી પ્રશ્નાવલિનો ઉકેલ આપવામાં આવેલ છે.

આ ગ્રન્થ બીજી રીતે "સૂત્રસંતાનગુણકીર્તિપ્રકાશ" અથવા ટૂંકી અને સ્પષ્ટ રીતે "સૂત્રસન્તાન" તરીકે જાણીતો છે. જો કે ડૉ. ટી. ઑફ્રિટ આ ગ્રન્થના કર્તા તરીકે ભવદેવની નોંધ કરે છે, તો પણ દરેક (કોલોફોન્સ) પુષ્પિકાઓ કાંઇપણ ફેરફાર વિના "શ્રીભુવનદેવાચાર્યોક્તાપરાજિતપૃચ્છા" વગેરે દર્શાવે છે. ભુવનદેવાચાર્ય ગ્રંથના મૂળ પાઠ પ્રમાણે [૧૩] વિશ્વકર્મા સિવાય બીજો કોઇ દેખાતો નથી. જેઓ વાસ્તુશાસ્ત્રની નાગર શૈલીના સૌથી જૂના વિવરણકારોમાંના એક છે.

અપરાજિતપૃચ્છાએ જયપૃચ્છા, વિશ્વકર્મવાસ્તુશાસ્ત્ર, સમરાङ્ગણસૂત્રધાર અને બીજા [૧૪] ગ્રંથો જેવા કે સ્કન્દપુરાણ, શ્રીમદ્ભાગવત, વિષ્ણુપુરાણ, શિવપુરાણ તથા બીજા પુરાણોનો ઉપયોગ કર્યો છે અને તેની સામગ્રીને સૂત્રરૂપે રજૂ કરી છે.

આ ગ્રંથનો અજોડ સ્વભાવ એ હકીકતમાં કેન્દ્રિત થયેલો છે કે તેની નિરૂપણ પદ્ધતિ સમરાङ્ગણસૂત્રધારથી ભિન્ન રીતે જો કે સૂત્રાત્મક છે તો પણ તે તુલનાત્મક [૧૫] પદ્ધતિ ઉપર આધારિત છે. નાગર, દ્રાવિડ, ભૂમિજ વગેરે કેટલાક પ્રાસાદોના ભિન્નત્વના મુદ્દાઓ સ્પષ્ટ રીતે દેખાય તેવી રીતે દર્શાવ્યા છે. એટલે સુધી કે સ્થાપત્યની ભિન્ન ભિન્ન શૈલીઓ સ્પષ્ટરીતે જુદી પાડવામાં આવી છે.

વાસ્તુના છંદને [૧૬] (બાંધકામોની યથાર્થદર્શનકળાના દષ્ટિકોણને) સમરાङ્ગણસૂત્રધારમાં છે તેના કરતાં વધારે વિગતવાર વર્ણવવામાં આવેલ છે. સ્થાપત્યના સામાન્ય ગ્રન્થોમાં છન્દનું આ પાસું સામાન્ય રીતે જોવા મળતું નથી.

એવી જ રીતે કણ્ટકો [૧૭] (પોચી નરમ માટી) સ્થાપત્યની ભિન્ન ભિન્ન પ્રકારની શૈલીઓને એટલે કે નાગર, દ્રાવિડ, વેસર, કલિङ્ગ, યામુન અને વ્યન્તરને બંધ બેસે તેવા, સાત સ્વર્ગોના સંબંધમાં સપ્તમાલિકા ઘટના, ભારતીય પંચાંગના માત્ર પાંચ અંગોને બદલે બ્રહ્મકલ્પ અને મન્વન્તરોથી માંડી તેઓના હેઠળ આવતા જુદા જુદા યુગોમાં થતા વિષ્ણુના અવતારોની સાલવારી [૧૮] વગેરે કેટલાક અસામાન્ય વિશિષ્ટ લક્ષણોની અપરાજિતપૃચ્છામાં ચર્ચા કરવામાં આવી છે.

અપરાજિતપૃચ્છાનો સમયગાળો [૧૯] ઇ.સ. ૧૨મા તથા ૧૩મા સૈકાના પ્રથમાર્ધ વચ્ચે છે.

---

૦૦૮ જુઓ. "સમરાङ્ગણસૂત્રધાર", ઉપર્યુક્ત આવૃત્તિ, ઇન્ટ્રોડકશન, પૃ. ૫૨

૦૦૯ જુઓ. "સમરાङ્ગણસૂત્રધાર", ઉપર્યુક્ત આવૃત્તિ, ઇન્ટ્રોડકશન, પૃ. ૬૨

૦૧૦ જુઓ. "સમરાङ્ગણસૂત્રધાર", ઉપર્યુક્ત આવૃત્તિ, અધ્યાયો ૮,૧૯ થી ૨૬,૨૮,૨૯,૩૪,૩૫,૩૯.

૦૧૧ જુઓ. ભુવનદેવાચાર્યવિરચિત "અપરાજિતપૃચ્છા", પોપટલાલ અંબાશંકર માંકડ દ્વારા પ્રસ્તાવના સાથે સંપાદિત, ગાયકવાડ ઓરિએન્ટલ સિરિઝ નં. ૧૧૫, જનરલ એડિટર, ડૉ. બી. ભટ્ટાચાર્ય, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, બરોડા. આ લેખના સંદર્ભો આ આવૃત્તિના છે.

૦૧૨-૦૧૯ જુઓ. ઉપર્યુક્ત આવૃત્તિની "પ્રિફેસ" (પ્રસ્તાવના) પૃ. ૧, ૩ અને ૧૨

પ્રાચીન ભારતમાં સમયે સમયે વાસ્તુશાસ્ત્રના સિદ્ધાન્તોના પ્રચાર માટે ૧૮ શિક્ષકો [૨૦] નોંધવામાં આવ્યા છે. તેઓના નામો ભૃગુ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વકર્મા, મય, નારદ, નગ્નજિત, વિશાલાક્ષ, પુરન્દર, બ્રહ્મા, કુમાર, નન્દીશ, શૌનક, ગર્ગ, વાસુદેવ, અનિરુદ્ધ, શુક્ર અને બૃહસ્પતિ એ પ્રમાણે મત્સ્યપુરાણમાં આપવામાં આવેલ છે, જે નીચેના શ્લોક ૨ થી ૪ માં જણાવ્યા પ્રમાણે છે.

વિશ્વકર્માપ્રકાશમાં [૨૧] ગુરુપરંપરાનો [૨૨] નીચે પ્રમાણે ઉલ્લેખ છે. ગર્ગે પરાશરને વાસ્તુશાસ્ત્ર વિગતે સમજાવ્યું, જેમણે તેને બૃહદ્રથને સમજાવ્યું અને બૃહદ્રથ પાસેથી વિશ્વકર્માને આ શાસ્ત્રના તમામ સિદ્ધાન્તો જાણવામાં આવ્યા. વિશ્વકર્માએ વાસુદેવાદિને કહ્યા. અહીં એ જોવું જોઇએ કે વસિષ્ઠ, ગર્ગ, અત્રિ વગેરે પરાશરના પુરોગામી હતા.

શિલ્પરત્નમ્‌માં શરૂઆતના મંગલશ્લોક ૨-૩માં મયની પહેલા [૨૩] વિશ્વકર્માને મદદ માટે પ્રાર્થના કરી છે, કારણ કે સ્થપતિઓમાં પહેલાંનો અર્થાત્ વિશ્વકર્મા પછીનાના કરતાં વધારે જૂનો હતો.

સનત્કુમાર વાસ્તુશાસ્ત્ર નં. ૧૩૦૬૦ (સંસ્કૃત પોથીઓ). ઉપર્યુક્ત ગ્રંથમાં વાસ્તુશાસ્ત્રના [૨૪] તજજ્ઞો નીચે પ્રમાણે દર્શાવ્યા છે.

બ્રહ્મા, ઈન્દ્ર, યમ, ભાર્ગવ, અંગિરસ, ગૌતમ, ગાર્ગ્ય, મનુ, વ્યાસ, ભૃગુ, વિશ્વકર્મન્ અને બીજાઓ.

વિશ્વકર્મન્ - પૌરાણિક પરંપરામાંથી તારવી કાઢેલી તેઓની વંશાવળિ તેઓને વેન [૨૫] રાજા સુધી પાછળ લઇ જાય છે, જે સુમેરિયન સંસ્કૃતિમાં જુદી રીતે Berossus (બેરોસસ) ના Oannes (ઓએનસ) તરીકે જાણીતો હતો.

ઓછામાં ઓછું આટલું દેખીતું છે કે એક બાજુએ સુમેરિઅન સંસ્કૃતિ અને બીજી બાજુએ નર્મદા ખીણની સંસ્કૃતિ વચ્ચે વિશ્વકર્મા એ એક જોડતી [૨૬] કડી બન્યા હતા.

• વિશ્વકર્માની વંશાવળિ

અત્રિના વંશજ રાજા અંગને વેન (અથવા સુમેરિયનોનો Oannes of Berossus) નામે એક પુત્ર હતો. આ વેન પછી ભારતવર્ષમાં પૃથુ ગાદીએ આવ્યો. તેને બે પુત્રો હતા. હવિધાની અને હવિર્ધામ. હવિર્ધામ શિખંડિનીને પરણ્યો. જેણે એક પુત્ર પ્રાચીનબર્હિષને જન્મ આપ્યો.

---

૦૨૦ સરખાવો. प्रासादभवनादीनां निवेशं विस्तराद्वद । कुर्यात् केन विधानेन कश्च वास्तुरुदाहृतः ॥१॥
सूत उवाच- भृगुरत्रिर्वसिष्ठश्च विश्वकर्मा मयस्तथा । नारदो नग्नजिच्चैव विशालाक्षः पुरन्दरः ॥२॥
ब्रह्मा कुमारो नन्दीशः शौनको गर्ग एव च । वासुदेवोऽनिरुद्धश्च तथा शुक्रबृहस्पती ॥३॥
अष्टादशैते विख्याता वास्तुशास्त्रोपदेशकाः । संक्षेपेणोपदिष्टन्तु मनवे मत्स्यरूपिणा ॥४॥
મત્સ્યપુરાણ-અધ્યાય ૨૫૨, શ્લોક ૧-૪ જુઓ. ઉપર્યુક્ત આવૃત્તિ, ઈન્ટ્રોડકશન (ઉપોદ્‌ઘાત) પૃ.૮૭

૦૨૧ જુઓ. શ્રીવિશ્વકર્માપ્રકાશ, ગુજરાતી અનુવાદકર્તા ડૉ.બી.એન.ભટ્ટ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૮.

૦૨૨ જુઓ. इति प्रोक्तं वास्तुशास्त्रं पूर्वं गर्गाय धीमते ॥१३९९॥ गर्गात् पराशरः प्राप्तस्तस्मात् प्राप्तो बृहद्रथः । बृहद्रथाद्विश्वकर्मा प्राप्तवान् वास्तुशास्त्रकम् ॥१४००॥ स विश्वकर्मा जगतो हितायाकथयत । पुनः वासुदेवादिषु पुनर्भूलोके भक्तितोऽब्रवीत् ॥१४०१॥
વિશ્વકર્માપ્રકાશ, ઉપર્યુક્ત આવૃત્તિ, અધ્યાય ૧૩, શ્લોક ૧૩૯૯ થી ૧૪૦૧ પૃ.૯૯-૧૦૦.

૦૨૩ જુઓ. पारुष्यांगो येन चादौ युगानां वास्या तद्वा स्निग्धतां प्रापितोऽर्कः । नित्यं देवैरर्चितो विश्वकर्मा सोऽयं भूयात् सर्वलोकोदयाय ॥२॥
त्रिपुरपुरत्रयरचना यत्करयोः कर्मचातुरी जाता । शिल्पिवरं तं दनुजैरर्चितचरणं मयं वन्दे ॥३॥ शिल्परत्नम्
શરૂઆતના મંગલશ્લોકો ૨-૩ જુઓ, અપરાજિતપૃચ્છા, ઉપર્યુક્ત આવૃત્તિ ઈન્ટ્રોડકશન, પૃ.૮૭

૦૨૪-૦૨૬ જુઓ. અપરાજિતપૃચ્છા, ઉપર્યુક્ત આવૃત્તિ, ઈન્ટ્રોડકશન (ઉપોદ્‌ઘાત) પૃ.૮૭, ૮૮.

આ રાજાએ અગણિત યજ્ઞો કરેલા હોવાથી એમ કહેવાય છે કે તેના સમયમાં પૃથ્વી દર્ભોથી ઢંકાઇ ગઇ હતી. એટલો બધો તે રાજા ધાર્મિક વૃત્તિનો હતો. તેણે સમુદ્રની પુત્રી સાથે લગ્ન કર્યું જેનાથી તેને દસ પ્રચેતા તરીકે જાણીતા પુત્રો થયા. તેઓ બધા ધનુર્વિદ્યામાં નિષ્ણાત હતા. એક વખતે તેઓ દરિયાઇ મુસાફરીએ નીકળ્યા, જેમાં તેઓએ પૂરાં બાર વર્ષ વીતાવ્યાં. તેઓની ગેરહાજરી દરમ્યાન આખો દેશ ઉજ્જડ થઇ ગયો અને ગાઢ જંગલના રૂપમાં વૃદ્ધિ પામ્યો. તેઓ પાછા ફર્યા ત્યારે જ્યાં પહેલાં લીલી હરિયાળી ખેતી હતી ત્યાં તેઓને ગાઢ જંગલ સિવાય કાંઇ ન મળ્યું. સદ્ભાગ્યે એમ થયું કે દેશ ગરમ ભેજવાળા તોફાની ચક્રવાતોની ઝપટમાં આવ્યો પરિણામે લગભગ બધાં જ વૃક્ષો ઉખડી ગયાં અને બળી ગયાં, અને તે ધીકતા અને પડેલા ભંગારમાંથી એક સુંદર યુવતી પ્રગટ થઇ. પછી પ્રચેતાઓની સન્મુખ [૨૭] સોમ પોતે પ્રગટ થયા જેઓને તેમણે લગ્નમાં આ સુંદરીનો હાથ આપ્યો. આ સુંદરી વખત જતાં દક્ષની માતા બની.

આ દક્ષે પોતાની જાતિની પુનરૂત્પત્તિ કરવા માટે ઘણા રસ્તા અજમાવ્યા પણ નિરર્થક થયા. પ્રસંગોપાત્ તેઓ વીરણ પ્રજાપતિની દીકરીને પરણ્યા અને તેના દ્વારા તેમને સાઠ પુત્રીઓ પ્રાપ્ત થઇ. આમાની દસ લગ્નમાં ધર્મને આપી. તેઓ અરુન્ધતી, વસુ, જામિ, લંબા, ભાનુ, મરુત્વતી, સંકલ્પા, મુહૂર્તા, સંધ્યા અને વિશ્વા હતી. તપસીલમાંની બીજી અર્થાત્ વસુએ આઠ વસુઓને જન્મ આપ્યો. તેઓ ધર, ધ્રુવ, સોમ, અહ, અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાસ (કેટલીકવાર અહની જગાયે આપ મૂકેલ છે). પ્રભાસ વસુઓમાંના છેલ્લા વસુ વિશ્વકર્માના [૨૮] પિતા હતા.

• વિશ્વકર્મા - બીજી વંશાવળિ

ઉપર આપેલી વંશાવળિથી તદ્દન જુદી જ વિશ્વકર્માની વંશાવળિ માનસારનો બીજો [૨૯] અધ્યાય આપે છે. અહીં વિશ્વકર્માને બ્રહ્માના પુત્ર તરીકે અને ઇન્દ્રની પુત્રીના પતિ તરીકે વર્ણવેલા છે. તેઓ પ્રભાસવસુના પુત્ર તરીકે જેમાં ગણાવાયેલા છે તે સાથે આ વર્ણનને સંવાદિતતામાં લાવવું મુશ્કેલ છે. માનસારના વિશ્વકર્મા ઇતિહાસના ઘણા દૂરના નોંધપાત્ર સમયગાળામાં વિદ્યમાન હતા. બ્રહ્મા સૌથી અગ્રગણ્ય આક્રમણકાર અને હિંદમાં વસવાટ કરનાર હતા અને માનસારમાં ઉલ્લિખિત વિશ્વકર્મા શિલ્પકાર હતા જેમણે બ્રહ્માના સંસ્થાનવાદીઓને મદદ કરી. આ વિશ્વકર્મા બ્રહ્મકુળમાં [૩૦] સત્યયુગમાં માર્ગશીર્ષમાં જન્મ્યા હતા. બીજા વિશ્વકર્મા પ્રભાસવસુના પુત્ર તેમ નહોતા. તેઓ કાર્તિક સુદ એકાદશીને દિવસે [૩૧] (અપરાજિતપૃચ્છા પ્રમાણે ચતુર્દશીને દિવસે) જન્મ્યા હતા. તેઓ ત્વષ્ટા, ભદ્રશિલ્પ, ભદ્રભદ્ર વગેરે તરીકે પણ જાણીતા છે. વિશ્વકર્મામાંથી ઉતરી આવેલા છઠ્ઠા મનુ ચાક્ષુષમુનિ ચાક્ષુષવંશના મુખ્ય બન્યા. આ ચાક્ષુષમુનિને પાંચ પુત્રો હતા. પુરુ, પુરુષ, સુદ્યુમ્ન, વિશ્વ અને સાધ્ય અને તેના વંશવારસોએ શિલ્પ અને વાસ્તુશાસ્ત્રનો પ્રચાર પ્રસાર કર્યો.

પ્રભાસવસુનન્દન વિશ્વકર્માને પ્રાચીન ભારતમાં સમ્રાટના રાજ્યાભિષેક સાથે સંબદ્ધ ત્રીજા વિશ્વકર્મા જેનો ઐતરેય બ્રાહ્મણમાં ઉલ્લેખ થયેલો છે તેની સાથે ગૂંચવવો જોઇએ નહી. પાણ્ડવોના વંશમાં પરીક્ષિતના પુત્ર જન્મેજયથી શરૂ કરી ભરત પર્યન્ત આવા દસ મહારાજાધિરાજો ગણાવ્યા છે. આ તપસીલમાં ભુવનદેવના પુત્ર વિશ્વકર્મા છઠ્ઠા નંબરે રહેલ છે, આ મહાભિષેકમાં મુખ્ય ઋત્વિજ કાશ્યપ હતા. વિશ્વકર્મા અને ભુવનદેવ નામો સૂચક છે, પરંતુ આ વિશ્વકર્માના કોઇ જીવનવૃત્તાન્તના અભાવમાં વર્તમાન વિષય સાથે તેમને જોડવાનો કોઇ અર્થ નથી કારણ કે આપણે જાણવું જોઇએ કે ભુવનદેવ અને તેના પુત્ર વાસ્તુશાસ્ત્રના પુરસ્કર્તા હોવા જોઇએ અને તેઓના દ્વારા આ વિજ્ઞાન અને કળાના સિદ્ધાન્તો ફેલાવાયા હોવા જોઇએ. જો કે સાલવારીની રીતે એમ નિરીક્ષણ કરી શકાય કે તેઓ પ્રભાસવસુના પુત્ર વિશ્વકર્મા પછી ઘણા સમય બાદ વિદ્યમાન હતા. વસુઓ કળાની વિવિધ શાખાઓમાં ઘણું કરીને કામ કરનારા હતા. સ્વાભાવિક રીતે વિશ્વકર્માએ કારીગરીમાં નિષ્ણાતપણું તેમના પિતા તરફથી [૩૨] આત્મસાત્ કર્યું હતું. પ્રભાસવસુએ ભૃગુની બહેન સાથે લગ્ન કર્યું હતું તે કારણે એ દર્શાવી શકાય કે તે અર્થાત

૦૨૭ જુઓ. અપરાજિતપૃચ્છા, ઉપર્યુક્ત આવૃત્તિ, ઇન્ટ્રોડકશન (ઉપોદ્ઘાત) પૃ.૮૯ ૦૨૮ જુઓ. શિવપુરાણ, ધર્મસંહિતા, અધ્યાય ૫૩.
૦૨૯ જુઓ. માનસાર, ઉપર્યુક્ત આવૃત્તિ, અધ્યાય ૨, શ્લોક ૨-૭ પૃ.૩
૦૩૦-૦૩૨ જુઓ. અપરાજિતપૃચ્છા, ઉપર્યુક્ત આવૃત્તિ, ઇન્ટ્રોડકશન (ઉપોદ્ઘાત) પૃ.૮૯, ૯૦.

વિશ્વકર્મા તેમની માતાના પક્ષથી ભૃગુકુળ સાથે સંકળાયેલા હતા.

E. Sieg "Encyclopaedia of Religion and Ethics" માં ભૃગુ શબ્દને કારીગર માટેના એક શબ્દ તરીકે સમજાવે છે. Dr. Hermann Weller ના મત મુજબ અસલમાં ભૃગુઓ અગ્નિ સાથે કામ કરનાર કારીગરોનું પ્રતિનિધિત્વ કરતા હતા જેઓમાં પ્રાથમિક રીતે લુહારો અને રથ બનાવનારાઓનો સમાવેશ કરાતો હતો. શૂરવીર ભીષ્મનો ચાંદીનો યુદ્ધ માટેનો રથ તેઓએ બનાવેલો મનાય છે.

ભૃગુ કુટુંબની વિશિષ્ટ કારીગરીમાં અત્યંત ઊંચી ઉત્કૃષ્ટતા માટે વિશ્વકર્માનું ભૃગુ સાથેનું જોડાણ જરા પણ ઓછું જવાબદાર ન હતું. તેના પૈતૃક અને માતૃક બંને સંબંધોએ તેને સમૃદ્ધ વારસાઈથી સજ્જ કરવામાં ફાળો આપ્યો હતો. કારીગર તરીકેની તેની નિપુણતાએ તેને વસુઓ મધ્યે શ્રેષ્ઠ વ્યક્તિત્વ બનાવ્યો હતો.

આપણે જાણીએ છીએ કે તેણે પાંચ પ્રકારના તોરણોની રચના કરી છે. (ઉત્તુંગ, માલાધર, વિચિત્ર, ચિત્રરૂપક અને મકરધ્વજ), એજ સંખ્યાના હિંડોળાઓ (મહોત્સવ, વસન્ત, કીડામણિ, શ્રીયોદ્ભવ અને મકરપતાકોદ્ભવ) અને નવ રથો (નન્દ, નંધાવર્ત, નન્દિઘોષ, પરાજય, પતાકા, પદ્મક, પૃથ્વીજય, મહોદ્ભવ, શ્રીમેરુ), છત્રો, પગરખાં વગેરે. તદુપરાંત ઘણી વસાહતો, મહેલો, મંદિરો, તળાવો વગેરેનું બાંધકામ તેઓને આરોપિત થયેલું છે. તેઓ સર્વોત્કૃષ્ટરીતે વાસ્તુની [33] નાગરપરંપરાના ટેકેદાર હતા. જેવી રીતે મયમુનિ વાસ્તુશાસ્ત્રની [34] દ્રાવિડ પરંપરાનું પ્રતિનિધિત્વ કરતા હતા. જો કે આ બન્ને પરંપરાઓને ઘણા પાયાની સમાનતાઓના મુદ્દાઓ છે, છતાં તેઓ કેટલાક જરૂરી મુખ્યભાગોમાં એક બીજાથી જુદી પડે છે.

ઢાંચાઓની રચનાના સિદ્ધાન્તો સ્પષ્ટરીતે દર્શાવવાની એક નવી રીત (જ્યાંસુધી વાસ્તુને ખુલ્લા કરવાને લેવા દેવા છે ત્યાં સુધી) વિશ્વકર્માએ સ્વીકારેલી છે. તે નકારવાની (નેતિ નેતિ) રીત છે. કોઈપણ ઢાંચામાં અંદરના ઓરડાઓ વચ્ચે તેઓની વ્યવસ્થા વિશે જ માત્ર તેનો ઉલ્લેખ નથી પરંતુ તેના બહારના ભૂભાગો વિશે પણ તે છે. જો કાળજીપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો તે વાસ્તુની રચનામાં વિભિન્ન પાસાંઓને પણ તે ખુલ્લાં કરે છે, એમ કહેવાય કે પ્રકાશ, તાજી હવાનું અંદર દાખલ થવું વગેરેને ખુલ્લાં કરે છે. નીચે [35] વિશ્વકર્માપ્રકાશમાંથી શ્લોકો ટાંક્યા છે.

વિશ્વકર્મા બ્રાહ્મણ હતા. તેઓને ચાર માનસપુત્રો હતા. માનસનો અર્થ [36] વૈશ્ય છે. જય, વિજય, સિદ્ધાર્થ અને અપરાજિત આ ચાર પુત્રો હતા. એ નિર્દિષ્ટ કરી શકાય કે મગ, સમગ, માનસ અને મન્દગ ધંધાને જ માત્ર સૂચવતી જાતિને લક્ષિત કરે છે. માનસ બરાબર

૦૩૩-૦૩૪ જુઓ. અપરાજિતપૃચ્છા, ઉપર્યુક્ત આવૃત્તિ, ઈન્ટ્રોડક્શન (ઉપોદ્ઘાત) પૃ.૯૦

૦૩૫ જુઓ. अन्चकं रुधिरं चैव कुब्जं काणं बधीरकम् ॥१२९२॥
दिग्वक्रं चिपिटं चैव व्यङ्ग्जं मुरजं तथा । कुटिलं कुट्टकं चैव सुप्तं च शंखपालकम् ॥१२९३॥
विकटं च तथा कंकं कँकरं षोडशं स्मृतम् । अन्धकं छिद्रहीनं च विच्छिदं दिशि काननम् ॥१२९४॥
हीनाङ्गं कुब्जकं चैव पृथ्वीद्वारं बधीरकम् । रन्ध्रं विकर्णं दिग्वक्रं रुधिरं च विपद्गतम् ॥१२९५॥
तुङ्गहीनं च चिपिटं व्यङ्गं चानर्थदर्शनम् । पार्श्वोन्नतं च मुरजं कुटिलं तालहीनकम् ॥१२९६॥
शंखपालं जङ्गहीनं दिग्वक्रं विकटं स्मृतम् । पार्श्वहीनं तथा कङ्कं कंकरं च हलोन्नतम् ॥१२९७॥
कोणदृक् छिद्रदृक् छाया ऋजुवंशाग्रभूमिका: । संघातदन्तयोश्चैव भेदाश्च दशधा स्मृता: ॥१३०९॥
વિશ્વકર્માપ્રકાશ, ઉપર્યુક્ત આવૃત્તિ, અધ્યાય ૧૩ પૃ. ૯૨-૯૩

૦૩૬ જુઓ. અપરાજિતપૃચ્છા, ઉપર્યુક્ત આવૃત્તિ, ઈન્ટ્રોડક્શન (ઉપોદ્ઘાત) પૃ.૯૧માં ઉલ્લિખિત- "History of Castes in Bengal", Brāhmaṇa Kāṇḍa, Vol. II, P.7 by Narendranath Basu. સંબંધ શ્લોકો નીચે મુજબ છે.
मगा ब्राह्मणभूयिष्ठा: समगा: क्षत्रियास्तथा ॥४॥ वैश्यास्तु मानसा ज्ञेया: शूद्रास्तेषां तु मन्दगा: ।

વૈશ્ય એ માત્ર ધંધાનો જ ઉલ્લેખ કરે છે. આજના સમયમાં આપણે સમજીએ છીએ તેમ જાતિ શબ્દના કોઇ પ્રકારના છીંડા વિનાના વિભાગો નહોતા. તે જન્મના સંબંધ ઉપર રચાયેલ નહોતી પરંતુ સમાન ધંધાના બંધને જોડાયેલી હતી.

Dr. T. Aufrecht ના Catalogus Catalogorum માં નીચેના ગ્રંથો વિશ્વકર્માને નામે ચડાવેલા છે.

૧ અપરાજિતપૃચ્છા ભુવનદેવની, ૨ ક્ષીરાર્ણવ (શિલ્પ) અથવા વિશ્વકર્મન્, ૩ જયપૃચ્છા, ૪ વાસ્તુસાર, ૫ વિશ્વકર્મપ્રકાશ, ૬ વિશ્વકર્મમત, ૭ અપરાજિતપ્રભા અથવા વિશ્વકર્મસંહિતા, ૮ આયતત્ત્વ, ૯ જ્ઞાનરત્નકોશ, ૧૦ વાસ્તુપ્રકાશ, ૧૧ વાસ્તુવિધિ, ૧૨ વાસ્તુશાસ્ત્ર સરખાવો નં. ૫,૧૩ વાસ્તુશાસ્ત્ર વિશ્વકર્મનનું, ૧૪ વાસ્તુસંગ્રહ, ૧૫ વાસ્તુસમુચ્ચય, ૧૬ વિશ્વકર્મીય, ૧૭ વિશ્વકર્મશિલ્પ. ઉપરના ગ્રંથો Dr. T. Aufrecht ના Catalogus Catalogorum માં ભાગ ૧ અને ૨માં નોંધવામાં આવેલા છે.

વસુઓ કોણ હતા ? (આ લેખમાં ઉપર આપેલી વિશ્વકર્માની પ્રથમ વંશાવળિનો બીજો ફકરો જુઓ.)

પ્રભાસે ભૃગુની બહેન સાથે લગ્ન કર્યું હતું અને તેના દ્વારા [૩૭] વિશ્વકર્મન્ નામના પુત્રને પ્રાપ્ત કર્યો હતો. આ વિશ્વકર્મા લલિતકળાઓ, વાસ્તુ, શિલ્પ, ચિત્રકારીમાં તેઓના રચનાત્મક તેમજ આલંકારિક પાસાંઓ સમેત અનવદ્ય ચતુરાઇથી નવાજાયેલો હતો. તે એક ઉત્કૃષ્ટ કારીગર હતો કારણ કે તેણે ભૂમિ, સમુદ્ર અને હવામાં ગતિ કરતાં વાહનો રચ્યાં હતાં. મનુષ્યોની સગવડો, સરળતા અને સલામતીની જરૂરિઆતો પૂરી કરવા માટે જુદા જુદા પ્રકારનાં શસ્ત્રોની રચના કરવામાં તે નિષ્ણાત હતો. આ અને બીજા ગુણોએ તેને માટે યોગ્ય રીતે જ સામાન્ય રીતે લગાવાતું "દેવોના સ્થપતિ"નું બિરૂદ જીત્યું છે, અને સ્વાભાવિકરીતે એ કારણે જો એમ અનુમાન કરવામાં આવે કે તેને જે સમૃદ્ધ વારસો મળ્યો હતો તે માટે તેના પૂર્વજો યશભાગી હતા, તો તે અયોગ્ય નહીં લેખાય. ઉપર જણાવ્યા મુજબ અનુમાન કરતાં આ વસુઓમાંના ઘણા પ્રાચીન સમયમાં કારીગરો હતા. પ્રાચીન ભારતમાં સમાજમાં તેઓ ઘણું માનવંતુ સ્થાન ધરાવતા હતા.

ગુજરાતીમાં [૩૮] વસવાયાં શબ્દપ્રયોગ છે જે અલબત્ત વસુમાંથી ઊતરી આવેલ છે અને તે માત્ર સૂચક જ નથી પરંતુ આ વસુઓના કાર્યની કડી પૂરી પાડે છે.

૦ મયની વંશાવળિ

"મયમતમ્"ના કર્તા મય બ્રહ્માજીના પુત્ર મરીચિના પુત્ર પ્રજાપતિ કશ્યપના દનુ નામની પત્નીથી થયેલા [૩૯] પુત્ર હતા. કશ્યપ દક્ષની તેર પુત્રીઓને પરણ્યા હતા. તેઓમાં પ્રથમ અદિતિ, બીજી દિતિ અને ત્રીજી દનુ હતી. દનુના પુત્રો દાનવો કહેવાયા. મય દનુના પુત્રોમાં મુખ્ય હતા.

તેમના બાલ્યકાળથી જ મય સ્થાપત્યશાસ્ત્રની કળામાં ઘણા નિષ્ણાત હતા. તેમણે હિમાલયમાં સ્થાપત્યશાસ્ત્રમાં અજોડ નિષ્ણાતપણા માટે બ્રહ્માજીની ઉપાસના કરી. બ્રહ્માજીએ તેમને દેવો, અસુરો અને દાનવોના બેજોડ સ્થપતિ થવાનું વરદાન આપ્યું. ત્યારબાદ દેવો અને અસુરો માટે ભવ્ય મહેલો બાંધવામાં મય રોકાયેલા રહેતા. તેઓ દાનવોના રાજા તરીકે પણ નીમાયા હતા.

તે સમય દેવો અને અસુરો વચ્ચે મૈત્રીપૂર્ણ સહકાર અને ભ્રાતૃભાવવાળા સંબંધોનો હતો. દેવલોકમાં એકવાર નૃત્યનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. દેવલોકની સ્ત્રીઓના કાર્યકલાપને જોવા માટે મયને પણ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. બધી નૃત્યાઙ્ગનાઓએ પોતાનું નૃત્ય સારી રીતે કર્યું. પણ મય હેમા અપ્સરાએ કરેલા નૃત્યથી સૌથી વધારે આકર્ષાયો હતો. મય અને હેમા પરસ્પર આકૃષ્ટ થયા હતા અને એક બીજાના પ્રેમમાં પડ્યા હતા. દેવોને જ્યારે આની જાણ થઇ ત્યારે તેઓએ હેમાને લગ્નમાં [૪૦] મયને આપી.

૦૩૭-૦૩૮ જુઓ. અપરાજિતપૃચ્છા, ઉપર્યુક્ત આવૃત્તિ, ઇન્ટ્રોડકશન (ઉપોદ્ઘાત) પૃ.૯૨, ૯૩.

૦૩૯ જુઓ. વેત્તમ મનિકૃત "પુરાણિક એન્સાઇકલોપિડિઆ", પ્રકાશકઃ મોતીલાલ બનારસીદાસ, બંગલો રોડ, જવાહરનગર, દિલ્હી-૭, પ્રથમ અંગ્રેજી આવૃત્તિ, ૧૯૭૫, પૃ.૪૯૪. મય વિષેના તમામ ઉલ્લેખો આ આવૃત્તિમાંથી લીધા છે.

૦૪૦ જુઓ. વાલ્મીકિ રામાયણ, ઉત્તરકાણ્ડ.

મય અને હેમા હિમવાનની દક્ષિણ તરફની ખીણમાં ગયાં અને ત્યાં "હેમપુર" નામનું નગર બાંધ્યું. ત્યાં સુખી જીંદગી જીવતાં તેઓને માયાવિ અને દુન્દુભિ નામે બે પુત્રો જન્મ્યા. પણ તેઓને કોઇ પુત્રી નહોતી. તેથી તેઓએ પુત્રી માટે પ્રાર્થના કરતાં શિવની ઉપાસના કરી.

લગભગ તે સમયે એક દિવસ મધુરા નામની અપ્સરાએ સોમવ્રત રાખીને શિવ પાસે આવી અને તેમને નમસ્કાર કર્યા. તે ક્ષણે પાર્વતી ઘેર નહોતાં. મધુરાના સૌંદર્યથી આકૃષ્ટ થયેલા શિવે તેને આલિંગન આપ્યું. પાર્વતીએ જયારે તે જાણ્યું ત્યારે તેમણે મધુરાને શાપ આપ્યો અને તેને દેડકી બનાવી દીધી. પણ તેમણે કહ્યું કે બાર વર્ષ પછી શાપ ઉઠાવી લેવામાં આવશે અને તેણી ફરીથી સ્ત્રી થઇ જશે. જયાં મય અને હેમા તપસ્યા કરતાં હતાં તે જગાની પાસેના કુવામાં મધુરા દેડકી તરીકે પડી. બાર વર્ષ પછી દેડકીએ પોતાનો પહેલાંનો સ્ત્રીનો આકાર પાછો પ્રાપ્ત કર્યો. તે સમયે મયે તેને જોઇ અને શિવે તેને આપેલી પુત્રી માનીને તેણીને તેના મહેલે લઇ ગયો. તેણે તેને "મન્દોદરી" નામ આપ્યું. તે આ "મન્દોદરી" હતી જેની સાથે રાવણે પાછળથી લગ્ન કર્યું હતું.

આ ત્રણ સંતોનો ઉપરાંત મયને કેટલાક બીજા પુત્રો અને પુત્રીઓ હતી. દેવીભાગવતમાં ૮મા સ્કન્ધમાં મયના પુત્ર બલ નામના દાનવનો ઉલ્લેખ છે. જે પાતાળના એક વિભાગ અતલમાં રહેતો હતો. કથાસરિત્સાગરમાં મદનમઞ્ચુકાલમ્બકમાં ૩જા તરઙ્ગમાં આપણે મયની બે પુત્રીઓ સ્વયંપ્રભા અને સોમપ્રભા વિષે જાણીઓ છીએ. તેમાંથી સોમપ્રભા વૈશ્રવણના પુત્ર નલકૂબર સાથે પરણી હતી.

• અર્જુન સાથે મૈત્રી અને ઇન્દ્રપ્રસ્થ બાંધવું.

એક વખત કૃષ્ણ અને અર્જુને અગ્નિદેવને મિજબાની તરીકે ખાણ્ડવવન આપ્યું. જયારે અગ્નિ ભયંકર રીતે વનોને આરોગતા હતા ત્યારે તેમાં રહેલ માનવ અને પ્રાણી રહેવાસીઓ તેમાંથી નાસવા માંડ્યાં. કૃષ્ણ અને અર્જુને તેઓને બાણો વડે વીંધી નાખ્યાં. તે સમયે મય તક્ષકના વેશમાં પોતાને સંતાડી રહ્યો હતો. જયારે અગ્નિની જ્વાળાઓ તે જગાએ પહોંચી ત્યારે મયે તેનું આશ્રયસ્થાન છોડી દીધું અને બહાર ધસી ગયો. શ્રીકૃષ્ણે તેમનું હથિયાર ચક્ર તેની તરફ તાક્યું. ભયથી મોટેથી બૂમો પાડતો મય રક્ષણ માટે પ્રાર્થના કરતો અર્જુન તરફ દોડ્યો. અર્જુને અગ્નિદેવ અને શ્રીકૃષ્ણને રોક્યા અને આમ [૪૧] મયને બચાવ્યો.

ત્યારથી માંડી મય અર્જુનનો વફાદાર અનુયાયી બન્યો. ખાંડવદાહ પછી કૃષ્ણ અને અર્જુન આરામ કરતા હતા ત્યારે મય બંને હાથની હથેળીઓ જોડીને તેઓની પાસે ગયો અને અર્જુનને પૂછ્યું કે કૃષ્ણ અને ધગધગતા અગ્નિના ભયમાંથી તેને બચાવ્યાના બદલામાં તેણે (મયે) શું કરવું જોઇએ ? અર્જુને જવાબ આપ્યો કે મયની જીંદગી બચાવવા માટે તે કોઇ બદલાની અપેક્ષા રાખતો નહોતો પરંતુ માત્ર તેની મૈત્રી જોઇતી હતી. મયને સંતોષ થયો નહીં. તેણે ભારપૂર્વક માગણી કરી કે તેની ઊંડી આભારની લાગણીની નિશાનીરૂપે અર્જુને તેની કોઇ સેવા સ્વીકારવી જોઇએ. આ સાંભળીને શ્રીકૃષ્ણે સૂચન કર્યું કે મયે પાણ્ડવો માટે એક સુંદર મહેલ બાંધવો જોઇએ. તદનુસાર તેણે પાણ્ડવોને માટે ખાંડવપ્રસ્થ નામે જગાએ એક ભવ્ય રાજમહેલ [૪૨] બાંધ્યો.

• મયે વિન્ધ્યમાં કાયમી વસવાટ કર્યો

એક સમયે મયે મહાવિષ્ણુ પાસે આશ્રય માગ્યો. વિષ્ણુએ મયને આશ્રય આપ્યો અને તેથી તેણે બધા દેવો માટે "સુધર્મ" નામનું મોટું ભવન બાંધ્યું. તે અવર્ણનીય સૌંદર્ય અને વિરલ સ્થાપત્ય કારીગરીવાળું ભવન હતું. મયના દેવો સાથેના જોડાણથી અસુરો મય પર ક્રોધે ભરાયા અને તેના પર હુમલો કરવાની તૈયારીઓ કરી. તેથી ડરી જઇને મય તેના કુટુંબ સાથે દક્ષિણ તરફ નાસી ગયો અને વિન્ધ્ય પહોંચ્યો. ત્યાં તેણે એક સુંદર ભવન બાંધ્યું અને તેમાં [૪૩] સ્થાયી થયો.

---

૦૪૧ જુઓ. "મહાભારત", આદિપર્વ, અધ્યાય ૨૪૦. જુઓ. ઉપર્યુક્ત પુરાણિક એન્સાઇક્લોપિડિઆ પૃ.૪૯૫
૦૪૨ જુઓ. "મહાભારત", સભાપર્વ, અધ્યાય ૧. જુઓ. ઉપર્યુક્ત પુરાણિક એન્સાઇક્લોપિડિઆ પૃ.૪૯૫
૦૪૩ જુઓ. "કથાસરિત્સાગર", મદનમઞ્ચુકાલમ્બક, ૩જો તરઙ્. જુઓ. ઉપર્યુક્ત પુરાણિક એન્સાઇક્લોપિડિઆ પૃ.૪૯૫.

વાલ્મીકિ રામાયણમાં કિષ્કિન્ધાકાણ્ડ ૫૦મા સર્ગમાં પણ મયે વિન્દ્ય પર્વત ઉપર બાંધેલા આ અદ્‌ભૂત ભવનનો ઉલ્લેખ છે. સીતાની શોધમાં હનુમાન અને બીજા વાનરો વિન્દ્ય પર્વત પહોંચ્યા. સીતાને શોધી કાઢવા ત્યાં તેઓએ વનો અને ગુફાઓને કાળજીપૂર્વક તપાસ્યાં. જ્યારે તેઓ પર્વતના દક્ષિણ પશ્ચિમ શિખર ઉપર આવ્યા ત્યારે તેમણે એક મોટી અંધારી ગુફા જોઇ. તેઓ તેમાં દાખલ થયા અને સાવધાનીપૂર્વક આગળ વધ્યા. લાંબે સુધી કંટાળાજનક પગપાળા ચાલવાથી વાનરો ભૂખ અને તરસથી થાકી ગયા હતા. જ્યારે તેઓ સહેજ આગળ વધ્યા ત્યારે તેઓ એક પ્રકાશમાન સ્થળે આવી પહોંચ્યા. ત્યાં તેઓએ મૃગચર્મ અને વૃક્ષોની છાલ ધારણ કરેલી એકલી સ્ત્રીને બેઠેલી જોઇ. તેણીએ તેઓને આવકાર આપ્યો. અને વાનરો સાથેની તેણીની વાતચીત દરમ્યાન તેણીએ તેઓને કહ્યું કે તે ગુફા જાદુગર મય દ્વારા બનાવવામાં આવી હતી અને તેણીનું પોતાનું નામ સ્વયંપ્રભા હતું. તેણીની માતા મેરુસાવર્ણિ હતી અને તેણી (સ્વયંપ્રભા)ને અદ્‌ભુત ભવનની સુરક્ષાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું. ત્યારબાદ તેણીએ તેઓને ફળો અને તાજું જળ આપ્યાં.

૦ ત્રિપુરોની રચના

ત્રણ દાનવો તારકાક્ષ, કમલાક્ષ અને વિદ્યુન્માલીને માટે જાદુઇ રહેઠાણો મયે બાંધ્યાં હતાં.

બીજી વિગતો

(૧) મહાભારત, આદિપર્વ, અધ્યાય ૨૨૭, શ્લોક ૪૧ કહે છે કે દાનવ નમુચિ મયનો ભાઇ હતો.

(૨) મયને સુનીથ અને સુદશિડક નામે બે પુત્રો હતા. તેઓ શાપના પ્રભાવથી મનુષ્યો બન્યા.

(૩) કથાસરિત્સાગરમાં મદનમચ્ચુકાલમ્બક ૮મા તરઙ્ગમાં આપણે જોઇએ છીએ કે મય [૭૪] વિશ્વકર્માનો અવતાર હતો.

(૪) જે સમયે મહાવિષ્ણુએ વામન તરીકે મહાબલિ પાસેથી ત્રણે લોક લઇ લીધા ત્યારે મય બીજા દાનવો સાથે જોડાઇ ગયો અને વામન સામે [૭૫] લડ્યો.

(૫) એક સમયે મય તેના મિત્રો સાથે મલય પર્વત ઉપર આરામ કરી રહ્યો હતો. તે વિષે જાણીને મહેશ્વરે ઇન્દ્રને તે પર્વત તરફ મોકલ્યો. ઇન્દ્રે દાનવોને યુદ્ધ માટે આવાહન આપ્યું. પરિણામરૂપી યુદ્ધમાં ઇન્દ્રે પાક નામના દાનવને મારી નાખ્યો. આમ તેણે "પાકશાસન" નામ પ્રાપ્ત કર્યું. ઇન્દ્રે તે યુદ્ધમાં મહાબલિના પુત્ર પુરને પણ મારી નાખ્યો અને તેથી "પુરન્દર" તરીકે પ્રખ્યાત થયો. બાકીના દાનવો [૭૬] મયના નેતૃત્વ હેઠળ પાતાળ તરફ ભાગી ગયા.

"મયમતમ્"ની ઉપર્યુક્ત આવૃત્તિમાં પ્રથમ સંગ્રહાધ્યાયમાં પ્રથમ શ્લોકમાં સર્વજ્ઞ જગદીશ્વરને શિરસા વંદન કરી તે દેવને પૂછીને તેમના તરફથી સંપૂર્ણ સાંભળીને ક્રમાનુસાર શાસ્ત્રને જાહેર હિતમાં પ્રગટ કર્યું. પ્રાજ્ઞ મુનિ મયે (મયને અહીં મુનિ કહ્યા છે) દેવો અને મનુષ્યોના નિવાસસ્થાનો સુખદાયી થાય તે માટે તે સર્વેનાં લક્ષણો કહ્યાં. પિતામહ, દેવો તથા મુનીશ્વરોએ જે જે પ્રકારે વર્ણવ્યું તે તે પ્રકારે તે સઘળું શુદ્ધાત્મા દેવતાઓ અને મનુષ્યોના સમગ્ર સંપૂર્ણ નિવાસસ્થાનનું યુક્તિથી મયે લક્ષણ કહ્યું.

મયમતના બીજા અધ્યાયમાં બીજા શ્લોકમાં જણાવ્યું કે ભૂમિ, પ્રાસાદ, યાન અને શયન એ ચાર પ્રકારમાં મુખ્ય વસ્તુ ભૂમિ જ છે. બીજાં તેમાં ઉત્પન્ન થયેલાં છે. પ્રાસાદ વગેરે વાસ્તુ છે કારણ કે તેઓ વસ્તુ છે અને વસ્તુ (ભૂમિ)નો આધાર લઇને રહેલાં છે. નિશ્ચિત સમયમાં વર્ણ, ગન્ધ, રસ, આકાર, દિશા, શબ્દ, સ્પર્શાદિથી આ પ્રકારે યથાયોગ્ય પરીક્ષા કરીને ભૂમિભાગનું ગ્રહણ કરવું જોઇએ (શ્લો.૪). ચાર વર્ગોમાંથી ભૂમિ જ પહેલાં કહેવામાં આવેલ છે, કારણ કે તે ભૂતોમાં આદિભૂત હોવાથી તેમજ જગત્‌ની સ્થિતિનો આધાર હોવાથી તેને પ્રથમ કહી છે.(શ્લોક ૯). શ્લોક ૧૦ અને ૧૧ના પ્રથમાર્ધમાં બ્રાહ્મણોને માટે કેવા પ્રકારની ભૂમિ સુખાવહ થશે તે જણાવ્યું છે. જે સમચોરસ

૦૭૪ સરખાવો. "માનસાર", ઉપર્યુક્ત આવૃત્તિ, અધ્યાય ૨, શ્લોકો ૩-૬, પૃ.૩.

૦૭૫ જુઓ. "મહાભારત", ભીષ્મપર્વ, અધ્યાય ૫૫.

૦૭૬ જુઓ. "વામનપુરાણ", અધ્યાય ૭૧.

હોય તેવી, શ્વેતરંગની ખોડખાંપણ રહિત, ઉદુમ્બરવૃક્ષ જેમાં રોપેલાં છે તેવી, ઉત્તરદિશામાં ઢાળવાળી, સ્વાદમાં તૂરી, મીઠી અથવા ખારી ભૂમિ બ્રાહ્મણોને માટે સુખપ્રદ છે. શ્લોક ૧૧ના ઉત્તરાર્ઘ તથા ૧૨મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે જે ભૂમિભાગ પહોળાઇના આઠમા ભાગ જેટલો લંબાઇમાં વધારે હોય, તેમજ રક્તરંગની, કડવા સ્વાદવાળી, પૂર્વમાં ઢાળવાળી, પીપળાનાં વૃક્ષો જેમાં રોપેલાં છે તેવી ભૂમિ રાજાઓને માટે સર્વસમ્પત્તિ સદા આપનારી છે. શ્લોક ૧૩માં વૈશ્યોને માટે જે ભૂમિભાગ પહોળાઇના છઠ્ઠાભાગ જેટલો લંબાઇમાં વધારે હોય, પીતરંગી હોય, સ્વાદમાં ખટાશવાળો હોય, પ્લક્ષવૃક્ષો જેમાં રોપેલાં હોય તથા પૂર્વમાં ઢાળવાળો હોય તે શુભ આપનાર છે. શ્લોક ૧૪ તથા ૧૫ના પૂર્વાર્ધ પ્રમાણે શુદ્રોને માટે જે ભૂમિભાગ પહોળાઇના ચોથા ભાગ જેટલો લંબાઇમાં વધારે હોય, પૂર્વમાં ઢાળવાળો હોય, કાળા રંગનો, તીખા સ્વાદવાળો, જેમાં વડનાં વૃક્ષો રોપેલાં હોય તેવો ધનધાન્યની સમૃદ્ધિ [૪૭] આપનાર હોય છે.

ભૂપરીક્ષા નામક ત્રીજા અધ્યાયમાં વિવિધ પ્રકારે ભૂમિની પરીક્ષા પ્રથમ ઓગણિસ શ્લોકોમાં જણાવી. [૪૮] અંતે ૨૦મા શ્લોકમાં તે તમામનો સાર જણાવ્યો. તે પ્રમાણે શ્વેત, રક્તરંગી, પીળી, કાળી (અનુક્રમે બ્રાહ્મણાદિ વર્ણોને માટે), હાથી અને ઘોડાના નિનાદોથી પ્રતિધ્વનિત, ષડ્રસવાળી, એકસરખા રંગવાળી, અનાજ, પશુ અને કમળના જેવી ગન્ધવાળી, નાના ગોળાકાર પથ્થરો તથા ફોતરાં વિનાની, દક્ષિણ અથવા પશ્ચિમમાં ઊંચાઇવાળી, જેની પૂર્વ અથવા ઉત્તરમાં નદી સીમારૂપ હોય, શ્રેષ્ઠ સુગંધવાળી, કાંટા અને હાડકાંઓથી રહિત એવી ભૂમિ જે બીજોને સૂકવી ના નાખે તે શ્રેષ્ઠ નિષ્ણાતો દ્વારા સર્વેને માટે યોગ્ય માનવામાં આવેલી છે.

ભૂપરિગ્રહ નામના ચોથા અધ્યાયમાં પ્રથમ શ્લોકમાં જણાવ્યું કે વિદ્વાન સ્થપતિએ જે ભૂમિભાગ આકાર, રંગ અને અવાજ વગેરે ગુણોથી યુક્ત હોય તેને એકવાર પસંદ કર્યા પછી દેવોને બલિ આપવો જોઇએ. શ્લોક ૨ના ઉત્તરાર્ઘ તથા શ્લોક ૩ના પૂર્વાર્ધમાં દેવતાઓ, રાક્ષસો તથા ભૂતોને ભગાડવાનો [૪૯] મન્ત્ર આપેલો છે. શ્લોક ૧૦ના ઉત્તરાર્ધથી શ્લોક ૧૪ના પૂર્વાર્ધમાં એક હસ્તનો લંબાઇ, પહોળાઇ તથા ઊંડાઇનો ખાડો ખોદી તેમાં ચન્દન મિશ્રિત જળ સાંજે પૂરવાનું તેમજ તેની નજીક ભૂમિપર દર્ભ પાથરીને પવિત્ર થઇ સુવાનું જણાવ્યું. તેમજ નીચેનો મન્ત્ર [૫૦] ઉપવાસી રહીને જપવાનું જણાવ્યું. આમ ભૂમિદેવીને પણ પ્રાર્થના કરવાનું જણાવ્યું. પ્રભાતમાં જો ખાડામાં જળ અવશિષ્ટ રહ્યું હોય તો ભૂમિ સફળતા આપનારી જાણવી. ભેજવાળી અને કોરી ભૂમિ વર્જ્ય ગણવી. ઉપર્યુક્ત ખાડાને તેની જ માટીથી પૂરતાં જો માટી વધે તો ભૂમિ ઉત્તમ જાણવી. જો માટી બરાબર થઇ રહે તો મધ્યમ અને માટી ઓછી થાય તો ભૂમિ હલકી જાણવી.

માનોપકરણ નામના પાંચમા અધ્યાયમાં જુદી જુદી વાસ્તુ અંગેની વસ્તુઓ માટે વપરાતાં જુદા જુદા પ્રકારનાં માપ બતાવ્યાં. તેઓમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુ છે જે યોગીઓને જ દૃષ્ટિગોચર થાય છે તેવા આઠ પરમાણુ બરાબર એક રથરેણુ થાય. આઠ રથરેણુથી એક વાલાગ્ર, આઠ વાલાગ્રથી એક લિક્ષા(લીખ), આઠ લિક્ષાથી એક યૂકા(જૂ), આઠ યૂકાથી એક યવ(જવ)નું માપ જણાવ્યું. આઠ યવ બરાબર એક અંગુલ થાય છે, જેને "માપ" પણ કહે છે. બાર અંગુલ બરાબર એક વિતસ્તિ થાય છે. બે વિતસ્તિ બરાબર હસ્ત થાય છે. તેને વિદ્વાનો "કિષ્કુ" પણ કહે છે. પચીસ અંગુલ "પ્રાજાપત્ય" કહેવાય છે. છવ્વીસ અંગુલ "ધનુર્મુષ્ટિ" કહેવાય છે. સત્તાવીસ અંગુલ "ધનુર્ગ્રહ" કહેવાય છે (શ્લો.૨-૬પૂર્વાર્ધ). વાહનો અને આસનોમાં હસ્ત (અથવા કિષ્કુ) વપરાય છે. નાના બાંધકામમાં પ્રાજાપત્યનો ઉપયોગ થાય છે. મકાનો

---

૦૪૭ સરખાવો. શ્રીવિશ્વકર્માપ્રકાશ, ઉપર્યુક્ત આવૃત્તિ, અધ્યાય ૧, શ્લોક ૨૪ થી ૨૮ પૂર્વાર્ધ તથા શ્લોક ૩૧ ઉત્તરાર્ધથી ૩૫ પૂર્વાર્ધ. વળી જુદા જુદા આકારોવાળી ભૂમિ કેવું જુદું જુદું ફળ આપે છે તે વિસ્તારથી બતાવ્યું છે. જુઓ શ્લોક ૪૧-૪૩,૪૯ છેલ્લા બે અર્ધ તથા ૫૦,૫૨-૫૩.

૦૪૮ ઉપર્યુક્ત શ્લોકોમાં ભૂમિભાગનાં શુભાશુભ લક્ષણો મયમતમ્માં જણાવ્યાં. તેવી જ રીતે ભૂમિભાગનાં શુભલક્ષણો થોડાં વધુ વિગતવાર શ્રીવિશ્વકર્માપ્રકાશ અધ્યાય ૧ શ્લોક ૪૧-૪૩, ૪૯ છેલ્લા બે અર્ધ તથા ૫૦,૫૨-૫૩માં જણાવ્યાં તેમજ તેનાં અશુભ લક્ષણો શ્લોક ૪૪-૪૯ પ્રથમાર્ધ, ૫૧, ૫૪-૬૧ પૂર્વાર્ધમાં વિસ્તારથી જણાવ્યાં.

૦૪૯ જુઓ. अपक्रामन्तु भूतानि देवताश्च सराक्षसाः ॥२॥ वासान्तरं व्रजन्त्वस्मात् कुर्या भूमिपरिग्रहम् । મયમતમ્ ઉપર્યુક્ત આવૃત્તિ.

૦૫૦ જુઓ. अस्मिन् वस्तुनि वर्धस्व धनधान्येन मेदिनि ॥१४॥ उत्तमं वीर्यमास्थाय नमस्तेऽस्तु शिवा भव । મયમતમ્, ઉપર્યુક્ત આવૃત્તિ.

માટે ધનુર્મુષ્ટિ અને ગામો વગેરે માટે ધનુર્ગ્રહનો ઉપયોગ થાય છે. અથવા ગમે તે બાંધકામ માટે કિષ્કુ પણ ચાલી શકે (શ્લો.૬ ઉત્તરાર્ધ-૭). કિષ્કુને રત્નિ, અરત્નિ, ભુજ, બાહુ અને કર પણ કહે છે. ચાર હસ્ત બરાબર દંડ અથવા યષ્ટિ કહેવાય છે. આઠ દંડ બરાબર એક રજ્જુ થાય છે. દંડોથી ગામ, શહેર, નિગમ, ખેટ, મહેલો વગેરેને માપવાં જોઇએ(શ્લો.૮-૯).

ત્યારબાદ ચાર પ્રકારના શિલ્પિઓ તથા તેમનાં લક્ષણો જણાવ્યાં. તેઓ અનુક્રમે સ્થપતિ, સૂત્રગ્રાહી, વર્ધકિ તથા તક્ષક છે(શ્લો.૧૩-૨૪).

દિક્પરિચ્છેદ નામના છઠ્ઠા અધ્યાયમાં ઉત્તરાયણ દરમ્યાન શુક્લપક્ષમાં જ્યારે સૂર્ય પખવાડિયાના યોગ્ય નક્ષત્રમાં હોય અને સૂર્યોદય નિર્મળ હોય ત્યારે શંકુ વડે દિક્ પરિચ્છેદ કરવાનું જણાવ્યું. બાંધકામ કરવાની જગાની મધ્યમાં જમીનને પાણી વડે સમથળ કરીને એક દંડથી સમચોરસ બનાવવો જેની બરાબર મધ્યમાં શંકુ સ્થાપિત કરવો જોઇએ(શ્લો.૧-૩ પૂર્વાર્ધ). પછીથી શંકુનું લક્ષણ જણાવ્યું(શ્લો.૩ ઉત્તરાર્ધ-૫). પછી કઇ કઇ વસ્તુઓનો શંકુ બનાવવો તે જણાવ્યું. શંકુ હાથીદાંતનો અથવા ચન્દન, ખદિર, કદર, શમી, શાક અથવા તિન્દુકનો બનાવવો જોઇએ. અથવા બીજા સખત લાકડાઓનો બનાવવો જોઇએ(શ્લો.૬-૭ પૂર્વાર્ધ). પછી સૂર્યોદય સમયે શંકુને મધ્યમાં સ્થાપીને શંકુની લંબાઇથી બમણા વ્યાસનું વર્તુળ શંકુને કેન્દ્રમાં રાખીને દોરવું જોઇએ(શ્લોક ૭ ઉત્તરાર્ધ-૮પૂર્વાર્ધ). શંકુનો પડછાયો વર્તુળના જે ભાગને સવારે અને સાંજે અડકે તે બે બિન્દુઓને જોડતી લીટી પૂર્વ અને પશ્ચિમ દિશા બતાવે છે. જે લીટી આ બે બિન્દુઓ વચ્ચેની જગામાંથી પસાર થાય અને જે ભ્રાન્ત શફરના માથા અને પુંછડીને જાણે જોડતી હોય તેવી હોય તે ઉત્તર-દક્ષિણની ધરી છે(શ્લો.૮ઉત્તરાર્ધ-૧૦પૂર્વાર્ધ).

અપચ્છાયા અર્થાત્ છાયાનો ઝુકાવ. સૂર્યની ગતિ ઉત્તર દક્ષિણ તરફ ઉત્તરાયણ દક્ષિણાયનમાં અનુક્રમે થતી હોવાથી શંકુની છાયા પણ થોડી ઉત્તર દક્ષિણ તરફ ઝૂકેલી પડશે. તેને અપચ્છાયા કહે છે. સૂર્ય જ્યારે કન્યા કે વૃષભ રાશિમાં હોય ત્યારે અપચ્છાયા પડતી નથી. જ્યારે સૂર્ય મેષ, મિથુન, સિંહ અથવા તુલામાં હોય ત્યારે પૂર્વ-પશ્ચિમ ધરી બે અંગુલ પાછળ મૂકવી જોઇએ. જ્યારે સૂર્ય કર્ક, વૃશ્ચિક અથવા મીનમાં હોય ત્યારે તેને (પૂર્વ-પશ્ચિમ ધરીને) ચાર અંગુલ બંધબેસતી કરવી જોઇએ. જ્યારે સૂર્ય ધનુ કે કુંભમાં હોય ત્યારે તેને છ અંગુલ બંધબેસતી કરવી જોઇએ. અને જ્યારે સૂર્ય મકરમાં હોય ત્યારે તેને આઠ અંગુલ બંધબેસતી કરવી જોઇએ. છાયાની જમણે અથવા ડાબે ખસેડ્યા પછી પૂર્વ-પશ્ચિમની લીટીને નિશ્ચિત કરવી જોઇએ (શ્લો.૧૧ ઉત્તરાર્ધ-૧૩). આગળ ઉપર અપચ્છાયા વિષે વધારે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે દરેક મહિનાના દરેક દસ દિવસના સમયગાળા માટે અપચ્છાયા (પૂર્વ-પશ્ચિમ લીટી) નીચેની સંખ્યાના અંગુલોની સાથે બંધબેસતી કરવી જોઇએ. અર્થાત્ મેષના સૂર્ય દરમ્યાન પ્રથમ દસ દિવસ બે અંગુલ પછી એક અંગુલ તથા ત્યાર પછીના છેલ્લા દસ દિવસો દરમ્યાન શૂન્ય અંગુલ. તેમજ વૃષભસૂર્યમાં અનુક્રમે શૂન્ય, એક અંગુલ, બે, મિથુનસૂર્યમાં બે, ત્રણ, ચાર, કર્કસૂર્યમાં ચાર, ત્રણ, બે, સિંહસૂર્યમાં બે, એક, શૂન્ય, કન્યાસૂર્યમાં શૂન્ય, એક, બે, તુલાસૂર્યમાં બે, ત્રણ, ચાર, વૃશ્ચિકસૂર્યમાં, ચાર,પાંચ,છ, ધનુસૂર્યમાં છ, સાત, આઠ, મકરસૂર્યમાં આઠ,સાત,છ, કુંભસૂર્યમાં છ, પાંચ, ચાર, મીનસૂર્યમાં ચાર, ત્રણ, બે અંગુલ અનુક્રમે દર દસ દિવસોએ બંધબેસતી કરવી.

સ્થાપત્ય અને શિલ્પશાસ્ત્રના "માનસાર" ગ્રન્થની પ્રો. પ્રસન્નકુમાર આચાર્યસંપાદિત આવૃત્તિમાં તેની સંસ્કૃત ભૂમિકા(પ્રસ્તાવના)માં પ્રો. આચાર્ય આ ગ્રન્થના સંક્ષિપ્ત પરિચયરૂપે નોંધે છે કે "માનસાર"ના ૭૦ સંખ્યાના અધ્યાયોમાંથી પ્રથમ [૫૧] આઠ અધ્યાયો પ્રાથમિક પ્રસ્તાવના મૂલક આનુષઙ્ગિક વિષયો ધરાવે છે. ત્યારપછીના બેંતાળીસ અધ્યાયોમાં સર્વ પ્રકારના વાસ્તુશિલ્પોનું તથા ગામો, નગરો, દુર્ગો, પ્રાકારો, શાલા, મણ્ડપ, ગોપુર, અટ્ટાલિકા, રાજમહેલો વગેરેનાં તલ (મજલા), સ્તમ્ભ, પીઠ, ઉપપીઠ, અધિષ્ઠાન વગેરે અઙ્ગ પ્રત્યઙ્ગોનું સંપૂર્ણ વિવરણ વૈજ્ઞાનિક રીતે વિસ્તારથી કરેલું છે, છેલ્લા વીસ અધ્યાયોમાં ભાસ્કરીય શિલ્પોનું વર્ણન છે.

---

૦૫૧ જુઓ. પ્રો. પ્રસન્નકુમાર આચાર્ય સંપાદિત તથા ઑક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા ૧૯૩૨માં પ્રકાશિત "માનસાર" આવૃત્તિની સંસ્કૃત ભૂમિકા પૃ. ૧૦. તમામ સંસ્કૃત અવતરણો આ આવૃત્તિમાંથી આપેલાં છે.

પ્રો. આચાર્ય વધુમાં જણાવે છે કે શિલ્પકોષ નામક બીજા પ્રબન્ધમાં અમે કરેલા અભિધાનના પરિશિષ્ટમાં તથા બીજે પણ મુદ્રિત તથા અમુદ્રિત સર્વ હયાત શિલ્પશાસ્ત્રોનું સંક્ષિપ્ત વિવરણ પ્રદર્શિત કરેલું છે. તે બસો ગ્રન્થોમાં વિવરણના પ્રાચુર્ય વિષયમાં અથવા પ્રસ્તુત વિષયના વિન્યાસ વિષે બન્ને રીતે કોઇપણ માનસાર જેવો ગ્રન્થ નથી. [૫૨] ખરેખર તે બધા જ ઘણું કરીને માનસારમૂલક છે એમ અમે પોતે કરેલા ભારતીય શિલ્પશાસ્ત્રમાં પ્રદર્શિત કરેલું છે. તેઓમાં પૌરાણિક અને આગમિક [૫૩] ગ્રન્થોનાં વિસ્તૃત વિવરણો ઘણું કરીને માનસારમૂલક જ છે તેમ પણ બીજા પ્રબન્ધમાં મેં બતાવેલું છે.

વિટ્રુવિયાસ નામનો પ્રાચીન રોમક શિલ્પગ્રન્થ અનેક ભાષાઓમાં અનુવાદિત થયેલો અને સો કરતાં પણ વિશેષ આવૃત્તિઓ જેની થઇ છે એવો મળે છે. માનસારની જેમ આ ગ્રન્થમાં પણ સિત્તેર પ્રકરણો છે. એમાં પણ શરૂઆતના પચાસ અધ્યાયોમાં સ્થાપત્યશિલ્પોનું જ વર્ણન કરેલું છે. બાકીનામાં યન્ત્રો વગેરેનો નિર્માણવિધિ આપેલો છે. શરૂઆતના અધ્યાયોના પ્રસ્તુત વિષય, ક્રમ, વર્ણન, વિન્યાસ વગેરેમાં બન્ને ગ્રન્થોનું અસંદિગ્ધ સાદશ્ય [૫૪] બીજા પ્રબન્ધમાં અમે વર્ણવેલું છે. નામ, સંજ્ઞા વિષયમાં પણ આ બંનેનું અદ્ભુત સાદશ્ય દેખાય છે.

પ્રસ્તુત ગ્રન્થમાં માનસાર શબ્દનો [૫૫] દ્વિવિધ બે પ્રકારનો વ્યવહાર છે. ગ્રન્થકર્તાની સંજ્ઞારૂપે અને ગ્રન્થસંજ્ઞારૂપે.

પ્રો. પ્રસન્નકુમાર આચાર્ય વધુમાં જણાવે છે કે છઠ્ઠી શતાબ્દીની બૃહત્સંહિતાના કરતાં માનસાર વધારે પ્રાચીન અને પાંચમી [૫૬] શતાબ્દીના મત્સ્યપુરાણનો સમકાલીન છે એમ મેં બીજે બતાવેલું છે.

ઉપર જણાવેલા ખ્રિસ્તની પ્રથમ શતાબ્દીના વિટ્રુવિયાસ નામક ગ્રન્થની સાથે માનસારનું વિલક્ષણ સાદશ્ય અહીં યાદ રાખવા જેવું છે. આ સાદશ્યના [૫૭] બે અર્થો સંભવે છે, રોમકસિદ્ધાન્તની જેમ ભારતીય માનસાર પણ વિટ્રુવિયાસમૂલક છે અથવા માનસારને જ અવલંબીને વિટ્રુવિયાસ ગ્રન્થ રચાયો હોય એમ. વળી આ બંને કોઇ ત્રીજા જ નિર્દિષ્ટ નહિ કરાયેલા ગ્રન્થમાંથી, અથવા પરંપરાપ્રાપ્ત આમ્નાયવચનમાંથી અથવા સંપ્રદાયમાંથી બહાર આવેલા હોય એમ પણ માનવું શક્ય છે.

ક્યારે કોણે માનસાર રચ્યું, ક્યા ગ્રન્થ સાથે આનો કેવા પ્રકારનો સંબંધ છે વગેરે શોધખોળ ત્યાં સુધી ફળવતી નહીં થાય જ્યાં

---

૦૫૨ જુઓ. तेषु शतद्वयमितेषु ग्रन्थेषु विवरणप्राचुर्यविषये वा प्रस्तुतविषयविन्यासविषये वोभयात्मके न कोऽपि मानसारसदृशः । પ્રો. પ્રસન્નકુમાર આચાર્ય સંપાદિત "માનસાર" ઉપર્યુક્ત આવૃત્તિની સંસ્કૃત ભૂમિકા પૃ.૧૦

૦૫૩ જુઓ. एषु पौराणिकान्यागमिकानि च विस्तृतानि विवरणानि प्रायेण मानसारमूलकान्येवेत्यपि प्रबन्धान्तरे मया दर्शितम् । "માનસારની" પ્રો. પ્રસન્નકુમાર આચાર્ય સંપાદિત ઉપર્યુક્ત આવૃત્તિ, સંસ્કૃત ભૂમિકા પૃ.૧૨

૦૫૪ જુઓ. तत्र खलु विट्रुवियासनामधेयः प्राचीनो रोमकशिल्पग्रन्थो लातीनेतालीयस्पेनीय-परसि-जर्माङ्गलादिभाषास्वनूदितः परःशतसंस्करणगतः । मानसारवदत्रापि ग्रन्थे सप्ततिमितानि प्रकरणानि । अत्राप्याद्येषु पञ्चाशन्मितेष्वध्यायेषु स्थापत्यशिल्पान्येव वर्णितानि । अवशिष्टेषु यन्त्रादिनिर्माणविधिरुपदर्शितः । आद्यानामध्यायानां प्रस्तुतविषयक्रमवर्णनविन्यासादावुभयोर्ग्रन्थयोरसंदिग्धं सादृश्यं प्रबन्धान्तरेऽस्माभिः प्रदर्शितम्, नामसंज्ञाविषयेऽप्यनयोरद्भुतं सादृश्यं प्रतीयते । "માનસાર"ની પ્રો. આચાર્ય સંપાદિત આવૃત્તિ, સંસ્કૃત ભૂમિકા, પૃ. ૧૨

૦૫૫ જુઓ. प्रस्तुते ग्रन्थे मानसारशब्दस्य द्विविधो व्यवहारः, ग्रन्थकृत्संज्ञारूपेण ग्रन्थसंज्ञारूपेण चेति । "માનસાર"ની પ્રો. આચાર્ય, સંપાદિત આવૃત્તિ, સંસ્કૃત ભૂમિકા, પૃ. ૧૨.

૦૫૬ જુઓ. परं तु षष्ठशताब्दीयबृहत्संहिताया मानसारं प्राचीनतरं पञ्चमशताब्दीयमत्स्यपुराणस्य समसामयिकं चेति मयान्यत्र प्रदर्शितम् । પ્રો. આચાર્ય સંપાદિત આવૃત્તિ સંસ્કૃત ભૂમિકા પૃ.૧૩

૦૫૭ જુઓ. ख्रिष्टप्रथमशताब्दीयेन विट्रुवियासनाम्ना ग्रन्थेन सह मानसारस्य विलक्षणं सादृश्यमत्र स्मार्यम् । सादृश्यस्यास्य द्वावर्थौ सम्भाव्येते, रोमकसिद्धान्तवद् भारतीयमानसारमपि विट्रुवियासमूलकम् अथवा मानसारमेवावलम्ब्य विट्रुवियासग्रन्थः प्रणीत इति । किं चेतावुभावपि कस्माच्चित्तृतीयस्मादनिर्दिष्टाद् ग्रन्थात् परम्परागतादाम्नायवचनात् संप्रदायाद्वा विनिर्गतावित्येतदपि सम्भावयितुं शक्यते ।પ્રા.આચાર્ય સંપાદિત આવૃત્તિ,સંસ્કૃત ભૂમિકા,પૃ. ૧૪

સુધી ગ્રન્થકારની સાચી ઓળખ નિશ્ચિત [૫૮] થાય નહીં. માનસાર કોણ હતો. શું આ કોઇ ઋષિ, શિલ્પી અથવા રાજા હતો ? તેના પૂર્વજો કોણ હતા અને તેના માતામહનો કયો વંશ હતો. તે ક્યા દેશ કાળમાં જન્મ્યો. અથવા માનસાર એમ ગ્રંથની જ સંજ્ઞા છે. વ્યક્તિવિશેષની નહીં. આ પક્ષમાં આના રચનારની ઓળખ શી ? અથવા ગ્રન્થકારનો પરિચય કેવી રીતે સર્વથા વિલુપ્ત થયો ? આ શાસ્ત્રના વિશેષજ્ઞોને માટે આ હવે વિચારણા કરવાને યોગ્ય વિષય છે.

માનસારના પ્રથમ સંગ્રહાધ્યાયમાં શ્લોક ૨માં [૫૯] વાસ્તુશાસ્ત્રની ગુરુપરંપરાનો ઉલ્લેખ મળે છે. તે પ્રમાણે ભગવાન શિવ, બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર, બૃહસ્પતિ, નારદ વગેરે મુનીન્દ્રોએ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર રચ્યું હતું. તેમજ માનસાર ઋષિ દ્વારા વિસ્તારને પ્રાપ્ત થયું છે.

ગૃહનિર્માણની વિવિધ શૈલીઓ વિષે જાણવા માટે આપણે ઉપર્યુક્ત અપરાજિતપૃચ્છાની [૬૦] ઇન્ટ્રોડકશન તરફ નજર નાખવી જોઇએ. તેમાં નીચે પ્રમાણે નાગર, દ્રાવિડ, વ્યન્તર, વેસર, કલિઙ્ગ, અને યામુનાદિ ગૃહનિર્માણની છ શૈલીઓ છે. નાગર શૈલી પૂર્વદિશમાં, દ્રાવિડ શૈલી કર્ણાટકમાં અને વેસર ઉત્તરમાં પ્રચલિત હતી. વાસ્તુશાસ્ત્રોનો દસ્તાવેજી પુરાવો [૬૧] નિઃશંક બતાવે છે કે હિંદ ભૌગોલિક તથા રાજકીય રીતે ત્રણ મુખ્ય વિભાગોમાં વિભક્ત હતું. તેનો સૌથી ઉત્તરનો વિભાગ હિમાલયથી વિન્ધ્ય સુધી મધ્યભાગ વિન્ધ્ય અને એક બાજુ ગોદાવરી અને બીજી બાજુ કૃષ્ણા વચ્ચેનો તથા સૌથી દક્ષિણ તરફનો વિભાગ કૃષ્ણાથી કેપ કોમોરિન સુધીનો હતો. નાગર વિભાગમાં તે તમામ લોકો જેઓની માતૃભાષા હિન્દી, ગુજરાતી, પંજાબી, માગધી, બંગાળી વગેરે હતી તેઓને આવરી લીધા હતા. તેવી જ રીતે મધ્યવિભાગ જે વેસર તરીકે જાણીતો હતો તે તેની હદમાં કર્ણાટક આન્ધ્રને સમાવી લેતો હતો. તેઓ તેલુગુ ભાષા બોલતા હતા. છેલ્લો સૌથી દક્ષિણનો વિભાગ દ્રાવિડ તામિલ ભાષા બોલનારાઓને સમાવી લે છે. કેરલ તેનો એક ભાગ છે.

અપરાજિતપૃચ્છા આ ત્રણ શૈલીઓને જુદી પાડતી તુલનાત્મક [૬૨] લાક્ષણિકતાઓને ઘણા વિસ્તારપૂર્વક વર્ણવે છે. આ નિર્ણય ઉપર આવવાને માટે નાગર ઉપવાચના પ્રમાણે બીજા ઘણા ઘટકો છે. ૧ વાસ્તુનું ક્ષેત્ર, ૨ તલચ્છન્દ (ભૂતળની યોજનામાં આંતરિક તેમજ બાહ્ય સંરચના), ૩, ઊર્ધ્વચ્છન્દ- ઊર્ધ્વમાં ભાગોની રચના, ૪ પીઠ, ભોંયરું, ૫ દ્વારમાન- મકાનના બારણાનું માપ, ૬ પ્રાસાદોદયમાન-ભવનની ઊંચાઇનું માપ, ૭ મંડોવર, ૮ શિખર, ૯ કલશ, ૧૦ રેખા, ૧૧ અલંકારો, ૧૨ પત્ર વગેરે, ૧૩ કણ્ટકબીબું, ૧૪ વિષયાન્તર (ગંભીરથી તુચ્છ), ૧૫ તાલમાન-ખેંચી રાખેલ અંગુઠા અને મધ્યમા આંગળીની ટોચ વચ્ચેનું અંતર અથવા વેંત, ૧૬ નામકરણ.

વાસ્તુવિદ્યાની દાક્ષિણાત્ય પરંપરાના લેખકો પ્રમાણે ભૂતળની યોજનાનું લંબચોરસપણું [૬૩] નાગર શૈલીને નિશ્ચિત કરનારું છે, જ્યારે દ્રવિડ પરંપરાને ષટ્કોણાકૃતિ નિશ્ચિત કરે છે. આ ભૂતળની યોજનાના સ્વરૂપનું નિયંત્રણ ઉત્તર પરંપરાના લેખકોએ સ્વીકાર્યું નથી. સમરાઙ્ગણસૂત્રધારના ૩૮મા વાસ્તુસંસ્થાનમાતૃકા વિશેના અધ્યાયમાં ભોજરાજદેવ નાગર શૈલીને માટેની ભૂતળ યોજના માટે ૪૦ આકારોનું વિધાન કરે છે.

જો કે બાંધકામની સગવડ ખાતર આ બધી જ ભૂતળની યોજનાઓને માત્ર પાંચ [૬૪] સુધી ઘટાડી છે, અર્થાત્ વૈરાજ્ય (સમચતુષ્કોણી), પુષ્પક (લંબચોરસ), કૈલાસ (ગોળાકાર), મણિક (લંબગોળાકાર) અને ત્રિવિષ્ટપ (અષ્ટકોણાત્મક). આ આકૃતિઓ માટે વૈરાજ્ય પ્રાથમિક એકમ ગણાયું છે અને તેમાંથી જ બાકીનાં સ્વરૂપો ઉદ્ભવેલાં છે.

---

૦૫૮ જુઓ. कदा केन मानसारं विरचितं केन ग्रन्थेन सहास्य कीदृशः सम्बन्धोऽस्तीत्याद्यनुसन्धित्सा न तावत् फलवती भविष्यति यावद् ग्रन्थकृतोऽनन्यत्वं न निर्धार्यते । मानसारः कः आसीत् । किमेष कश्चिदृषिः शिल्पी नरपतिर्वा । केऽस्य पूर्वपुरुषाः कश्चास्य मातामहवंशः । कस्मिन् देशे काले चासौ प्रादुर्भूतः । आहोस्विन्मानसार इति ग्रन्थस्यैव संज्ञा न तु व्यक्तिविशेषस्य । पक्षेऽस्मिन् किमुपज्ञमस्य रचयितृत्वम्, कथं वा ग्रन्थकारपरिचयः सर्वथैव विलुप्तः। मीमांसास्थानं खल्वेतद्वर्ततेऽधुना विशेषज्ञानाम् । પ્રો. આચાર્ય સંપાદિત આવૃત્તિ, સંસ્કૃત ભૂમિકા, પૃ.૧૪

૦૫૯ જુઓ. गङ्गाशिरःकमलभूकमलेक्षणेन्द्रगीर्वाणनारदमुखैरखिलैर्मुनीन्द्रैः । प्रोक्तं समस्ततरवस्त्वपि वास्तुशास्त्रं तन्मानसार–ऋषिणापि हि लक्ष्यते स्म ॥२॥ પ્રો. આચાર્ય સંપાદિત આવૃત્તિ, પ્રથમ સંગ્રહાધ્યાય, શ્લોક ૨, પાન ૧.

૦૬૦-૦૬૪ જુઓ. અપરાજિતપૃચ્છા, ઉપર્યુક્ત આવૃત્તિ, ઇન્ટ્રોડકશન (ઉપોદ્ઘાત) પૃ. ૨૮,૩૩,૩૮,૪૦.

ભૂમિગ્રહણ કરતા પહેલાં તેનું પરીક્ષણ કેવી રીતે કરવું તે આપણે આગળ જોઇ ગયા. વળી ભૂમિની ચોક્કસ દિશાઓની જાણકારી મેળવવા માટે શંકુસ્થાપન કરવું અને અપચ્છાયા બાબતમાં દિશા સ્પષ્ટ જાણવા શું કરવું તે જણાવ્યું.

હવે ભૂમિગ્રહણ કર્યા પછી તેના ઉપર મકાન બાંધવા જતાં તે કેટલા મજલાનું બાંધવું તે વિષે [૬૫] માનસારના અધ્યાય ૧૧માં વિસ્તૃત માહિતી આપેલી છે. વિગતો ઘણી જ હોવાથી તેમાંથી માત્ર પસંદ કરેલી જ માહિતી અત્રે આપી શકાઇ છે. એક થી બાર મજલાઓમાં ભૂમિનાં માપ નીચે જણાવ્યા પ્રમાણે બદલાતાં રહે છે, એક મજલાના સૌથી નાના મકાનનું માપ પાંચ પ્રકારનું પહોળાઇ અને લંબાઇમાં બે કે ત્રણ હસ્તથી શરૂ કરી દસ અથવા અગિયાર હસ્ત સુધી હોય છે. મધ્યમ પ્રકારના મકાનનું માપ પાંચ પ્રકારનું ચાર કે પાંચ હસ્તથી શરૂ કરી બે બે હસ્ત વધારતા જઇ અગિયાર કે બાર હસ્ત સુધી હોય છે, તથા [૬૬] મોટા મકાનના માપમાં પાંચ પ્રકાર સમ કે વિષમમાં છ કે સાતથી શરૂ થઇ ચૌદ કે પંદર હસ્ત સુધી હોય છે.

કનિષ્ઠ ભવનમાં દાદરથી સ્તૂપિકા(ગુંબજ) સુધીની ઊંચાઇ તેની પહોળાઇથી બમણી કહેલ છે. મધ્યમમાં ઊંચાઇ પહોળાઇથી ત્રણ ચતુર્થાંશ વધારે હોવી જોઇએ તથા મોટા ભવનમાં [૬૭] ઊંચાઇ પહોળાઇથી દોઢઘણી હોવી જોઈએ અથવા આ અનુપાત મોટા ભવનમાં પહોળાઇથી સવાયો, તથા બધાથી નાનામાં બરાબર, બમણાની સાથે સાથે હોવો જોઈએ.

ઊંચાઇના પાંચ માપ આ પ્રકારે છે. મોટા પ્રકારમાં શાન્તિક, પૌષ્ટિક, [૬૮] મધ્યમમાં જયદ તથા નાનામાં જેમાં પહોળાઇથી ઊંચાઇ બમણી હોય છે તેમાં અદ્‌ભુત. તથા જેમાં ઊંચાઇ બમણાની સાથે સાથે સરખી હોય છે તે સર્વકામિક હોય છે.

મધ્યમ પ્રકારના બે મજલી મકાનમાં પહોળાઇ કે લંબાઇના પાંચ માપ ક્રમશઃ છ કે સાત હસ્તથી શરૂ થઇને બે બે હાથ વધારતા જઇ ચૌદ કે પંદર હસ્ત સુધી હોય છે. સૌથી મોટા પ્રકારના બે મજલી મકાનમાં પાંચ માપ [૬૯] સાત કે આઠ હસ્તથી શરૂ થઇ બે બે હસ્ત વધરતા જઇ પંદર કે સોળ હસ્ત સુધી થાય છે.

મધ્યમ પ્રકારના ત્રણ મજલી મકાનમાં પાંચ માપ [૭૦] નવ કે દસ હાથથી શરૂ થઇ બે બે હસ્ત વધારતા જઇ સત્તર કે અઢાર હસ્ત સુધી થાય છે.

મધ્યમ ચાર મજલાના ભવનમાં અગિયાર, બાર, તેર, ચૌદ, પંદર, સોળ, સત્તર, અઢાર, ઓગણિસ, વીસ હસ્ત એમાં [૭૧] વિષમ (એકી) સંખ્યા પહોળાઇ તથા સમ (બેકી) સંખ્યા લંબાઇની કહેવાઇ છે, તથા ઊંચાઇ માપના અનુપાતમાં કહેવાઇ છે, જે પૌષ્ટિક છે.

સૌથી મોટા પાંચ મજલી ભવનમાં (બે સેટ, પાંચ પ્રમાણના) તેર હસ્તથી શરૂ કરીને બાવીસ હસ્ત સુધી [૭૨] (એક એક હસ્ત વધારતા જઇ) થાય છે, તથા ઊંચાઇ શાન્તિક કે પૌષ્ટિક અનુપાતમાં થાય છે.

મધ્યમ છ મજલી ભવનમાં (બે સેટ, પાંચ માપના લંબાઇ કે પહોળાઇના) પંદર હસ્તથી શરૂ કરીને [૭૩] ચોવીસ હસ્ત સુધી (એક એક હસ્ત વધારતા જઇ) થાય છે, તથા ઊંચાઇ જયદ અનુપાતમાં થાય છે.

સાત મજલી ભવનમાં સૌથી નાના, મધ્યમ કે સૌથી મોટા પ્રકારના પાંચ માપની પહોળાઇ કે લંબાઇના સત્તરથી છવ્વીસ હસ્ત, અઢારથી સત્તાવીસ હસ્ત, પૂર્વાનુસાર વધારતા જઇ તથા ઓગણિસથી અઠ્ઠાવીસ [૭૪] હસ્ત સુધીના હોય છે તથા તેઓની ઊંચાઇ શાન્તિક, પૌષ્ટિક, જયદ, અદ્‌ભુત કે સાર્વકામિક સૌથી મોટા કે અન્ય માપના પ્રમાણે હોય છે.

ઓગણત્રીસથી તેત્રીસ હસ્ત સુધી, ત્રીસથી ચોત્રીસ હસ્ત સુધી તથા એકત્રીસથી પાંત્રીસ હસ્ત સુધી આ [૭૫] ત્રણ પ્રકાર કનિષ્ઠ

૦૬૫-૦૭૫ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૧૧ શ્લોક ૨,૩,૭,૧૦,૧૨,૧૭,૨૩,૨૯,૩૩,૩૬, ૩૯, પૃ.૫૪,૫૫,૫૬.

વગેરે આઠ મજલીનાં કહેવાયા છે. તેઓની ઊંચાઇ શાન્તિકાદિ પહેલાં કહ્યા પ્રમાણે હોય છે.

બત્રીસથી છત્રીસ સુધી, તેત્રીસથી સાડત્રીસ સુધી પૂર્વાનુસાર વધારતા જઇ તથા ચોત્રીસથી આડત્રીસ સુધી ત્રણ પ્રકારના કનિષ્ઠથી શ્રેષ્ઠ પાંચ માપ (પહોળાઇ કે લંબાઇના) [૭૬] નવ મજલી ભવનના કહેવાયા છે. તથા ઊંચાઇ પહેલાં કહ્યા અનુસાર શાન્તિક કે બીજી છે.

તેત્રીસથી બેંતાળીસ સુધી, ચોત્રીસથી તેંતાળીસ હસ્ત સુધી તથા પાંત્રીસથી ચુંવાળીસ હસ્ત સુધી આ (ત્રણ સેટ) પંદર માપ (પહોળાઇ કે લંબાઇના) (પાંચ માપ, પ્રત્યેકના ત્રણ-ત્રણ પ્રકાર) સૌથી નાનાથી સૌથી મોટા [૭૭] દસ મજલી ભવનના કહેવાયા છે, તથા તેમની ઊંચાઇ શાન્તિક કે અન્ય કહેવાઇ છે.

ચોત્રીસથી તેંતાળીસ હસ્ત સુધી તથા પાંત્રીસથી ચુંવાળીસ હસ્ત સુધી તથા છત્રીસથી પિસ્તાળીસ હસ્ત સુધી આ (ત્રણ સેટ) પંદર માપ (પહોળાઇ તેમજ લંબાઇના) (પાંચ માપ, પ્રત્યેકના ત્રણ-ત્રણ પ્રકાર) સૌથી નાનાથી સૌથી મોટા [૭૮] અગિયાર મજલી ભવનના કહેવાયા છે તથા તેમની ઊંચાઇ જન્માદિ (મકાન નીચેની પથ્થર કે ઇંટોની ઓટલી) થી સ્તૂપિકા (ઘુમ્મટ)ના અંત સુધી કહેવાઇ છે.

પાંત્રીસથી ચુંવાળીસ હસ્ત સુધી, છત્રીસથી પિસ્તાળીસ સુધી તથા સાડત્રીસથી છેંતાળીસ હસ્ત સુધી આ (ત્રણ સેટ) પંદર માપ (પહોળાઇ તેમજ લંબાઇના) (પાંચ માપ પ્રત્યેકના ત્રણ ત્રણ પ્રકાર), તથા ઊંચાઇ વિદ્વાન સ્થપતિ [૭૯] બાર મજલી ભવનનાં બનાવડાવે.

ઉપર જણાવેલી ઊંચાઇ કેવળ જાતિ પ્રકારના ભવનને માટે કહેવામાં આવેલી છે. છંદ તેમજ [૮૦] અન્યને માટે, અર્થાત્ સંકલ્પ તેમજ આભાસ શાન્તિક (તેમજ અન્ય) ક્રમશઃ ત્રણ ચતુર્થાંશ, અડધા તથા ચોથા (જાતિ પ્રકારના) ભાગના જાણવા.

એક મજલામાં હાથી તથા અશ્વાદિને માટે શાલા બનાવડાવવી જોઇએ. દેવતાઓનું મંદિર [૮૧] બાર મજલા સુધી તથા અન્ય જાતિઓના રાજાઓનાં ભવન નવ મજલા સુધી બનાવડાવવાં જોઇએ.

"માનસાર"ના "ગર્ભવિન્યાસવિધાન" નામના બારમા અધ્યાયમાં મકાનનો પાયો ભરવાના નિયમો આપેલા છે. વિવિધ દ્રવ્યોથી સંપૂર્ણ ગર્ભ (પાયો)[૮૨] તમામ શુભ ફળ આપવાવાળો કહ્યો છે. ઓછાં દ્રવ્યોથી ભરવામાં આવે તો અશુભ ફળ આપનારો જણાવ્યો છે.

ગર્ભાવટ (પાયાની ઊંડાઇ) અધિષ્ઠાન (મકાન નીચેની પથ્થર કે ઇંટોની ઓટલી)ની [૮૩] ઊંચાઇના બરાબર હોવી જોઇએ. ચારે બાજુના (દિવાલો અથવા ખૂણા) પથ્થર અથવા ઇંટના સરખા હોવા જોઇએ. તેના મૂળમાં જો પાણી હોય તો તેને બહાર કાઢી નાંખી બધા પ્રકારની માટીથી તેને ભરી દેવો જોઇએ.

સ્થળના તળિયાને સાત પ્રકારની [૮૪] માટી, નદી, પર્વત, રાફડાની, કર્કટના ઘરની, સમુદ્રના કિનારાની, પહાડીની ટોચની, તથા ગાયની ખરીની માટીથી ભરી દેવું જોઇએ.

તેની ઉપર મધ્ય દેશમાં [૮૫] સફેદ કમળની જડ, પૂર્વમાં નીલકમલની જડ, દક્ષિણમાં કુમુદ (પોયણાંની) જડ, તથા પશ્ચિમમાં સૌગન્ધિ (વાળાનું ઘાસ) તેમજ ઉત્તરમાં ચણોઠી નાખે.

તેના ઉપર ક્રમથી આઠ [૮૬] ધાન્યને રાખવાં જોઇએ. ઇશાનમાં શાલિ (ચોખા), પૂર્વમાં ડાંગર, અગ્નિકોણમાં કોદરા, દક્ષિણમાં કાંગ, નૈઋત્યમાં મગ, પશ્ચિમમાં માષ (અડદ), તથા વાયવ્યમાં કુલુત્થ(એક પ્રકારની દાળ), ઉત્તરમાં તલ મૂકે.

તેના ઉપર અન્ય પદાર્થ [૮૭] કોન્ક્રીટ (રેતી, કપચી, સિમેન્ટનું મિશ્રણ) વગેરેથી મઞ્જુષાન્ત (ખોદેલાના ઉપરના ભાગ) સુધી નિર્માણ

૦૭૬-૦૮૭ જુઓ. "માનસાર"ની ઉપર્યુકત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૧૧ શ્લોક ૪૨,૪૪,૪૭,૪૯,૫૨,૬૯ પૃ.૫૬,૫૮, અ.૧૨ શ્લો. ૨,૩,૫,૭,૮,૧૧ પૃ.૫૯.

કરવું જોઇએ. એકથી બાર મજલાના મકાન અનુસાર તેનું પ્રમાણ અંને આકાર રાખવાં જોઇએ.

ગર્ભ(પાયા)ની ઊંડાઇ [૮૮] પહોળાઇની બરાબર તથા તેનાથી આઠ, પાંચ અથવા ચાર અંશ ઓછી હોવી જોઇએ.

ખોદાણની ટોચનું પચ્ચીસ અથવા એકાશી (ઉપપીઠ) પદમાં વિભાજન કરવું. આ [૮૯] ઉપપીઠમાં દેવતાઓનો પૂર્વોક્ત પ્રકારના ક્રમથી ન્યાસ કરવો જોઇએ. ત્યારપછી પૂર્વાહ્નકાળમાં અધિવાસન કરવું જોઇએ. ગંધ, અક્ષત, પુષ્પ, ધૂપ તથા દીપથી પૂજન અર્ચન કરવું જોઇએ.

ત્યારપછી સકલીકરણ [૯૦] (બધી વસ્તુઓના એક સાથે બલિ માટે) કરીને પુણ્યાહવાચન કરવું જોઇએ. ત્યારબાદ સ્થિર વાસ્તુ પ્રસ્તર સુધી પદથી પહોંચવું. ત્યારે પ્રાર્થનાપૂર્વક વાસ્તુને નમસ્કાર કરતાં નીચે પ્રમાણે મંત્ર ભણવો,

[૯૧] हे वास्तो त्विह गर्भस्य वृद्धिं कुरु नमाम्यहम् ।

બ્રહ્મા તથા અન્ય વાસ્તુ દેવતાઓના મન્ત્રની શરૂઆતમાં ઓમ્ તથા અંતમાં નમઃ લગાવીને તેઓના [૯૨] મન્ત્રોથી પૂજન કરવું જોઇએ. વિદ્વાને પંચગવ્યથી [૯૩] ગર્ભમઞ્જૂષિકાનું ક્ષાલન (ધોવું) કરવું જોઇએ. ઘડાને ગંધ તથા જલથી ભરી દઇ, સૂત્રથી લપેટીને તેના ઉપર મૂકવો જોઇએ.

સુવર્ણ(સોનું)થી બનેલ ચક્ર, કમંડળ, દંડ, યજ્ઞસૂત્ર (પૂર્વાદિથી) ચાર દિશાઓમાં મૂકવા જોઇએ. સુવર્ણથી બનેલ ઓમ્‌ને મધ્યમાં મૂકવો જોઇએ. આ [૯૪] બ્રાહ્મણો માટેના ગર્ભનું વર્ણન કર્યું.

ક્ષત્રિયને માટે સુવર્ણથી બનેલ ગજ, ખડ્ગ, છત્ર તથા ચામરને ચાર દિશાઓમાં મૂકવા જોઇએ.[૯૫] વૈશ્યને માટે ગર્ભમાં સુવર્ણથી બનેલ ત્રાજવું મધ્યમાં તથા ના કહ્યું હોય તેને શાસ્ત્રમાં બતલાવ્યા પ્રમાણે કરવું જોઇએ.

શુદ્રને માટે ગર્ભમાં સુવર્ણથી બનેલ હલ તથા યુગને મધ્યકોષ્ઠમાં મૂકવા જોઇએ. [૯૬] બ્રાહ્મણને માટે બ્રહ્માની, ક્ષત્રિયને માટે ઇન્દ્રની, વૈશ્યને માટે કુબેરની તથા શુદ્રને માટે નરની પ્રતિમા ગર્ભ ઉપર મૂકવી જોઇએ.

હવે ઇંટના કદ વિષે જણાવે છે. ઇંટની પહોળાઇ સાત આંગળથી શરૂ કરી બે બે આંગળ વધારતા જઇ ઓગણત્રીસ અથવા ત્રીસ આંગળ સુધી હોય છે. ઇંટની લંબાઇ તેની પહોળાઇની સવા, દોઢ, પોણા બે ઘણી અથવા બમણી હોય છે, [૯૭] તથા જાડાઇ પહોળાઇની અડધી અથવા તેના સમાન હોય છે. આ લંબચોરસ આકારની હોવી જોઇએ. પથ્થરની બનેલી ઇંટને શૈલજ ઇંટ કહે છે.

શુભ સમયમાં પ્રથમ ઇંટને પૂર્વના પ્રદેશમાં અથવા પૂર્વ, ઇશાન, નૈઋત્ય, વાયવ્ય અથવા [૯૮] દક્ષિણમાં (પાંચમાંથી કોઇપણ એકમાં) સ્થાપિત કરવી જોઇએ.

નિવાસમાં પ્રથમ ઇંટને લોકાચાર પ્રમાણે સ્થાપિત કરવી જોઇએ. પૂર્વની ઇંટ પર શ, દક્ષિણની ઇંટ પર ષ, પશ્ચિમની ઇંટ પર સ, ઉત્તરની ઇંટ પર હ તથા મધ્યની ઇંટ પર ૐ [૯૯] આ અક્ષરોનું ચિહ્ન કરવું જોઇએ.

ગર્ભન્યાસ રાત્રિકાળમાં તથા [૧૦૦] ઇંટનો ન્યાસ દિવસમાં કરવો જોઇએ. ગૃહ ગર્ભ અંતર્મુખ તથા ગ્રામ ગર્ભનું મુખ બહારની બાજુએ હોવું જોઇએ.

ઉન્નત દેશ ઉપર સ્થિત અધિષ્ઠાન (base)થી ઉપપીઠ [૧૦૧] (થાંભલાની કુંભી) જોડાયેલી હોવી જોઇએ.

૦૮૮-૧૦૧ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૧૨ શ્લોક ૧૩,૧૯-૨૪,૭૮,૮૦,૮૨,૯૫,૯૯,૧૦૩,૧૦૮ પૃ.૫૯,૬૦,૬૪,૬૫, અને અધ્યાય ૧૩ શ્લોક. ૧, પૃ.૬૬.

સ્તંભનાં બાર નામો [૧૦૨] જંઘા, ચરણ, સ્તલી, સ્તંભ, અઙ્ઘ્રિમ્, સ્થાણુ, પાદ, સ્થૂણ, સ્કંભ, અરણિ, ભારક, ધારણ છે.

સ્તંભની લંબાઇ અધિષ્ઠાન (base)ની ઊંચાઇની બમણી, સવાઇ, દોઢી અથવા પોણા બે ઘણી હોય છે. .સ્તંભની તે લંબાઇ જે અધિષ્ઠાનની ઊંચાઇથી બમણી હોય તેને [૧૦૩] હસ્તમાં માપવામાં આવે છે.

કુડ્યસ્તંભ(દિવાલમાંનો સ્તંભ)ની [૧૦૪] પહોળાઇ ત્રણ, ચાર, પાંચ અથવા છ આંગળ હોય છે. સ્તંભની પહોળાઇ કુડ્યસ્તંભની પહોળાઇથી બમણી, ત્રણઘણી અથવા ચારઘણી હોવી જોઇએ અથવા [૧૦૫] સ્તંભની લંબાઇને બાર ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. તેની પહોળાઇ અગિયાર, દસ, નવ અથવા આઠ ભાગ હોવી જોઇએ. ઉપરના ભાગની પહોળાઇ એક ચતુર્થાંશ ઓછી હોવી જોઇએ. સ્તંભના આકારનું વર્ણન કરતાં જણાવ્યું છે કે ચોરસ સ્તંભ બ્રહ્મકાંત, [૧૦૬] આઠ સમભુજાઓવાળો (અષ્ટાશ્ર) વિષ્ણુકાંત, ષોડશાશ્ર અર્થાત્ સોળ ભુજાઓવાળા અથવા વૃત્તસ્તંભ રુદ્રકાંત, પંચાશ્ર શિવકાંત, ષડશ્ર સ્તંભ સ્કંદકાંત કહેવાય છે.

સ્તંભનું સ્થાપન શુભમુહૂર્ત, શુભલગ્ન, શુભદિન, તથા શુકલપક્ષ,ઉત્તરાયણમાં [૧૦૭] પૌષ, માઘ, ચૈત્ર, વૈશાખમાં દક્ષિણાયનમાં અષાઢ, શ્રાવણ અથવા કાર્તિક (કારતક) માસમાં કરવું જોઇએ. જો જરૂરી હોય તો બીજા મહિનાઓમાં પણ કરી શકાય છે.

પથ્થરના સ્તંભને માટે આધાર પટ્ટ પથ્થરનો હોવો જોઇએ. લાકડાના સ્તંભને માટે આધાર પટ્ટ [૧૦૮] લાકડાનો હોવો જોઇએ, અથવા બધા આધાર પથ્થરના હોવા જોઇએ.

સ્તંભના સ્થાનમાં બ્રહ્મા વગેરે દેવતાઓની પૂજા કરવી જોઇએ. કુંભના મધ્યમાં પોતાના હૃદયના દેવતાને સમજીને તેમની વિશેષ પૂજા કરવી જોઇએ. [૧૦૯] સર્વે દેવીઓનું ઘડાના જલથી આવાહન કરીને તેઓની પૂજા ગંધ, અક્ષત તથા પુષ્પથી કરવી જોઇએ.

સ્થપતિએ બીજા કાર્યકરોની સાથે બ્રાહ્મણોના સર્વ મંગલ ઘોષ તથા [૧૧૦] સ્વસ્તિવાચનની સાથે સ્તંભનું સ્થાપન કરવું જોઇએ.

પછી સ્થપતિએ સ્તંભની નીચેના મંત્રથી પૂજા કરવી જોઇએ.[૧૧૧]

ॐ स्तंभ महामेरो वास्तु दद्याथश् (ध्याद्यावच्) चन्द्रदिवाकरम् (रौ) ।
अन्यैः(न्यान्) स्तम्भै(म्भां)श्च मूर्ध्ना ते धृत्वा रक्षतु चोन्नतम् ॥

હે સ્તંભ તુ મહામેરુ પર્વત છું, આ વાસ્તુને માટે સૂર્ય, ચન્દ્રમા તથા બીજા સર્વે દેવતાઓ તેની ટોચની રક્ષા કરો. આ મંત્ર બોલીને બુદ્ધિમાને ક્ષમા પ્રાર્થના કરવી જોઇએ.

બુદ્ધિમાન સ્થપતિએ આ પ્રકારે પ્રાસાદ (મહેલ), મંડપ, પ્રાકાર, ગોપુર, દ્વિજાતિઓનાં [૧૧૨] ઘર તથા બીજી જાતિઓનાં ઘર વગેરેમાં સ્તંભની સ્થાપના કરવી જોઇએ.

દેવતા તથા દ્વિજના નિવાસને યોગ્ય ઘર એકથી બાર મજલા સુધી હોય છે.

ઉત્તમ ભૂમિમાં પુરુષ ઉપર ઉઠાવેલા હાથ સુધી [૧૧૩] અથવા શિલા અથવા પાણી સુધી ઊંડા ખાડાને ખોદે. આ ખાડાને રેતી તથા પાણીથી ભરીને હાથીના પગના જેવા લાકડાના થાંભલાથી કૂટવી જોઇએ. આ રીતે દૃઢ કરીને ભૂમિ ઉપર નિર્માણ કરવું જોઇએ.

સૌથી નાના પ્રકારના એક તલ (મજલા) ભવનની છ પ્રકારની પહોળાઇ (ભાગ) હોય છે.[૧૧૪] એક, બે, ત્રણ, ચાર, પાંચ તેમજ

૧૦૨-૧૧૪ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૧૫ શ્લોક ૨,૫,૭,૮,૧૦,૧૧,૧૮૨,૧૮૭,૧૯૭,૨૧૦,૨૧૩,૨૧૫, પૃ.૮૬,૧૦૧,૧૦૨,૧૦૩ અને અધ્યાય ૧૮ શ્લોક ૧,૩,૫ પૃ. ૧૧૮.

છ હસ્તપ્રમાણની હોય છે.

મધ્યમ આકારના એક મજલી ભવનમાં પાંચ તથા છ તથા સાત ભાગ હોય છે. [૧૧૫] શ્રેષ્ઠ એક મજલી ભવનમાં છ, સાત, આઠ ભાગ હોય છે.

ક્ષુદ્ર બે મજલી ભવનના પાંચ, છ, સાત ભાગ હોય છે.[૧૧૬] મધ્યમ બે મજલી ભવનના છ, સાત, આઠ ભાગ હોય છે.

ઉત્તમ બે મજલી ભવનના સાત, આઠ, નવ ભાગ હોય છે.[૧૧૭] ક્ષુદ્ર ત્રિતલ ત્રણ મજલી ભવનના સાત, આઠ ભાગ હોય છે.

મધ્યમ ત્રણ મજલી ભવનના આઠ, નવ, દસ ભાગ હોય છે.[૧૧૮] ઉત્તમ ત્રણ મજલી ભવનના અગિયાર, બાર ભાગ હોય છે.

ક્ષુદ્ર ચાર મજલી ભવનના આઠ, નવ, દસ ભાગ હોય છે.[૧૧૯] મધ્યમ ચાર મજલી ભવનના નવ, દસ, અગિયાર ભાગ હોય છે.

ઉત્તમ ચાર મજલી ભવનના દસ, અગિયાર, બાર ભાગ હોય છે. ક્ષુદ્ર [૧૨૦] પાંચ મજલી ભવનની પહોળાઇને વિદ્વાન્ શિલ્પીએ નવ, દસ, અગિયાર અથવા બાર ભાગોમાં વિભાજિત કરવી જોઇએ.

મધ્યમ પાંચ મજલી ભવનમાં પહોળાઇને [૧૨૧] દસ, અગિયાર, બાર અથવા તેર ભાગોમાં વિભાજિત કરવી જોઇએ.

ઉત્તમ પાંચ મજલી ભવનની પહોળાઇને વિદ્વાન્ શિલ્પીએ [૧૨૨] અગિયાર, બાર, અથવા તેર અથવા ચૌદ ભાગોમાં વિભાજિત કરવી જોઇએ.

મધ્યમ છ મજલી ભવનને [૧૨૩] તેર, ચૌદ, પંદર અથવા સોળ ભાગોમાં વિભાજિત કરવું જોઇએ.

ઉત્તમ છ મજલી ભવનને ચૌદ, પંદર, સોળ અથવા સત્તર ભાગોમાં [૧૨૪] વિભાજિત કરવું જોઇએ.

મધ્યમ સાત મજલી ભવનનું પંદર, સોળ, સત્તર અથવા અઢાર ભાગોમાં [૧૨૫] વિભાજન કરવું જોઇએ.

ઉત્તમ સાત મજલી ભવનને સોળ, સત્તર અથવા અઢાર અથવા ઓગણિસ ભાગોમાં [૧૨૬] વિભાજિત કરવું જોઇએ.

મધ્યમ આઠ મજલી ભવનની પહોળાઇને અઢાર, ઓગણીસ, વીસ અથવા એકવીસ ભાગોમાં [૧૨૭] વિભાજિત કરવી જોઇએ.

મધ્યમ નવ મજલી ભવનની પહોળાઇને એકવીસ, બાવીસ, તેવીસ અથવા ચોવીસ ભાગોમાં [૧૨૮] વિભાજિત કરવી જોઇએ.

મધ્યમ દસ મજલી ભવનની મધ્યની પહોળાઇને ચોવીસ, પચ્ચીસ, છવ્વીસ અથવા સત્તાવીસ ભાગોમાં [૧૨૯] વિભાજિત કરવી જોઇએ.

મધ્યમ અગિયાર મજલી ભવનની પહોળાઇને સત્તાવીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ અથવા ત્રીસ ભાગોમાં [૧૩૦] વિભાજિત કરવી જોઇએ.

મધ્યમ બાર મજલી ભવનની પહોળાઇને ત્રીસ, એકત્રીસ, બત્રીસ અથવા તેત્રીસ ભાગોમાં [૧૩૧] વિભાજિત કરવી જોઇએ.

મૂળની શરૂઆતથી સ્તૂપ(ઘુમ્મટ) સુધી ભવન ચોરસ અથવા લંબચોરસ [૧૩૨] હોવું જોઇએ. ગ્રીવા (ગળા)થી શિખર સુધી અંડાકાર(ઇંડાકૃતિ) અથવા વૃત્તાકાર(ગોળાકાર) હોવું જોઇએ.

ભવન એક, બે અથવા ત્રણ [૧૩૩] સ્તૂપિકા(ઘુમ્મટ)થી યુક્ત હોવું જોઇએ.

૧૧૫-૧૩૩ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૧૮ શ્લોક ૭-૧૪,૧૬,૧૭,૧૯,૨૧,૨૪,૨૮,૩૨,૩૭,૪૨,૪૫,૪૬ પૃ.૧૧૮,૧૧૯,૧૨૦

ચોરસ આકારનું ભવન [૧૩૪] નાગર કહેવાય છે. જેના મૂળનો ઉપરનો ભાગ ગોળ અથવા લંબગોળ હોય તે વેસર કહેવાય છે.

મૂળથી શિખર સુધી અષ્ટકોણ અથવા ષટ્કોણ [૧૩૫] દ્રવિડ કહેવાય છે. અથવા તેની આગળનો ભાગ લંબચોરસ તથા ગ્રીવા(ગળા)ની નીચેનો ભાગ ચોરસ હોવો જોઇએ.

આ સ્તૂપો(ઘુમ્મટ)ની ઊંચાઇ તેમાં નિવાસ કરવાવાળાઓના અનુસાર [૧૩૬] હોવી જોઇએ. શુદ્રોને માટે એક હસ્ત, વૈશ્યને માટે બે હસ્ત, યુવરાજને માટે અઢી હસ્ત, રાજાઓને માટે ત્રણ હસ્ત, બ્રાહ્મણોને માટે સાડાત્રણ હસ્ત તેમજ દેવતાઓને માટે ચાર હસ્ત હોવી જોઇએ.

આ ભવનોને પથ્થર, ઇંટ, લાકડાં તથા લોઢાનાં [૧૩૭] બનાવવાં જોઇએ.

ભવનો ત્રણ પ્રકારનાં હોય છે. શુદ્ધ, મિશ્ર તથા સંકીર્ણ. એક જ દ્રવ્યનું બનેલું ભવન શુદ્ધ, બેથી બનેલ મિશ્ર તથા ત્રણ દ્રવ્યોથી બનેલ ભવન [૧૩૮] સંકીર્ણ કહેવાય છે. ઉત્તમ શિલ્પીએ એક જ દ્રવ્યનો પ્રયોગ કરવો જોઇએ.

• એકતલ વિધાન

આ ભવનો સ્થાનક વગેરે ત્રણ પ્રકારનાં હોય છે. ઊંચાઇના માપથી ગૃહના માપને બનાવવાથી તે [૧૩૯] સ્થાનક થાય છે. જ્યારે માપ લંબાઇથી કરે છે ત્યારે તે આસન કહેવાય છે. જ્યારે માપ પહોળાઇથી કરે છે ત્યારે તે [૧૪૦] શયન કહેવાય છે.

સમચોરસ અથવા સમવૃત્ત(સરખું ગોળ) હોય તો ભવન [૧૪૧] પુરુષ કહેવાય છે.

લંબચોરસ હોય તો ભવન [૧૪૨] સ્ત્રી કહેવાય છે. પુરુષ ભવનમાં પુરુષ પ્રતિમા તથા સ્ત્રી ભવનમાં સ્ત્રી પ્રતિમાને સ્થાપિત કરવી જોઇએ. પરંતુ સ્ત્રી ભવનમાં સ્ત્રી(શક્તિ) અથવા પુરુષ પ્રતિમાને સ્થાપિત કરી શકાય છે.

ઊંચાઇના આઠ ભાગોમાંથી મસૂરક(ઓટલી) એક ભાગ હોવી જોઇએ. [૧૪૩] અંઘ્રિ(પાદ)ની ઊંચાઇ બે ભાગ, તથા મંચ એક ભાગ હોવો જોઇએ. એક ભાગ કન્ધર(ગલા) તેનાથી બમણી શિખર(ગોળાકૃતિ)ની ઊંચાઇ [૧૪૪] બે ભાગ હોવી જોઇએ. તેનાથી અડધી (એકભાગ) સ્તૂપિ(નાના ઘુમ્મટ)ની ઊંચાઇ હોવી જોઇએ.

ભવનની ઊંચાઇને દસ ભાગોમાં [૧૪૫] વિભાજિત કરવી જોઇએ. વેદી(ઓટલો)ની ઊંચાઇ એક ભાગ, પાદની ઊંચાઇ ત્રણ ભાગ, મસ્તક પોણો ભાગ, વેદિકા (ઓટલો) સવા ભાગ, કન્ધર (ગલા)ની ઊંચાઇ એક ભાગ, શિર બે ભાગ ઉપર કુંભ એક ભાગ હોવો જોઇએ.

પાદ(દ્વાર)ની ઊંચાઇને પાંચ, છ અથવા આઠ ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. તેમાંથી શુદ્ધ દ્વારની ઊંચાઇ [૧૪૬] એક ભાગ ઓછી હોવી જોઇએ.

દેવતાઓ, બ્રાહ્મણો, રાજાઓ, સામન્ત પ્રમુખ આદિના શ્રેષ્ઠ તથા મધ્યમ ભવનમાં બે [૧૪૭] કવાટ (Flap) હોવા જોઇએ.

દ્વારની ઉપર તથા દ્વારની બાજુમાં દ્વાર દેવતાઓને બનાવડાવવા જોઇએ. કવાટમાં એક બીજાને [૧૪૮] સ્પર્શ કરતા દેવતા બનાવવા ઉપર દોષ લાગે છે.

(દ્વારની ઊંચાઇ) જન્મ(ઓટલા)થી પટ્ટિકા(ઓતરંગ)ના અંત સુધીને વિધિ અનુસાર [૧૪૯] પાંચ ભાગોમાં વિભાજિત કરવી જોઇએ, જેમાં દેવતાઓની સ્થાપના કરવી જોઇએ.

૧૩૪-૧૪૯ જુઓ. "માનસાર"ની ઉપર્યુકત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૧૮ શ્લોક ૪૭,૪૯,૫૩,૬૮,૬૯ પૃ.૧૨૦,૧૨૧ અને અધ્યાય ૧૯ શ્લોક ૩-૫,૭,૮,૧૧,૧૨,૩૮,૬૭,૭૬,૭૮,૭૯ પૃ. ૧૩૨-૧૩૭.

• દ્વિતલ વિધાન

ઉપાન(ઓટલો)થી સ્તુપિ(ઘુમ્મટ) સુધીની ઊંચાઇને અઠ્ઠાવીસ ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. એમાંથી આધાર(ઓટલો)ની ઊંચાઇ ત્રણ ભાગ, પાદ(સ્તંભ)ની છ ભાગ, પ્રસ્તર (entablature) ની ઊંચાઇ ચાર ભાગ, ઉપર પાદ પાંચ ભાગ, બીજા પાદના મંચની ઊપર વેદિકાની ઊંચાઇ એક ભાગ, કન્ધર(ગલા)ની ઊંચાઇ બે ભાગ, શિખરની ચાર ભાગ, તેના ઊપર સ્તૂપિ(નાના ઘુમ્મટ)ની ઊંચાઇ બે અથવા [૧૫૦] ત્રણ ભાગ હોવી જોઇએ.

મધ્ય કોષ્ઠ(ખંડ)ની બંને બાજુએ અર્ધશાલા [૧૫૧] (મોટા ઓરડામાં) જેમાંથી પ્રવેશી શકાય તેવી (નાની ઓરડી) હોવી જોઇએ.

બે મજલી ભવન આડી રીતે સમચોરસ, ગોળ, અષ્ટકોણ, વર્તુળ અથવા અંડાકાર હોવું જોઇએ. ઊભી રીતે તે શિર, ગ્રીવા તથા પહેલાં કહેલા ભૂષણોથી [૧૫૨] વિભૂષિત હોવું જોઇએ.

• ત્રિતલ વિધાન

ત્રણ મજલી મકાનની ઊંચાઇના છ ભાગોમાંથી [૧૫૩] દોઢ ભાગ ઓટલો, તેનાથી બમણી (ત્રણ ભાગ) પાદની ઊંચાઇ, તેનાથી અડધી (દોઢ ભાગ) પ્રસ્તરની ઊંચાઇ હોવી જોઇએ.

ત્રણ મજલી મકાનની ઊંચાઇને બાર ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. એમાંથી એક ભાગ અધિષ્ઠાન, પાદની ઊંચાઇ બે ભાગ, તેનાથી અડધું પ્રસ્તર, પોણો ભાગ ઊર્ધ્વ પીઠ, તેની ઊપર તેટલું જ અધિષ્ઠાન, તેનાથી બમણો પાદ, તેની ઊપર તેનો અડઘ પ્રસ્તર, ઓટલી અથવા બેસણી દોઢ ભાગ, પાદ એક ભાગ, મંચ અડધો ભાગ, તેનાથી અડધી વેદિકા, તેનાથી બમણી ગ્રીવા, ગ્રીવાથી બમણો ઊપરનો ઘુમ્મટ, ઘુમ્મટથી અડધી શિખા (Finial)ની ઊંચાઇ, બાકી પૂર્વાનુસાર બનાવડાવવું જોઇએ. આ [૧૫૪] સુખાલય કહેવાય છે.

• ચતુસ્તલ વિધાન

ચાર મજલી ભવનની ઊંચાઇના ઓગણિસ ભાગોમાંથી ઓટલી દોઢ ભાગ, તેનાથી બમણી પાદની ઊંચાઇ, તેનાથી અડધી પ્રસ્તરની ઊંચાઇ, તેના ઉપર પાદની ઊંચાઇ પોણા બે અથવા બે ભાગ, તેના પ્રસ્તરની ઊંચાઇ એક ભાગ (ઊપર) પાદ પોણા બે ભાગ, ઊપર મંચ પોણો ભાગ, ઊપર તેનાથી બમણો પાદ, તેનો અડઘ પ્રસ્તર, વેદિકા અડધો ભાગ, ગળાની ઊંચાઇ એક ભાગ, શિરની ઊંચાઇ બે ભાગ, તેનાથી અડધી નાના ઘુમ્મટની ઊંચાઇ. મૂળથી ઊપરની તરફ આ ભાગોને બનાવડાવે. આ કર્ણ-હર્મ્ય (Side tower) વગેરેથી વિભૂષિત થવાથી [૧૫૫] વિષ્ણુકાંત કહેવાય છે.

• પઞ્ચતલ વિધાન

પાંચ મજલી ભવનની ઊંચાઇના ચોવીસ ભાગમાંથી ઓટલી દોઢ ભાગ, પાદની ઊંચાઇ ચાર ભાગ, પ્રસ્તરની ઊંચાઇ દોઢ ભાગ, પાદ સવા બે ભાગ, ઊપર મંચ એક ભાગ, તેના ઊપર પાદ બે ભાગ, પ્રસ્તરની ઊંચાઇ એક ભાગ, પાદની ઊંચાઇ પોણા બે ભાગ, પ્રસ્તરની ઊંચાઇ એક ભાગ, તેનાથી અડધી વેદિકા ગળાની ઊંચાઇ એક ભાગ, મસ્તક દોઢ ભાગ, બાકી શિખા (finial)ની ઊંચાઇ જાણવી.[૧૫૬] આ કર્ણ-હર્મ્ય (side tower) તથા સર્વ અલંકારોથી યુક્ત હોવું જોઇએ. ગળા સુધી વૃત્ત(ગોળાકાર) યુક્ત હોવું જોઇએ. એને ઐરાવત કહેલું છે.

૧૫૦-૧૫૬ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૨૦ શ્લોક ૨-૪,૩૭,૫૩ પૃ.૧૪૧,૧૪૪,૧૪૫ અને અધ્યાય ૨૧ શ્લોક ૧,૨,૧૧-૧૫ પૃ. ૧૪૬ અને અધ્યાય ૨૨ શ્લોક ૨-૬ પૃ. ૧૪૯ અને અધ્યાય ૨૩ શ્લોક ૨-૬ પૃ. ૧૫૩.

• ષટ્તલ વિધાન

છ મજલી ભવનની ઊંચાઇને સત્તાવન ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. તેમાંથી અધિષ્ઠાન સાડા ચાર ભાગ, પાદની ઊંચાઇ સાત ભાગ, તેનાથી અડધું પ્રસ્તર, તથા પાદ છ ભાગ ઊપર, ઊપર મંચ ત્રણ ભાગ, તેના ઉપર પાદ પાંચ ભાગ, તેનાથી અડધું પ્રસ્તર, પાદ સાડા ચાર ભાગ (તે પછી) પ્રસ્તર બે ભાગ, પાદ સાડા ચાર ભાગ, પ્રસ્તર દોઢ ભાગ, વેદિકા એક ભાગ, ગ્રીવાની ઊંચાઇ ચાર ભાગ, શિખર ચાર ભાગ, બાકીમાં સ્તૂપિ (ઘુમ્મટ)ને બનાવડાવો. આ બધા બધા અલંકારોથી ભૂષિત હોવા જોઇએ. આ[૧૫૭] પદ્મકાન્ત કહેવાય છે.

• સપ્તતલ વિધાન

સાત મજલી ભવનના ઓટલાથી સ્તૂપિ(ઘુમ્મટ) સુધીની ઊંચાઇને પાંત્રીસ સરખા ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. અધિષ્ઠાનની ઊંચાઇ બે ભાગ, તેનાથી બમણી પાદની ઊંચાઇ, પ્રસ્તર એક ભાગ, તેના ઊપર પાદ સાડા ચાર ભાગ, તેનું અડધું પ્રસ્તર, પાદની ઊંચાઇ ત્રણ ભાગ, તેના ઉપર મંચક દોઢ છાગ, ઉપર પાદ અઢી ભાગ, પ્રસ્તરની ઊંચાઇ સવા ભાગ, વેદિકા અડધો ભાગ, ગળાની ઊંચાઇ સવા ભાગ, તેના ઉપર પાદ ત્રણ ભાગ, ઉપર મંચ એક ભાગ, પાદની ઊંચાઇ પોણા બે ભાગ, પ્રસ્તરની ઊંચાઇ એક ભાગ, પાદ દોઢ ભાગ, ઊપર તેનો અડધો મંચ, વેદિકાની ઊંચાઇ અડધો ભાગ, ગળાની ઊંચાઇ સવા ભાગ, તેનાથી બમણી શિરની ઊંચાઇ, [૧૫૮] બાકી રહેલી શિખાની ઊંચાઇ જાણવી.

• અષ્ટતલ વિધાન

આઠ મજલી ભવનની પહોળાઇને એકવીસ ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. મધ્યમાં મહાશાલા સાત ભાગ, તેની મધ્યમાં પાંચ ભાગની ભદ્રક(દ્વારમંડપ અથવા દેવડી) સહિત મધ્યશાલા તેની બહાર ત્રણ ભાગ ભદ્રશાલાથી વિભૂષિત કરવી જોઇએ. બાકીનું પૂર્વાનુસાર બનાવડાવે. આ [૧૫૯] સ્વર્ગકાન્ત કહેવામાં આવ્યું છે.

• નવતલ વિધાન

નવ મજલી ભવનની પહોળાઇના વીસ ભાગોમાંથી એક ભાગ કૂટ, છ ભાગ મધ્યશાલા, તેટલું જ અંતરાલ(રસ્તાવાળી પરસાળ) હોવી જોઇએ. તે (મધ્યશાલા) બે ભાગની (પ્રત્યેક) ક્ષુદ્રશાલાથી વિભૂષિત હોવી જોઇએ. તેના પડખાં બે બે ભાગના હારથી સંયુક્ત હોવાં જોઇએ. બાકીનું પૂર્વાનુસાર કરવું જોઇએ. આ [૧૬૦] સૌરકાન્ત કહેવાય છે.

• દશતલ વિધાન

દસ મજલી ભવનની પહોળાઇને અઠ્ઠાવીસ ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. કૂટની પહોળાઇ એક ભાગ, મધ્યમાં શાલાની આભાના સમાન બાર ભાગ, અનુશાલા(antechamber) ત્રણ ભાગ, પાર્શ્વમાં(પડખામાં) હાર(chain) બે બે ભાગ, મહાશાલાના મધ્યમાં ભદ્ર(Portico) છ ભાગથી સંયુક્ત કરવું જોઇએ. આ [૧૬૧] ભવનકાન્ત કહેવાય છે. આ દસ મજલી ભવનોમાં શ્રેષ્ઠ છે.

• એકાદશતલ વિધાન

અગિયાર મજલી ભવનની પહોળાઇને ઓગણિસ ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. કૂટ (pinnacle) બે ભાગ, મહાશાલા નવ

૧૫૭-૧૬૧ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૨૪, શ્લોક ૨-૬, પૃ. ૧૫૫ અને અ. ૨૫ શ્લોક ૨-૭ પૃ. ૧૫૭ અને અધ્યાય ૨૬ શ્લોક ૧૫-૧૭ પૃ. ૧૬૦ અધ્યાય ૨૭ શ્લોક ૩-૫, પૃ.૧૬૩ અને અ.૨૮ શ્લો. ૫-૭ પૃ.૧૬૫

ભાગ, અનુશાલા ચાર ભાગ, હાર બે ભાગ, મહાશાલાની મધ્યમાં ભદ્રશાલા (portico hall) પાંચ ભાગ, તથા આ સર્વ અલંકારોથી વિભૂષિત હોવું જોઈએ. આ [૧૬૨] શમ્ભુકાન્ત કહેવામાં આવ્યું છે.

• દ્વાદશતલ વિધાન

બાર મજલી ભવનની પહોળાઈને ચોત્રીસ ભાગોમાં વિભાજિત કરવી જોઈએ. તેમાંથી મહાશાલા આઠ ભાગ, બાજુમાં પ્રત્યેક શાલા એક ભાગ, અનુપઞ્જરશાલા (window hall) બે ભાગ, તેનું અડધ અન્તરાલક (corridor), અનુશાલા ત્રણ ભાગ, અન્તરાલક એક ભાગ, પઞ્જરશાલા (window hall) બે ભાગ, બાજુમાં હાર એક ભાગ, પ્રત્યેક કૂટ બે ભાગ, આ બધા યુક્તિપૂર્વક ભદ્રથી સંયુક્ત હોવા જોઈએ. મધ્યભદ્ર મહાશાલાથી એક ચતુર્થાંશ પહોળાઈનું બનાવડાવે. વિભિન્ન મજલાઓ ઉપર સોળા શાલા પંજર (બારીઓ) હોવી જોઈએ. તેના મધ્યમાં આઠ ક્ષુદ્રશાલા, પ્રત્યેક બે હારોથી યુક્ત હોવી જોઈએ. પ્રત્યેક તળમાં ચારે ખૂણા પર એક મહાશાલા તથા ચાર કૂટ (pinnacle) હોવાં જોઈએ. બાકી પૂર્વાનુસાર કરવું જોઈએ. આ [૧૬૩] વિરાટકાન્ત કહેવાય છે.

• સોપાન લક્ષણ

હવે દેવતાઓ તથા મનુષ્યોના બધા પ્રકારના ભવનોને માટે આરોહ (ચઢવા) તથા અવરોહ (ઉતરવા)ને માટે સોપાન(સીડી)ના [૧૬૪] લક્ષણનું વર્ણન કરે છે.

વિદ્વાન્ શિલ્પી બધા પ્રકારના ભવન, ગ્રામ, નગર, પર્વત, વાપી(વાવ), કૂપ(કુવો), તડાગ(તળાવ), [૧૬૫] ભવનના મંડપ વગેરે, પ્રાકાર વગેરે, ગોપુરમાં સીડી બનાવડાવે.

અચલ તથા ચલ બે પ્રકારની [૧૬૬] સીડી કહેવાઈ છે. ચલ સીડી પથ્થર, ઈંટ અથવા લાકડાની બનેલી હોવી જોઈએ. [૧૬૭] અચલ ક્ષુદ્ર સીડી ઊપર્યુક્ત બધા પદાર્થોથી સંયુક્ત હોવી જોઈએ.

બધા પ્રકારના મુખ્ય ભદ્ર (portico) તેની બાજુમાં સીડીથી સંયુક્ત હોવા જોઈએ, અથવા [૧૬૮] દ્વારની બાજુમાં અથવા મુખ સીડી બાજુમાં બનાવડાવવી.

આરોહ(ચઢવાને)ને માટે બધા ભવનોમાં દક્ષિણમાં દ્વારભદ્રક(door portico) બનાવડાવવું, અથવા તેની બાજુમાં [૧૬૯] પૂર્વની બાજુ બનાવડાવવું.

જો દ્વાર ત્રણ ભદ્ર(portico)ની સાથે ના હોય તો સીડીને દ્વારની [૧૭૦] સામે બનાવવાથી તે સંપત્તિ આપનાર થાય છે.

શાસ્ત્રમાં નિપુણ શિલ્પી બંને પડખાંમાં, પ્રપાંગમાં, પ્રમુખમાં તથા [૧૭૧] ભદ્રમાં સીડી બનાવે.

તપસ્વી વગેરે દ્વિજાતિ [૧૭૨] વર્ગને માટે દેવતાઓના મંદિર જેવો ચઢાવ બનાવડાવવો.

દ્વિજાતિ તથા ક્ષત્રિયના ભવનમાં ચઢાવ ભદ્રમાં, ભદ્રની બાજુમાં અથવા ભદ્રની સામે પરંતુ જો દ્વાર અલિંદ(balcony)થી યુક્ત હોય તો ડાબી બાજુ હોવો જોઈએ. પરંતુ જો દ્વાર અલિંદ રહિત હોય તો ચઢાવ સામે [૧૭૩] બનાવડાવવો.

હવે વૈશ્ય તથા શૂદ્રને માટે ચઢાવના લક્ષણનું વર્ણન કરીએ છીએ. ચઢાવ યુક્તિપૂર્વક ભદ્ર [૧૭૪] દ્વાર જે હોય તેનાથી સંયુક્ત હોવો જોઈએ.

૧૬૨-૧૭૪ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઈન્દોરની આવૃત્તિ, અધ્યાય ૨૯ શ્લોક ૨-૪, પૃ. ૧૬૭, અધ્યાય ૩૦ શ્લોક ૯-૧૪, ૪૩-૪૮,૫૨,૫૩,૫૫,૫૬,૫૮ પૃ. ૧૭૦, ૧૭૧, ૧૭૩.

આ રીતે અચલ ચઢાવનું વર્ણન કર્યું. [૧૭૫] ચલ ચઢાવ ઇચ્છાનુસાર સ્થાન પર બનાવડાવવો.

ચલ ચઢાવની બાર આંગળથી શરૂ કરીને ત્રણ-ત્રણ આંગળ વધારતા જઇ દોઢ હસ્ત સુધી નવ પ્રકારની પહોળાઇ(ચઢાવ)ની થાય છે. [૧૭૬] લંબાઇ અઢી હસ્તથી શરૂ કરી છ-છ આંગળ વધારતા જઇ સાડા ચાર હસ્ત સુધી હોય છે.

અચલ ચઢાવની પહોળાઇ એક હસ્તથી શરૂ થઇને છ-છ આંગળ વધારતા જઇ ત્રણ હસ્ત સુધી હોય છે. લંબાઇ નવ પ્રકારની બે હસ્તથી ચાર હસ્ત સુધી તથા ત્રણથી પાંચ હસ્ત [૧૭૭] સુધી છ-છ આંગળ વધારતા જઇ થાય છે.

ઓટલીથી ઘુમ્મટ સુધી ઊંચાઇમાં [૧૭૮] ચઢાવ બનાવડાવવો. ચઢાવનો આયામ જરૂરિયાત પ્રમાણે બનાવડાવવો.

મંદિરમાં પટ્ટિકા(પગથિયાંની સંખ્યા) ત્રણથી શરૂ કરીને બે-બે વધારતા જઇ એકસો તેવીસ [૧૭૯] સુધી હોય છે.

માર્ગથી અદ્રિ(પર્વત) પર પટ્ટી તિર્યક્(ત્રાંસી) [૧૮૦] ઊર્ધ્વથી ઊર્ધ્વ(winding upward) પૂર્વોક્ત પ્રકારથી હોવી જોઇએ.

• જાતિહર્મ્યાદિ લક્ષણ

ભવનની પહોળાઇ આદિને આય, વ્યય, યોનિ, નક્ષત્ર, વાર, અંશ અથવા તિથિના સૂત્રથી જાણવી. આ [૧૮૧] ષટ્સૂત્ર આયાદિને માટે છે.

લંબાઇનો સઞ્ચિતા પ્રકારમાં છથી ગુણાકાર કરે, અસઞ્ચિતામાં સાતથી ગુણાકાર કરે, અપસઞ્ચિતામાં આઠથી ગુણાકાર કરે. ગુણનફલને બારથી ભાગવાથી જે શેષ વધે તેને આય [૧૮૨] જાણો. પહોળાઇને ક્રમથી સાત, આઠ અથવા નવથી ગુણીને ગુણનફળને દસથી ભાગવાથી જે શેષ રહે તે વ્યય જાણો.

પહોળાઇને એક, બે અથવા ત્રણથી ગુણીને, આઠથી ભાગવાથી જે શેષ રહે તેને [૧૮૩] યોનિ જાણો.

લંબાઇને છ, સાત અથવા આઠથી ગુણીને સત્તાવીસથી ભાગો. શેષને [૧૮૪] નક્ષત્ર જાણો. અશ્વિની આદિ ક્રમથી ગણના કરવી જોઇએ.

પરિધિ અથવા ઊંચાઇને છ, સાત, આઠ અથવા નવથી ગુણીને સાતથી ભાગો. શેષને [૧૮૫] વાર જાણો. તેઓના સાત દિવસ રવિવારના ક્રમથી જાણવા.

પરિધિને ત્રણ અથવા ચારથી ગુણીને નવથી ભાગવાથી જે શેષ રહે તેને અંશ જાણો. જે સંખ્યામાં નવ છે. [૧૮૬] પરિધિને નવથી ગુણીને ત્રીસથી ભાગવાથી જે શેષ રહે તેને તિથિ જાણો.

સિદ્ધિ આદિ બાર આય હોય છે. શિખર આદિ દસ વ્યય, ધ્વજાદિ આઠ યોનિ હોય છે. તસ્કરાદિ નવ અંશ તથા પ્રથમાદિ [૧૮૭] તિથિ હોય છે.

આ ષડ્વર્ગોમાં દેવતાઓનાં મંદિર, રાજાઓના મહેલ તથા સામાન્ય માણસોના નિવાસ તેમજ ગ્રામના નિર્માણમાં વ્યયથી અધિકા [૧૮૮] આય શુભ છે.

વપ્ર (parapet)ને માલાની જેમ માલિક(pavilions)ના ઊપર સુધી કરવી જોઇએ. તેની ઊંચાઇ [૧૮૯] અધિષ્ઠાન (base) ના બરાબર હોવી જોઇએ અથવા બમણી અથવા ત્રણ ઘણી અથવા બીજા કોઇ ઉચિત અનુપાતમાં(પ્રમાણમાં) હોવી જોઇએ.

૧૭૫-૧૮૯ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૩૦ શ્લોક. ૬૨,૬૩,૬૫,૬૭,૭૦,૭૧,૮૫,૮૮-૯૪,૯૬ પૃ.૧૭૪,૧૭૫ અને અધ્યાય ૩૧ શ્લોક ૩૩ પૃ. ૧૭૯

• વાતાયન(બારીઓ)નું લક્ષણ

બધા પ્રકારના ભવનો, મંડપ વગેરેમાં વાતાયન (window)નું સ્થાન રાખવું જોઇએ. મનુષ્યોના ભવનોને યોગ્ય જાલક(બારી) દેવતાઓને માટે પણ ઉપયોગી થાય છે. પુરાતનના કહ્યા અનુસાર તેમની પહોળાઇ અને ઊંચાઇ રાખવી જોઇએ. તેમાં પાદ(સ્તંભ) તથા પાલિકા [૧૯૦] (બારણું) હોવું જોઇએ. તથા તે ફૂલપાનથી શણગારેલી હોવી જોઇએ.

ભીંત(દિવાલ)ની પંદર પ્રકારની [૧૯૧] જાડાઇ દોઢ હસ્તથી શરૂ કરી છ-છ આંગળ વધારતા જઇ પાંચ હસ્ત સુધી હોય છે.

• શાલા વિધાન

હવે દેવતાઓ, બ્રાહ્મણો તથા અન્ય વર્ણના રહેવા યોગ્ય શાલાઓ(આવાસ, storeyed mansion)નાં લક્ષણોનું વર્ણન કરીએ છીએ. આ શાલાઓ [૧૯૨] છ પ્રકારની હોય છે, દંડક, સ્વસ્તિક, મૌલિક, ચતુર્મુખ, સર્વતોભદ્ર તથા વર્ધમાન.

એક શાલાની અગિયાર પ્રકારની [૧૯૩] પહોળાઇ ચાર હસ્તથી શરૂ કરી બે-બે હાથ વધારતા જઇ ચોવીસ હસ્ત સુધી થાય છે.

સાત પ્રકારની પહોળાઇ આઠ હસ્તથી શરૂ કરી બે-બે હસ્ત વધારતા જઇ વીસ હસ્ત સુધી હોય છે. આ સ્વસ્તિક તથા મૌલિકને માટે પહોળાઇનું વર્ણન થયું. દેવતાઓ તથા તપસ્વિઓની શાલા(આવાસ)ની [૧૯૪] લંબાઇ પહોળાઇથી બમણી બે-બે હસ્ત વધારતા જઇ હોવી જોઇએ.

બ્રાહ્મણ આદિ ચાર વર્ણોની શાલા(આવાસ)ની લંબાઇ પણ પહોળાઇથી બમણી હોવી જોઇએ. [૧૯૫] શાલા(આવાસ)ની લંબાઇ પહોળાઇથી શરૂ કરી અથવા તેનાથી એક ચતુર્થાંશ, અડધ, ત્રણ ચતુર્થાંશ વધારે અથવા બમણી, સવા બે ઘણી, અઢી ઘણી, પોણા ત્રણ ઘણી અથવા ત્રણ ઘણી હોવી જોઇએ.

જન્મ(plinth)થી સ્તુપિકા(apex)સુધીની ઊંચાઇ પહોળાઇની બરાબર અથવા સવા, દોઢ, પોણા બે ઘણી અથવા બમણી હોવી જોઇએ. [૧૯૬] પાંચમાંથી પહેલી ઊંચાઇ શાન્તિક, બીજી પૌષ્ટિક, ત્રીજી જયદ, ચોથી ધનદ તથા પાંચમી અદ્ભુત કહેવાય છે.

બીજાની મતિમાં ઊંચાઇ ભીંત(દિવાલ)ના માપ અનુસાર હોય છે. [૧૯૭] ઉપરના તલ (મજલા)ની ઊંચાઇ નીચેના તલ (મજલા)ની ઊંચાઇથી છઠ્ઠો, સાતમો, આઠમો અથવા નવમો અથવા દસમો ભાગ ઓછી હોવી જોઇએ.

પ્રસ્તર(entablature)ની ઊંચાઇ દોઢ ભાગ, ઊપરની વેદિકા(platform) અડધો ભાગ, ગ્રીવા તેના બમણી, શિર તેનાથી બમણું બે ભાગ, મસ્તક અડધું અર્થાત્ [૧૯૮] એક ભાગ આ ઊંચાઇ કહેવાઇ છે.

દેવતાઓ, બ્રાહ્મણો, દ્વિજાતિઓ તથા બીજાઓનાં ઘર એક અથવા અધિક [૧૯૯] તલ (મજલા)વાળા હોય તથા તેઓમાં ચૂલિ-હર્મ્ય(top tower) હોવું જોઇએ.

વૈશ્યો તથા શૂદ્રોનાં ઘર ચૂલિ-હર્મ્ય(top tower)ના વિના હોવાં જોઇએ. મનુષ્યો તથા દેવતાઓની શાલાઓમાં ચારે બાજુએ [૨૦૦] અલિંદ(varandah or balcony) હોવું જોઇએ. પાછળ ભદ્ર(portico) હોવું જોઇએ, તથા સામે મંડપ હોય તથા તે સર્વે અલંકારોથી યુક્ત હોવાં જોઇએ.

૧૯૦-૨૦૦ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૩૩ શ્લોક ૨૮૫,૨૮૬, પૃ. ૨૦૬, અધ્યાય ૩૪ શ્લોક ૩ પૃ. ૨૦૮ અને અધ્યાય ૩૫ શ્લોક ૧,૨,૪,૬-૯,૧૧,૧૩-૧૫,૧૮,૨૦ પૃ. ૨૨૮,૨૨૯.

દેવતાઓની શાલા(આવાસ)ના મધ્યમાં વાસ બનાવવો જોઇએ. તથા [૨૦૧] દ્વિજાતિઓની શાલાઓના પાર્શ્વ(પડખા)માં વાસ હોવો જોઇએ.

જ્યારે દક્ષિણ તથા પશ્ચિમમાં શાલાઓ યુક્ત હોય તો તે [૨૦૨] સ્વસ્તિક કહેવાય છે.

જો શાલાઓ(આવાસ) પૂર્વ તથા દક્ષિણમાં અથવા દક્ષિણ તથા પશ્ચિમમાં યુક્ત હોય તો તે [૨૦૩] મૌલિક થાય છે.

ચારે દિશાઓમાં ચાર શાલાઓ(આવાસ) સંયુક્ત હોવાથી તે [૨૦૪] ચતુર્મુખ કહેવાય છે.


જો તેની સામે અંતરાલ(corridor) હોય તો તે મૌલિક થાય છે. જો તેમાં ઘણા જ ભદ્ર(portico) હોય તો તે [૨૦૫] સર્વતોભદ્ર કહેવાય છે.

જ્યાં દંડક આદિ ચાર શાલા(આવાસ) સંયુક્ત હોય તો તે [૨૦૬] વર્ધમાન કહેવાય છે. દંડક તથા પૃથક્ શાલા હોવાથી એકશાલા પણ કહેવાય છે.

વર્ધમાનના અંત સુધી ચતુશાલામાં સર્વ(બાર) [૨૦૭] તલ (મજલા) બનાવવા જોઇએ.

સ્તંભ ઇચ્છિત ઊંચાઇનો હોય અને તે ભીંત (દિવાલ)ના મૂળથી જોડાયેલો હોવો જોઇએ.[૨૦૮] સામે સ્તંભ હોય અને પાછળ ભીંત બનાવવી જોઇએ.

પ્રાકાર(compound wall)ની અંદર અથવા બહાર વેદિકા(platform) આદિથી અલંકૃત હોવી જોઇએ. આ પ્રાકાર(compound wall)થી સંયુક્ત હોવાથી [૨૦૯] દંડક કહેવાય છે.



૨૦૧-૨૦૯ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૩૫ શ્લોક ૨૨,૨૫,૨૭,૩૧-૩૩,૩૮,૪૬,૪૭ પૃ. ૨૨૯,૨૩૦,૨૩૧

પહોળાઇ દસ ભાગ તથા લંબાઇ બાર ભાગ હોય. મધ્યમાં આંગળાની પહોળાઇ બે ભાગ તથા [૨૧૦] લંબાઇ ચાર ભાગ હોય.

તેની બહારની ચારે તરફ એક ભાગમાં નંદ્યાવર્ત આકારના અલિંદ(વાડા) હોય. તેની બહાર પૂર્વથી શરૂ કરીને ક્રમથી [૨૧૧] ચારે દિશાઓમાં શાલા બનાવડાવવી જોઇએ.

પૂર્વ દિશાવાળી શાલા તરફથી ઉત્તરથી દક્ષિણ સુધી હોવી જોઇએ, અને તેનું લલાટ (કપાળ) દક્ષિણમાં હોવું જોઇએ. દક્ષિણવાળી શાલા પૂર્વથી પશ્ચિમ સુધી હોવી જોઇએ, લલાટ પશ્ચિમમાં હોવું જોઇએ. પશ્ચિમવાળી શાળા દક્ષિણથી ઉત્તરમાં હોવી જોઇએ, તથા મોં ઉત્તરમાં હોવું જોઇએ. ઉત્તરવાળી શાળા પૂર્વથી પશ્ચિમસુધી હોવી જોઇએ તથા તેનું નેત્ર [૨૧૨] પૂર્વમાં હોવું જોઇએ.

સર્વતોભદ્ર શાલા સમાશ્ર(ચોરસ) હોવી જોઇએ. તેના આઠ ભાગ કરવા જોઇએ, મધ્ય આંગણ ચાર ભાગનું હોય તથા ચારે બાજુએ એક ભાગનો અલિંદ(વાડો) હોય, શાલા બે ભાગ ચારે બાજુએ હોય, તેમાં ચાર [૨૧૩] વાસ હોય.

તેની બહાર ચારે બાજુના અલિંદ (વાડો) એક ભાગનો હોય. ચારે દિશાઓમાં અને ચારે ભદ્રો(દેવડીઓ)માં [૨૧૪] ચાર દ્વાર હોય.

ભદ્ર(દેવડી)ની પહોળાઇ ચાર ભાગ હોય અને તેના [૨૧૫] નિર્ગમ(બહાર નીકળી આવેલો ભાગ)નો બે ભાગ, ઊપરના તળ ઉપર ચઢવાને માટે ખૂણામાં એક ભાગનો સોપાન(સીડી, દાદર) હોય.

વર્ધમાન શાલાની અગિયાર પ્રકારની [૨૧૬] પહોળાઇ નવ અથવા દસ હસ્તથી શરૂ કરીને બે-બે હસ્ત વધારતા જઇ ઓગણત્રીસ અથવા ત્રીસ હસ્ત સુધી હોય છે.

મધ્યમાં આંગણાની પહોળાઇ બે ભાગ હોય તથા લંબાઇ ચાર ભાગ હોય. તેની બહાર ચારે બાજુ ચાર ભાગનો [૨૧૭] અલિંદ(વાડો) હોવો જોઇએ.

તેની બહાર ચારે બાજુની શાલાની [૨૧૮] પહોળાઇ બે ભાગ હોવી જોઇએ. તેની બહાર ચારે બાજુનો અલિંદ(વાડો) તે જ પહોળાઇનો હોવો જોઇએ.

તેની ઇશાન દિશામાં એક તલ તથા અગ્નિ દિશામાં બે તલ(મજલા) બનાવડાવવા જોઇએ. [૨૧૯] વાયવ્ય દિશામાં ત્રણ તલ તથા નૈઋત્ય દિશામાં પાંચ તલ(મજલા) બનાવડાવવા જોઇએ.

દક્ષિણ તેમજ પશ્ચિમમાં દંડક ચાર તલોનો હોય તથા પૂર્વ, ઉત્તર તેમજ મધ્યમાં [૨૨૦] તે એક તલ(મજલા)નો હોવો જોઇએ.

આ વર્ધમાનનું વર્ણન થયું. આ [૨૨૧] ક્ષત્રિયોને માટે ઉપયોગી છે.

પહોળાઇ બાર ભાગ તેમજ લંબાઇ તેનાથી બે ભાગ વધારે હોય. એક શાલાની આકૃતિ(નું હર્મ્ય) ત્રણથી પાંચ તલ(મજલા) સુધી ઊંચા ઉત્તરથી દક્ષિણ સુધી બનાવડાવવું જોઇએ તથા તેની પહોળાઇ ચાર ભાગ લંબાઇ છ ભાગ હોવી જોઇએ. અગ્નિ તેમજ વાયવ્યમાં તે ત્રણ તલ ઊંચો હોવો જોઇએ. તથા પશ્ચિમમાં મંડપ બે તથા ચાર ભાગનો હોવો જોઇએ તથા પાંચ તલ(મજલા) [૨૨૨] ઊંચા હોવા જોઇએ.

ઈશાનમાં તે એક તલ(મજલા)નો હોય. [૨૨૩] નૈઋત્યમાં સાત તલ (મજલા) ઊંચા હોય તથા તેના કૂટ(ટોચ) તથા કોષ્ઠ(ખંડ) પહેલાના સમાન હોવા જોઇએ.

૨૧૦-૨૨૩ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૩૫ શ્લોક ૧૨૭-૧૨૯,૧૪૨,૧૪૫,૧૪૬,૧૫૧,૧૫૪-૧૫૭,૧૬૫,૧૬૬,૧૬૯ પૃ.૨૩૬,૨૩૭,૨૩૮,૨૩૯,૨૪૦.

भीमरूप: ८
ईशान ८
चरकी १

आप: ९
ब्रह्मा: ९

हेतुक: १
इन्द्र: १
स्कन्द:

त्रिपुरान्तक: २
अग्नि: २
विदारी २

शिखी | पर्जन्य: | जयन्त: | इन्द्र | सूर्य: | सत्य: | भृश: | आकाश: | वायु:
दीति: | आप: ९ | | | | | | सावित्र: ११ | पूषा

आदीति: | आपवत्स: १ | अर्यमा २ | सावित्रा ३ | वितथ:

सर्प: | पृथ्वीधर ८ | १ ब्रह्मा | विवस्वान् ४ | गृहक्षत:
सोम: | | | | यम:
भल्लाट: | | | | गन्धर्व:

मुख्य: | राजयक्ष्मा ७ | मित्र: ६ | विबुधाधिप: ५ | भृगराज:

अहि: | रुद्र: १३ | शेष: | असुर: | वरुण: | पुष्पदन्त: | सुग्रीव: | जय: १२ | मृग:
रोग: | पापम् | | | | | | दौवारिक: | पितर:

एकपद: ७
कुबेर: ७
पिलिपिच्छ: ८

अर्यमा ६
यम: ३
अग्निवैताल: ३

पापराक्षसी ८
वायु: ६
कराल: ६

जृम्भक: ७
वरुण: ७
महाकाल: ७

अनन्त: १०
क्षितिरूप: १०

पूतना ३
निर्ऋति: ५
अग्निजिह्व ४

સ્તંભ(થાંભલા)ની ઊપર સ્તમ્ભ હોય તથા ભીંતની ઊપર ભીંત હોવી જોઇએ. [૨૨૪] સ્તંભની ઊપર જો ભીંત બનાવડાવવામાં આવે તો દોષ થાય છે. ભીંતની ઉપર સ્તંભ શુભ છે.

નૈર્ઋત્ય દિશામાં અગિયાર તલ(મજલા) હોય તથા ઇશાનમાં ત્રણ તલ હોય. [૨૨૫] આગ્નેય તેમજ વાયવ્યમાં પાંચ તલનો હોવો જોઇએ.

દક્ષિણમાં સાત તથા ઉત્તરમાં પાંચ તલ હોવા જોઇએ.[૨૨૬] પશ્ચિમમાં સાત તલ તથા પૂર્વમાં બે તલ હોવા જોઇએ.

• દ્વારસ્થાન વિધાન

દેવતાઓ, બ્રાહ્મણો આદિ વર્ણોના ઘર, રાજાઓ(ક્ષત્રિયો)ના ભવન, બધા પ્રકારના પ્રાકાર મંડપમાં ચારેય દિશાઓમાં [૨૨૭] ચાર દ્વાર તથા ઇચ્છાનુસાર બનાવડાવવા જોઇએ.

અંતરાલની મધ્યમાં દ્વારનું પ્રકલ્પન કરવું જોઇએ. દ્વાર દિવાલના [૨૨૮] મધ્યમાં બનાવડાવવા પર કોઇ દોષ થતો નથી.

મહેલ અથવા મોટા ભવનમાં દ્વાર ઢાળવાળી છતમાંથી બહાર પડતી બારી [૨૨૯] છતના ઇશાન ખૂણામાં સુવિધાપૂર્વક ખુલવી જોઇએ. જલદ્વાર(નાળી-ગટરની) નીચા પ્રદેશમાં દિવાલના નીચેના ભાગમાં બનાવડાવવી જોઇએ.

મુખ્ય ભવનમાં પ્રવેશદ્વાર બે હિસ્સાવાળું દક્ષિણમાં બનાવડાવવું જોઇએ. [૨૩૦] એક સીધી રેખા વચ્ચોવચ દોરીને તેના અન્તમાં દ્વાર બનાવડાવવું જોઇએ.

ઘરની લંબાઇ તેમજ પહોળાઇને નવ નવ ભાગોમાં વિભાજિત કરવી જોઇએ. ભવનનું મહાદ્વાર પૂર્વ દિશામાં [૨૩૧] મહેન્દ્રના પદમાં કરવું જોઇએ, અથવા મધ્ય રેખાની ડાબી બાજુ બનાવડાવવું જોઇએ.

ઈશ, પર્જન્ય, અદિતિ, ઉદિતિ, જયન્ત, મૃગમાં ઉપદ્વાર(નાનું દ્વાર, બારી) ઝરોખો, ખિડકી સહિત બનાવડાવવું. દક્ષિણમાં ગૃહક્ષતમાં મહાદ્વાર બનાવડાવવું જોઇએ અથવા મધ્ય રેખાની ડાબી બાજુ બનાવડાવવું જોઇએ. [૨૩૨] વિતથ, પૂષાણ, પાવક(અગ્નિ), અન્તરિક્ષ, મૃગ, સત્યમાં પૂર્વવત્ ઉપદ્વાર બનાવડાવવાં.

પશ્ચિમમાં પુષ્પદન્ત પદમાં મહાદ્વાર બનાવડાવવું. [૨૩૩] સુગ્રીવ, દૌવારિક, નૈઋત્ય, મૃગ, મૃગરાજ, ગંધર્વ અથવા વાયવ્યમાં ઉપદ્વાર, વાતાયન, ખડકી વગેરે બનાવડાવવાં.

ઉત્તરમાં ભલ્લાટ અથવા લંબાઇની મધ્યરેખાની ડાબી બાજુ મુખ્યદ્વાર બનાવડાવવું. [૨૩૪] મુખ્ય, નાગ, અનિલ, રોગ, શેષ, અસુરમાં ઉપદ્વાર બનાવડાવવું.

• દ્વારમાનસ્થાન વિધાન

દેવતાઓ, બ્રાહ્મણ આદિ વર્ણના ભવન(ઘર)ને માટે બધી પ્રકારની કુડ્ય(દિવાલ), ગોપુર(પ્રવેશદ્વાર) તેમજ મણ્ડપને માટે બધા પ્રકારના દરવાજા તથા ખડકી આદિના માપમાં સ્તમ્ભથી યુક્ત હોવા પર તેઓનું માપ [૨૩૫] બહારથી થાય છે. (પ્લાસ્ટરના બે બાજુના ભાગને બાદ કરો.)

૨૨૪-૨૩૫ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૩૫ શ્લોક ૧૭૭,૧૮૪,૧૮૫ પૃ. ૨૪૦, ૨૪૧, અધ્યાય ૩૮ શ્લોક ૨-૫,૮,૯,૧૨,૧૫ પૃ. ૨૫૦ અને અધ્યાય ૩૯ શ્લોક ૧ પૃ. ૨૫૨.

તેવીસ પ્રકારની દ્વારની ઊંચાઇ દોઢ હાથથી શરૂ કરીને છ-છ આંગળ વધારતા જઇ સાત [૨૩૬] હસ્ત સુધી હોય છે.

આ રીતે મોટા દ્વારનું વર્ણન થયું. હવે સત્તર પ્રકારની ઉપદ્વારની [૨૩૭] ઊંચાઇ એક હસ્તથી શરૂ કરીને ત્રણ-ત્રણ આંગળ વધારતા જઇ ત્રણ હાથ સુધી હોય છે.

તેર પ્રકારની વાતાયન(બારી)ની [૨૩૮] ઊંચાઇ બાર આંગળથી શરૂ કરી ત્રણ-ત્રણ આંગળ વધારતા જઇ બે હસ્ત સુધી થાય છે.

બધાં દ્વારની પહોળાઇ શુદ્ધદ્વારની ઊંચાઇની અડધી હોય છે અથવા મુખ્ય દ્વારનું માપ ભવનના મુખ્ય પાદના [૨૩૯] અનુપાત(પ્રમાણ)માં હોય છે.

નવ પ્રકારની કન્યસાદિ ઊંચાઇ, પ્રત્યેકમાં કન્યસાદિ ત્રણ-ત્રણ અઢી હસ્તથી શરૂ કરીને છ-છ આંગળ વધારતા જઇ [૨૪૦] સાડા ચાર હસ્ત સુધી હોય છે. આ મુખ્ય ભવનને માટે મુખ્ય દ્વારની ઊંચાઇ હોય છે.

આ સત્તાવીસ પ્રકારની દ્વારની ઊંચાઇ હોય છે. પ્રત્યેકમાં પહોળાઇ ઊંચાઇની અડધી હોય છે. [૨૪૧] આ જાતિને માટે મુખ્યદ્વારનું માપ કહેલું છે. હવે છન્દ તથા અન્યને માટે દ્વારના માપનું વર્ણન કરે છે.

છન્દને માટે મુખ્ય દ્વારની પહોળાઇ પચ્ચીસ આંગળથી શરૂ કરીને બે-બે આંગળ વધારતા જઇ એકસો તેવીસ [૨૪૨] આંગળ સુધી થાય છે.

વિકલ્પમાં દ્વારની પહોળાઇ એકવીસ આંગળથી શરૂ કરીને બે-બે આંગળ વધારતા જઇ એકસો એકવીસ [૨૪૩] આંગળ સુધી થાય છે.

દ્વારની ઊંચાઇ તેની પહોળાઇની બમણી હોય છે. આ પ્રત્યેકમાં સામાન્ય નિયમ છે. અથવા ઊંચાઇ બે ઘણીથી એક ચતુર્થાંશ અથવા અડધી વધારે હોવી જોઇએ અથવા દ્વારની ઊંચાઇ નવ ભાગ હોય તો પહોળાઇ [૨૪૪] પાંચ ભાગ હોવી જોઇએ.

વિદ્વાને લાકડા [૨૪૫] અથવા પથ્થરનું દ્વાર બનાવડાવવું જોઇએ.

બારણાની જાડાઇ એક, બે, ત્રણ, ચાર અથવા પાંચ હોવી જોઇએ.(પહોળાઇનો એક પંચમાંશ ભાગ)નું એક કે બે [૨૪૬] પાંખિયાંનું દ્વાર બનાવવું જોઇએ.

(બારણાના પાંખિયાંને માટે) બે પ્રકારની લાકડાની જોડી ઉપયોગી નથી. તેથી એક પ્રકારના લાકડાનો પ્રયોગ કરવો જોઇએ. જો બે પાંખિયાં હોય તો બંનેને માટે એક એક જ [૨૪૭] લાકડાનો પ્રયોગ કરવો જોઇએ.

જમણી બાજુનું પાંખિયું વધારે પહોળું તથા ડાબી બાજુનું પાંખિયું એક, બે અથવા ત્રણ આંગળ [૨૪૮] ઓછું હોવું જોઇએ.

શિખાની પહોળાઇ બંને પાંખિયાંના અન્તરની બરાબર હોવી જોઇએ. તેની ઊંચાઇ પહોળાઇથી બમણી હોવી જોઇએ. બધી શિખા ગોળાકાર હોવી જોઇએ તથા મૂળથી ઉપરની તરફ [૨૪૯] ઓછી હોવી જોઇએ.

પ્રાકાર પર મહાદ્વાર તેમજ ક્ષુદ્રદ્વાર પ્રત્યેક બે પાંખિયાંથી યુક્ત હોવાં જોઇએ. કીલભાજન (nail socket)ની લંબાઇ સાત આંગળથી

૨૩૬-૨૪૯ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૩૯ શ્લોક ૩-૫,૭,૧૨,૧૪-૧૬,૧૮,૪૬,૪૯,૫૦-૫૨ પૃ. ૨૫૨,૨૫૩,૨૫૫.

શરૂ કરી બે આંગળ વધારતા જઈ પચ્ચીસ આંગળ સુધી હોય છે. પહોળાઇ ત્રણ અથવા ચાર આંગળ હોવી જોઇએ. તેનાથી અડધી જાડાઇ હોવી જોઇએ તથા [૨૫૦] ઊંચાઇ ત્રણ, ચાર અથવા પાંચ આંગળ હોવી જોઇએ. આ કીલભાજનનું વર્ણન થયું.

હવે કીલનું વર્ણન કરવામાં આવે છે. કીલની લંબાઇ ભાજન(socket)ના બરાબર(પ્રમાણમાં) [૨૫૧] હોવી જોઇએ. પહોળાઇ ઇચ્છાનુસાર એક, બે અથવા ત્રણ આંગળ રાખવી જોઇએ.

જો એક પાંખિયું(બારણાનું) હોય તો કીલ [૨૫૨] જમણી બાજુ તથા દ્વારની નીચે લગાવે.

• ગૃહમાનસ્થાન વિધાન

ઘરની લંબાઇ તથા પહોળાઇમાં પરમશાયિકા (૮૧) [૨૫૩] પદનો વિન્યાસ કરવો જોઇએ.

બ્રહ્મસ્થાન છોડી દઇને બધાં સ્થાનો રહેવા માટે શુભ છે. [૨૫૪] આર્ય, વિવસ્વત, મિત્ર, ભૂધર એઓના ઉપર બ્રાહ્મણને માટે ઘર શ્રેષ્ઠ છે. રાજાઓના મુખ્ય ગૃહ વિવસ્વત, મિત્ર તથા ભૂધર પદોમાં બનાવડાવવા જોઇએ. [૨૫૫] આ પદ અન્ય જાતિઓને માટે ઉપયોગી નથી. આપવત્સ આદિ આઠ પદ પર અન્ય વર્ણોને માટે યોગ્ય છે.

ઇન્દ્રાદિ(ચાર દિશાઓ) [૨૫૬] બ્રાહ્મણોના નિવાસ માટે યોગ્ય છે. યમ(દક્ષિણ) તેમજ વરુણ(પશ્ચિમ) દિશાઓ ક્ષત્રિયોના નિવાસ માટે યોગ્ય છે.

વરુણ તેમજ શશ(ઉત્તર)[૨૫૭] વૈશ્યના નિવાાસ માટે યોગ્ય છે. નૈર્ઋત્ય, સોમ (ઉત્તર), ઈશ(ઈશાન) શૂદ્રના નિવાસ માટે યોગ્ય છે.

વાયવ્ય તેમજ અગ્નિ બધાના નિવાસ [૨૫૮] માટે યોગ્ય છે. ઉત્તર, ઈશાન, પર્જન્યમાં બધાનાં પચનાલય(રસોડાં)ને યોગ્ય છે.

વાયવ્ય બ્રાહ્મણોના દેવતાઓને માટે ભોજનનું સ્થાન છે. અદિતિ, ઈશ તથા (પિતૃ)દેવતાના [૨૫૯] અર્ચન(પૂજન)નું સ્થાન છે.

ભલ્લાટ, મૃગ બ્રાહ્મણની ગૃહિણીના ઘરનું સ્થાન છે. ગન્ધર્વ, ભૃંગરાજ, મૃગ, અન્તરિક્ષ એ બધામાં [૨૬૦] રાજાઓની મહિષી(રાણી)ના વાસનું સ્થાન છે.

સત્ય, અન્તરિક્ષ બધાને માટે શયનનું સ્થાન છે. શેષ(શોષ), અસુર, વરુણ બધાને માટે [૨૬૧] વાસનાલયનું સ્થાન છે.

સોમ, મૃગ સોનું તથા રત્ન [૨૬૨] રાખવાનું સ્થાન છે. નાગ બ્રાહ્મણોને માટે હવનનું સ્થાન છે.

અદિતિ બધાને માટે સ્નાનનું [૨૬૩] સ્થાન છે. તે જ સન્ધિનું સ્થાન છે, તથા તેની બહાર ચરણાલયનું સ્થાન છે.

પૂષણ તેમજ વિતથમાં [૨૬૪] ગાયનું સ્થાન છે.

રુદ્ર, રુદ્રજય છોકરીઓના આલય(ઘર)નું સ્થાન છે. [૨૬૫] સવિત્ર, સાવિત્ર પુત્રોના રહેઠાણનું સ્થાન છે.

મૃગ બધાને માટે વિદ્યાના [૨૬૬] અભ્યાસનું સ્થાન છે.

ઈશના બહારના સ્થાન પર સ્થાન મણ્ડપ(audience hall)નું સ્થાન છે. [૨૬૭] સોમમાં વિલાસના મણ્ડપનું સ્થાન છે.

દ્વારના દક્ષિણમાં રક્ષક [૨૬૮] (police)ના આલયનું સ્થાન છે.

૨૫૦-૨૬૮ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૩૯ શ્લોક ૫૮-૬૧ પૃ. ૨૫૫ અને અધ્યાય ૩૬ શ્લોક ૮-૧૩,૧૫,૧૬,૧૯-૨૧,૨૩ પૃ. ૨૪૪.

વરુણ, પુષ્પદન્તમાં યુવરાજના ઘરનું સ્થાન છે. [૨૬૯] મહેન્દ્ર, પુષ્પદન્ત, મુખ્ય, ગૃહક્ષતમાં બધાને માટે દ્વાર શુભ છે.

વાયવ્ય, ભલ્લાટ, નાગમાં નૃત્યને માટે [૨૭૦] મણ્ડપનું સ્થાન છે.

મુખ્યમાં બધાને માટે [૨૭૧] મંદિરનું સ્થાન છે.

૦ ગૃહપ્રવેશ વિધાન

ઉત્તરાયણ તથા દક્ષિણાયનમાં મિથુન, ધનુ, કન્યા તથા મીનના માસ (સૂર્ય ઉપર્યુક્ત રાશિઓમાં ભ્રમણ કરતો હોય ત્યારે) [૨૭૨] વર્જિત છે.

પ્રશસ્ત(શ્રેષ્ઠ) પક્ષ, નક્ષત્ર તથા સુમુહૂર્ત તેમજ શુભલગ્નમાં જ્યારે ચન્દ્રમા સ્થિર [૨૭૩] રાશિ તેમજ શુકલપક્ષમાં હોય ત્યારે પ્રવેશ કરવો જોઇએ.

સ્થપતિ તેમજ સ્થાપક ગૃહપ્રવેશનું નેતૃત્વ કરે. [૨૭૪] ગૃહના અગ્રભાગમાં મંડપ, પ્રપા (shed) અથવા કૂટ (pinnacled structure) બનાવડાવે.

આ ગૃહના અગ્રભાગની સામે તથા પાંચ, સાત અથવા નવ હસ્ત લાંબો હોવો જોઇએ તથા [૨૭૫] સોળ અથવા બાર સ્તમ્ભથી યુક્ત હોવો જોઇએ. ઘરને ગાયના છાણથી [૨૭૬] લીંપવું જોઇએ.

વાસ્તુના મધ્યમાં શિલ્પી સાધારણ બલિ આપે. [૨૭૭] સ્થપતિ આપ(વત્સ) આદિ આઠ પ્રભુનું પૂજન કરે.

અર્યમા આદિ ચાર દેવોને સ્થાપક બલિ આપે. [૨૭૮] બ્રહ્મા વગેરે બીજા દેવતાઓની પણ વિધિવત્ પૂજા કરે.

વાસ્તુદેવતાની તૃપ્તિને માટે વાસ્તુહોમ કરવો જોઇએ. ઘરમાં બધી બાજુએ અગ્નિ પ્રજ્જવલિત કરીને શુદ્ધ કરે પછીથી જલથી સંપ્રોક્ષણ [૨૭૯] કરીને (છાંટા નાખીને અભિમંત્રિત કરવું) પુણ્યાહવાચન કરવું જોઇએ. પંચગવ્યથી સ્થપતિ સ્થાપકની સાથે [૨૮૦] સંપ્રોક્ષ્ય કરે. પંચગવ્યની અલગથી પાદ પ્રક્ષાલન કરે. વિધિવદ્ આચમન કરીને મણ્ડપમાં [૨૮૧] પ્રવેશ કરે.

ભૂમિ(પ્રસ્તર) પર શુદ્ધ શાલી(ચોખા)થી સ્થણ્ડિલ મણ્ડલ બનાવવું. (circular mark on square plot) નવ કુંભ શુદ્ધ જળથી [૨૮૨] ભરીને સૂત્ર તથા નવીન વસ્ત્રથી પરિવેષ્ટિત કરે. તેઓ નાળિયેર તથા અન્ય ફળોથી યુક્ત તથા કૂર્ચ તેમજ [૨૮૩] પલ્લવ(પાન)થી યુક્ત હોય. પચ્ચીસ પદમાં શુદ્ધ તણ્ડુલ(ચોખા)નો ન્યાસ કરે(ભરે). તણ્ડુલપર કુશ પૂર્વે કહેવા અનુસાર વિખેરે. [૨૮૪] બ્રહ્માથી શરૂ કરી તણ્ડુલ પર તે નો કલશ મૂકે.

દેવતાઓની પ્રતિમા (વિશેષતઃ) સુવર્ણ(સોના)ની બનાવડાવે. તે જુથ જુદા વસ્ત્રોથી વિભૂષિત હોય તથા [૨૮૫] તેઓની મન્ત્રોથી પૂજા કરે.

કર્તા પોતાની પત્ની સહિત ઉપવાસ કરે, શુદ્ધ પાણી રાત્રિમાં(આગળની)પીએ. [૨૮૬] ફરી આગલે દિવસે ઉપવાસ કરે.

ભર્તા ગૃહિણી સહિત હાથમાં હાથ લઇને પોતે મુખ્યગૃહ સ્તંભને [૨૮૭] સ્પર્શ કરે.

બ્રહ્માદિ દેવતાઓનું પૂજન સ્થપતિ તેઓના નામના મન્ત્રની પહેલાં ૐ તથા અન્તમાં [૨૮૮] નમઃ લગાવીને કરે.

૨૬૯-૨૮૮ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૩૬ શ્લોક ૩૩,૩૭,૪૧ પૃ. ૨૪૫, અધ્યાય ૩૭ શ્લોક ૨-૬, ૮-૧૦, ૧૨પૂ.ઉ., ૧૩-૧૮,૨૧ પૃ. ૨૪૭,૨૪૮.

વિદ્વાન્ મધ્ય કુમ્ભમાં હલ્લેખા(the deity of one's heart)નું વિધિવત્ પૂજન કરે. [૨૮૯] તેમને ગન્ધ, પુષ્પ, અર્ધ્ય, ધૂપ, દીપ અર્પણ કરે. તેઓને ખીર, ઓદન(ભાત), તાંબૂલ, વગેરે પણ નિવેદન કરે. નૃત્ય, ગીત, વાદ્યાદિ, જયજયકાર, મંગલશબ્દાદિ [૨૯૦] ગાવા વગાડવાની મધ્યમાં અગ્નિકાર્ય સ્થણ્ડિલમાં પૂર્વ દિશામાં કરવું જોઇએ. સમિધ, આજ્ય(ઘી), ચરૂ (ઉકાળેલ ભાત) [૨૯૧] તલ, ધાણી આ પાંચ દ્રવ્યોથી પ્રત્યેકની અઢાર આહુતિઓ આપે. શક્તિબીજના આરંભમાં ૐ તથા અંતમાં સ્વાહા લગાવીને [૨૯૨] ઉચ્ચારણ કરવું જોઇએ. પૂર્ણાહુતિ શક્તિમંત્ર ગાયત્રીથી કરવી જોઇએ. [૨૯૩] અધિવાસન કુંભના જળથી અભિષેક કરવો જોઇએ.

તે(સ્થપતિ) પાદપ્રક્ષાલન કરીને સકલીકરણ બધી વસ્તુઓને ભેગી કરે, ધૂપ, દીપ, ગન્ધ, પુષ્પ તથા અક્ષત સહિત દેવતાઓને અર્પણ કરે. [૨૯૪] બ્રાહ્મણ યથાશક્તિ સ્વસ્તિવાચન કરે.

યજમાન પોતાના અનુચરો સાથે જય જયકાર મંગલઘોષ શબ્દ સહિત ગૃહની [૨૯૫] પ્રદક્ષિણા કરે.

ગૃહદ્વારની સામે ઊભો રહીને અથવા પ્રદક્ષિણાના સમયે યજમાન હાથ જોડીને લક્ષ્મી તેમજ તેના સ્વામીથી વરની પૂર્તિને માટે [૨૯૬] પ્રાર્થના કરે. પ્રાર્થના [૨૯૭] મન્ત્રઃ-

हे लक्ष्मि गृहकर्तारं पुत्रपौत्रधनादिभिः ।
संपूर्ण कुरु चायुष्यं प्रार्थयामि नमोऽस्तु ते ॥

તે પછી સ્થપતિ તેમજ સ્થાપક યજમાનને નૈવેદ્યનો શેષ(બચેલો) ભાગ આપે. [૨૯૮] ગૃહપ્રવેશના અવસર પર તાંબૂલ સહિત સ્થપતિ, સ્થાપક તેમજ વિશેષે કરીને બ્રાહ્મણને દક્ષિણા આપે.

સર્વ મંગળ ઘોષની મધ્યે ગૃહમાં પ્રવેશ કરે. બન્ધુ તેમજ મિત્રજન સહિત [૨૯૯] બ્રાહ્મણોને ભોજન કરાવે. ઘરમાં પ્રવેશની પછી કર્તા સ્વયં પોતના હાથે વસ્ત્ર, આભૂષણ, વાહન આદિ [૩૦૦] સ્થાપક તથા બીજાઓને આપે.

પછી સ્થપતિ સ્થાપક સહિત કર્તાને કહે કે ''युष्मभ्यः प्राप्तवान् गृहम् ।'' [૩૦૧](આપે ઘર પ્રાપ્ત કર્યું છે.) આટલું કહીને તેઓ પ્રસ્થાન કરે.

ETI SHUBHAM


૨૮૯-૩૦૧ જુઓ. "માનસાર"ની ઉપર્યુક્ત ઇન્દોરની આવૃત્તિ, અધ્યાય ૩૭ શ્લોક ૨૨-૨૬,૩૧-૩૬, ૪૦-૪૨ પૃ. ૨૪૮, ૨૪૯.

PROGRESSIVE THOUGHTS FROM SAMARANGANA SUTRADHARA IN RELEVANCE TO TOWN PLANNING

Dr. Vaijayanti Shete
Department of Art History & Aesthetics
Faculty of Fine Arts
The M.S. University of Baroda, Vadodara
Vastu Scholar, Astro Science and Historical Monuments

Doors and windows are cut out
in the walls of a house,
And because they are empty spaces,
we are able to use them.

- TAO - TE - CHING



• Progressive thoughts from Samarangana Sutradhara in relevance to town planning

Exploring highly developed progressive thinking in Indian heritage, medieval compilations help us to acknowledge organized inhabitations at large. Resources from Samarangana Sutradhara attributed to a versatile king Bhoja from Malwa show connectivity in technical science and the process of urbanization. If city, citizen and citizenship are supposed to be a trinity round which laying and designing of the cities; construction of the houses, revolve, by all means Samarangana contributes unanimously.

In fact a city is a distinct habitational unit with its specific traits as conceived by scholars in the context of urbanization, developed after Mauryan times. "The idea of a town with streets containing regular shops on the sides also appears to have been incorporated in Indian cities at a subsequent date." To go back to literary context Panini, famous Sanskrit grammarian, mentions in his Ashtadhyayi – nagar (city), grama (village) in the sutra Pracham grama nagaram (7:3:14). Still it is difficult to distinguish differences in the historical background between the settlements called nagaram and those called gramas. However in the pali literature the use of the terms like Kasi-grama (Varanasi), and Kushinagar, the latter is stated to be a Kudda. The inferior settlement (nagaraka) with wattle and daub houses, with defenses made of wild shrubs and bushes. Kasi (Varanasi) is known only a grama which was certainly an urban habitation around the 5th century BC.

Further Patanjali in 4th century BC. Clarifies the situation while commenting on Panini's above quoted sutra. Patanjali suggests that a city or a village has to be specified on the basis of population as accepted by the people of the locality. Viz.

न तु च मो य एव गामस्थनगरं । कथं ज्ञायतेऽत्र लोकत: तत्राति निर्वधतो न लभ ।

Samarangana Sutradhara is a manual on science of architecture – temple architecture as well as city architecture. The text enunciates canons of the planning; the towns, temples and the residential houses, with its manifold

of the cities, gardens, supply of the water etc.

Towns developed with a distinct and definite socio-political and religio-cultural need. Some of the regions came to existence as capital sites, or commercial centers, harbors, the ports as well as industrial units. In the same way temple cities, garden cities, health resorts etc. do grow as per their special significance. Town planning is a civil art and civil architecture, though forest hermitages and caves in mountain made prominent living modes of life still growth of well-planned cities are also noticed for the Nagarkas to live and to cultivate. The use of the word grama appears to be a village. Villages were connected to gather by roads. They were full of cattle, horses and domestic animals. Grain was stored in them. Villages were probably open, which means without fortification. Grama may be regarded as the aggregate of several families and only a clan as such!

Sometimes a village develops into a great town or a simple shrine is seen converted into a temple city. Natural advantages and easy communications are the main factors for the change in the village. A market, a temple, facilities to easy across sand conveyance, especially by water; navigable rivers or seas may be accepted in this context.

In the Samrangana Sutradhara ch. XVIII titled Nagaradiesanjna following synonyms have been mentioned for twon or city,

Nagara	Pushkar	Sadana
Mandira	samparaya	sadma
Durga	Niwas	kshya or kshitilaya

Word like sadana, sadma etc. indicate a group of houses develop into a village and then emerge into a fully grown up town. So also the word pushkara shows the affinity of rivers to a village. Mandira, samparayam has the nucleus of the temple city.

Practically all the shilp-works are unanimous in categorizing a town in three divisions namely a pura, a kheta and a grama. Vide SMS. Ch. 10.79-80

नगरस्य विभागोऽयं यथावत् समुदीरितः ।
खेटं तदर्धविष्कम्भहुर्गामं तदर्धतः ॥ ७९

योजनेन पुरात् खेटं खेटाद् गामं पचक्षते
गव्यूति परिमाणेन गामाद गामं पचक्षते ॥ ८०

However, the text under discussion takes up a special scheme of the layout. On the basis of relative measurement of the viskambha and the border distances these of towns are distinguished. So according to the text half of the Viskambha of the town is kheta while Grama is known by the half of the kheta. Kheta may be laid out on a distance of one yojana from the town proper. The pura, same law is applied for the distance in Grama and Kheta. Again the distance of two krosa is recommended in case of two villages. Still town (pura) is divided into three classes – large, medium and small. This classification depends on the relative size. Samarngana Sutradhara prescribes the length of each type. Viz_ The large one consists 4000 capas length about 4000 square yards. The medium variety is of two thousand capas and the last one's length is one thousand capas. The text instructs about the breadth to all the varieties as 1/8, ¼, ½ of the length.

Ch. 10.3

साष्टमांशं सपादं वा सार्धं वा व्यासमायतम् ।
कुर्यादकैकमायामं चतुरास्त्रीकृतं शुभम् ॥

Bhoja is not defining the categories of towns; rather the author enumerates each form in the text perhaps anticipating

well known recognized towns such as Rajadhani, Sakhanagara, Pattana, and Puta bhedana. All these towns are very well brought out in other silpa texts like Mayamatam and shilpa ratna.

Of course Rajadhani is a big town, it is a seat of king or government: Sakhanagara is a place on the outskirts of a forest or a nagar, where townsmen lives which has agricultural lands, gardens and mines. Among sakhanagara karvat, Nagama and grama sub-varieties are included. Nigama is a place where members of the four castes artisans and laborers reside by various industries. So also it abounds in articles of trade, treasures and food-grains. Grama according to Bharata is a place where many members of the Brahmin and other castes reside and which is not protected by remarts or a moat. While Markandeya purana is differs specifically in enumerating. Grama, a place where sudras reside in great numbers and where agriculturists reside in large numbers and which is situated in the midst of agricultural lands. Mayamata prescribes Grama, Ketaka and Kharvata. Therefore Kharvata is to be known as the centre of the kingdom.

Samrangana Sutradhara takes special note of the pattana and putabhedana types of towns. Therefore the text mentions pattana as the second residence ofhte king while putabhedana a commercial centre. But shilparatna illustrates pattana in the form of the city full of various articles of merchandise and treasures situated near the water of the ocean (sea cost town) and containing seafaring merchants. It's replete with jewels, wells, silk, perfume. Samarangana Sutradhara is not excluding other habitations in the vast area. To altar safety valve in cases of sudden stir relieve the pressure connecting channels. The classification is based on the number of Dvija inhabitants of the place sometimes on its area and at other times on the perimeter of the site on which the village stands.

Round the village runs, a street which is called – maharqyaa highway, the two main streets, running from east to west and north to south interact each other in the name of the villages or town and it is the ba'hmasqaana place where the temple is situated or where there is a pithas to which the townsmen or the villages reset to chat and talk about the occurrences of the day. It is the place where the elders of the village meet and discuss the local affairs. The residential of large towns or cities meet in parks outside the inside the city.

The principal roads run from east to west so that the sun's rays fall on them from morning till evening and purify them. The shatter streets running from north to south and intersecting the long over same as excellent passage for circulating the airs.

Wells could be according to the shastras dug any where without any restriction for a copious supply of water. Tanks are not only used for agricultural and washing purposes but for providing drinking water, also for equalizing the temperature. Some of the habitant groups are in the forests or on the outskirts of villages and towns. They are pallis and pallikas.

After talking about towns, cities, now the author deals with the choice of a site for the construction of a building or in other words the regional planning. The planning of a town or a habitation, fort, city or any variety of group residence should take into consideration its location first. Surroundings, or climate, soils, vicinity, etc. also play a significant role in planning. Details concerning the color of the soil, its taste, smell and fertility, the direction

in which, it slopes; are as important as the location of the site. In the beginning Samarangana Sutradhara surveys the solid conditions and their examinations. From this it is clear that the choice of a site was so easy matter. The builder has to make a very close and minute observation of the soil. The fertility of the soil, the strength of it, and the ease with which water could be procured by sinking wells in it were also to be determined by the builder. Accordingly Samarangana Sutradhara elaborately deals with this topic the chapter on Bhupariksha divides the land (Desa) in to three varieties (1) Jangala, (2) Anupa and (3) Sadharang.

Ch. 8.2

देश: स्याज्जांगलानूप साधारण तया त्रिधा ।
त्रिविधस्याव्यथैतस्य यथावल्लक्ष्म कथ्यते ॥

Therefore the land almost barren, where well water is too far, to be accessible the wind is dry hot and violate and the soil is black in color is called Jangala. The region opposite that is with ample water, easy access, with beautiful landscape, cool climate, with rivers all around plenty trees is known as Anupa. A combination of these two characteristic is Saharana. Further Samarangana Sutradhara classifies the land into 16 types Balisasvamini, Bhogya, Sitagocara, rakshini, Apasrayavati, Kanta, Khanimati, Atmadharini, Vanika, prasadhita etc. Thus the examination of the soil inculcates climatic and geographical survey more or less. The author of the text emphasis on the features of the unsuitable soils, those to be avoided. The impart of the all these directions reminds impurity, insanitation, sterility or barrenness, hollowness, etc. which mar the solidity of the ground. Again precautions are taken for the removal of any possible flood or erosion. Here comes the proclivity of the ground. Therefore Samarangana Sutradhara (8.66),

Refers to this point in the words and suggests that the slope of the land is preferred in North or Northeast or East proper. Opposite constructions brings poverty, disease and death.

Road planning:

Streets and their arrangements from one of the important aspect of town planning. Interestingly ancient sthapatis were careful about this vital principle. There were highways for traffic. They demarcate the plots for buildings. They serve as attires of free ventilation.

Samrangana Sutradhara prescribes 34 roads in a model town. These roads run from east to west as well as south to north. Always the priority is to the Raja-Marga or Maharathya; which is located in the central. Its dimensions are also mentioned as 24, 20 and 16 hastas in a hierarchical order. It should be wide enough when any procession or army is passed on. Firmness is acquired through the use of gravel (kasma sarkana). Still there are two more highways, covering the measurements of 12, 10 and 8 hastas. Addition to this four lanes are made known by the term yana-margas. This yana-margas consist two jangha-pathas – the foot paths and both of them are visible on both sides of the marga. Still two more streets are enumerated Ghanta-margas. Usually they run along the boundary wall. The text enjoins a number of lanes and bye lanes in order to provide

space, ventilation etc. All the main paths run in a rectangular chess-board system. That is they are laid in paralled rows cutting one another at right angles. Viz, Jaya pore, Ayodhya. Ch (X.12)

The centers of the town were reserved for imperial places, gardens etc. The intervals of the long roads were filled with some architectural objects, like temples, towers or tall trees, or assembly halls, or public buildings. Thus the nagara is beautified however such a road planning serves the function of cultural life. (SMS X.8)

There were drains on both sides of the roads. It is to be remarked that separate portion of the town are allotted for the residences of various castes as well as specific places were assigned for selling the articles.

Remarkably Bhoja has referred to scheme of professional habitations along with the establishments of the casts on the eight blocks, on the eight quarters. To illustrate the allotment of the residences, it may observed as...

South	- Gold smiths,
East	- Other such artisans together with army,
South	- Vasyas, potters, cart-wheels, dice players, dancers, actors along with the sresthis.
Southwest	- The shepherds, the hunters, fishermen, those belonging to the department of punishment,
West	- Charioteers, soldiers, head of treasury, the Mahamatyas, the videsika and the artists.
Northwest	- People belonging to the public walls department, laborers, distillers. Sellers of wine, head of the police and other officers.
North	- Hermitages of ascetics, brahmnas, assemble hall, water-shed, priest, astronomer, etc.
Northeast	- Sellers in commodities like clarified butter and fruits.
East	- The royal dignitaries, the prime-minister, commander in chief.

As regards to the caste-oriented settlement the text recommends the following directions..

Brahmans	- North
Ksatriyas	- Southeast
Vaisyas	- South
Sudras	- West

According to the text this was an ideal arrangement for healthy and efficient functioning of the corporate life of the people. Such a social stratification might have helped uniformity of life and economic progress. A separate block or a site was reserved for a guild.

(Ch. 15)

अग्ने: ककुभमाश्रित्य कार्यं वायोर्महानसम् ।
सभाजनाश्रयं विदध्याद् भोजनास्पदम् ॥ १९

